પુનિત પત્નીઓ

(અઝ્‌વાજે મુતહ્હરાત)

રઝિયલ્લાહુમા

• લેખિકા •
ફર્ઝાના અહ્‌સન

• અનુવાદ •
ઝહીરુદ્દીન શેખ

અનુક્રમણિકા

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

પ્રસ્તાવના

રસૂલુલ્લાહ સ.અ.વ.ના કૌટુંબિક જીવનમાં જે મહિલાઓ સામેલ થયાં તેમની ઉપર ઘણું લખાઈ ચૂકયું છે, ઘણું બધું લખવામાં આવશે. પરંતુ દરેક નવું લખાણ પોતાની લાગણીઓ અને ભાવનાઓ તેમજ અર્થઘટન અને શૈલીની નવી દિશાઓ શોધે છે. આ વિચારણા હેઠળનો મુસદ્દો જ્યારે મારી નજરેથી પસાર થયો ત્યારે મેં બે વાતો, ખાસ કરીને, આમાં હકારાત્મકત જોઈ. તે આ કે કિસ્સાઓના વર્ણનની રસિકતા જાળવવાની સાથે તેના પ્રકાશમાં લેખિકાએ આપણાં સમાજમાં રહેલી ખરાબીઓ તરફ આંગળી ચીંધી છે તથા રસૂલુલ્લાહ સ.અ.વ.ના કૌટુંબિક જીવનમાં આપણા સામાજિક જીવન માટે ઉદાહરણો પણ શોધ્યાં છે. ઉમ્મહાતુલમુ'મિનીનના ચારિત્ર્યોને ધ્યાનપૂર્વક વાંચવામાં આવે તો આપણાં કૌટુંબિક જીવનની સમસ્યાઓનાં પુષ્કળ ઉદાહરણો શોધ્યાં છે. ઉમ્મહાનુતમુ'મિનીનના ચારિત્ર્યોને ધ્યાનપૂર્વક વાંચવામાં આવે તો આપણાં કૌટુંબિક જીવનની સમસ્યાઓનાં પુષ્કળ ઉદાહરણો જોવા મળે છે અને દરેક જગ્યાએ આપણને રસૂલુલ્લાહ સ.અ.વ. અને આપની પુનિત પત્નીઓ માર્ગદર્શન પૂરૂં પાડતાં દેખાય છે.

લેખિકાએ ખૂબ જ જહેમતપૂર્વક પ્રમાણભૂત ઇતિહાસો અને કિસ્સાઓ એકત્ર કર્યાં છે. ભારેભરખમ ઇલ્મી બહેસોને ટાળીને માત્ર સામાન્ય ચારિત્ર્ય ઉપર સમીક્ષાઓ કરી છે, જે વાસ્તવિક જીવનની વધારે નજીક છે. દરેક જગ્યાએ નિકાહોની પાછળના સંજોગો વર્ણવવાના કારણે, સેકયુલર વિચારધારા ધરાવતા લોકોનાં મિથ્યા આક્ષેપોનું ખંડન પણ થઈ ગયું છે. આપ સ.અ.વ.ની પુનિત પત્નીઓ રઝિ. લોકો માટે આદર્શ હતાં. કેટલીક પરિસ્થિતિઓમાં વૃદ્ધ, કમજોર અને નિરાધાર મહિલાઓને આશ્રય આપવામાં આવ્યો અને અમુક સંજોગોમાં કબીલાઓ સાથે સંબંધોને સારા બનાવવા અને કાયમ કરવાની વ્યવસ્થા કરવામાં આવી અને કેટલીક જગ્યાએ કુરિવાજોને નિર્મૂળ કરવાનો ધ્યેય હતો !

આ પુસ્તકનું વાંચન ખાસ કરીને એ બાળાઓ માટે ફાયદાકારક નીવડશે જેમનાં લગ્ન થવાના છે અથવા થઈ ચૂક્યાં છે. કેમ કે આમાં એવાં આદર્શ કૌટુંબિક જીવનો પ્રસ્તુત કરવામાં આવ્યાં છે જે કયામત સુધી આપણાં માર્ગદર્શક છે. કેમ કે જો ઘર સુધરી જાય તો સમાજ સુધરી જાય છે અને જો સમાજ સુધરી જાય તો કોમોની તકદીર બદલાઈ જાય છે. એ જ કોમો અપમાનિત અને ફજેત થાય છે, જેમની માતાઓ ઘરને શાંતિવિહોણું અને બાળકોને વિચારસરણીથી ખાલી ચારિત્ર્યો આપે છે. અને આપણી કોમ સૈકાઓથી એ વળાંક ઉપર ઊભી છે જ્યાં આ કોમની માતાઓ સામૂહિક રીતે પોતાનું હકારાત્મક ભાગ ભજવી શકતી નથી. હું આશા રાખું છું કે જો આ પુસ્તિકા નિખાલસતાપૂર્વક આપણી મહિલાઓ વાંચશે તો તે ઉત્તમ માતાઓ સાબિત થશે અને આમાં જ આપણાં સમાજની ભલાઈ છે.

- ઉમ્મે ફારૂક

પ્રકાશકના બે શબ્દો..

હઝરત મુહમ્મદ સ.અ.વ. એક એવું આદર્શ વ્યક્તિત્વ છે, જેમના વિશે વિવિધ જમાનાઓમાં વિવિધ પાસાઓને આવરી લઈ ઘણું બધું લખાયું છે. છતાં કલમની તરસ છિપાઈ નથી. ઈસ્લામે હઝરત મુહમ્મદ સ.અ.વ.ને જીવનના દરેક ક્ષેત્રોમાં સમગ્ર માનવતા માટે એક નમૂના રૂપે પ્રસ્તુ કર્યા છે. આ તમામ ક્ષેત્રોમાં પારિવારિક જીવન એક મહત્ત્વનું વિભાગ છે. ઈચ્છિત શાંતિપૂર્ણ સમાજનું નિર્માણ સુંદર પરિવારની રચના વગર શક્ય નથી, અને એ પરિવારને ઉત્કૃષ્ટ બનાવવામાં સ્ત્રીની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. ઈસ્લામ સ્ત્રીને ચરિત્રના જે ઉચ્ચ સ્થાને બિરાજમાન કરે છે તે જાણવું જ રહ્યું. સહાબિયાત (આપ સ.અ.વ.ની સ્ત્રી અનુયાયીઓ) રદિ. પણ આપણા માટે દીવાદાંડી સમાન છે. એમાંય ઈર્ષ્યા પાત્ર જીવન હઝરત મુહમ્મદ સ.અ.વ.ની પુનિત પત્નીઓ એટલે ઉમ્મહાતુલ મુ'મિનીનનું છે. તેઓ સાધારણ સ્ત્રીઓ ન હતા. બલ્કે ખૂબ જ ઉચ્ચ મરતબા વાળા, બહુ જ લજ્જાશીલ, ચરિત્રવાન, ખુદ્દાર અને પયગમ્બરે કાયનાત સ.અ.વ.ના જીવન ઉદ્દેશ્યના સહભાગી હતા. આ મહાન મહિલાઓના લીધે આપ સ.અ.વ.ના ખાનગી અને કૌટુંબિક જીવનને આપણે નજીકથી જોઈ સમજી શકીએ છીએ. તેઓ એકબીજાની સોતન હોવા છતાં તેમના હૃદય એકબીજા માટે અરીસા જેવા હતા.

ભૌતિકવાદી પશ્ચિમી જગતની મહિલાઓના ચહેરા, રંગ અને સૌંદર્ય પ્રસાધનોથી ભરેલા છે. પરંતુ આંતરિક સ્વ-અશ્લીલતા અને ઘૃણાસ્પદ અટકચાળાઓથી ઘાટા છે. આવી સંસ્કૃતિની ચાહક મહિલાઓ ક્યારેય સફળતા અને સુખ પામી શકતી નથી. એ જ મહિલાઓ આપણા માટે અનુકરણીય હોઈ શકે જેમના ચરિત્રથી જીવન હેતુપૂર્ણ અને વાસ્તવિક જવાબદારીઓ અદા કરવાને લાયક બને છે. આ બાબતે આપ સ.અ.વ.ની પુનિત પત્નીઓનું જીવન અનુકરણીય છે.

લેખિકાએ રિસાલતના પ્રકાશથી સુશોભિત ઉમ્મહાતુલ મુ'મિનીનના જીવન

ચરિત્ર ઉપર જે પ્રકાશ પાડ્યું છે તે ટૂંકમાં હોવા છતાં ખૂબ જ પ્રભાવશાળી છે. હૃદયસ્પર્શી અને પ્રમાણભૂત ઘટનાઓને એકત્ર કરવામાં તેમણે કરેલું પરિશ્રમ પ્રથમ નજરે જ દેખાઈ આવે છે. અલ્લાહ તેમની મહેનતને કબૂલ ફરમાવે. આ પુસ્તિકા પ્રકાશિત કરવાનું એકમાત્ર ધ્યેય આ છે કે મહિલાઓનું ચરિત્ર ઘડતર થાય અને શ્રેષ્ઠ ખાનદાનનું નિર્માણ થાય. મને આશા છે કે વાચક મિત્રો તરફથી આ અંગે સારો પ્રતિસાદ મળશે. પુસ્તિકામાં કોઈપણ પ્રકારની કોઈ ત્રુટી કે ખામી દેખાય તો પ્રકાશકનું ધ્યાન દોરશો.

શકીલઅહમદ રાજપૂત
ચેરમેન, ઈસ્લામી સાહિત્ય પ્રકાશન

ઉમ્મુલ મુ'મિનીન
હઝરત ખદીજા
(રદિયલ્લાહુતઆલા અન્હા)

ઇબ્ને સઅદે યાહ્યા બિન ફુરાતનો હવાલો આપીને એક રિવાયતમાં એ સમયના ઇસ્લામનું ચિત્ર દોર્યું છે જે અફીફ કુંદીએ વર્ણવેલાં શબ્દોમાં નીચે મુજબ છે:

"હું જહાલતના સમયમાં મક્કા આવ્યો કે પોતાની પત્ની માટે અત્તર અને કાપડ ખરીદીને લઇ જાઉ. અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ રદિ. પાસે રોકાઈ ગયો. સવારનો સમય હતો, મારી નજર કા'બા તરફ હતી. અબ્બાસ પણ સાથે હતા. એવામાં એક યુવાન માણસ આવ્યો, પોતાનું માથું આકાશ ભણી ઊંચું કરીને જોયું અને પછી કિબ્લા સામે મોઢું કરીને ઊભો થઈ ગયો. થોડા સમય પછી એક છોકરો આવ્યો અને એ મેદાનની જમણી બાજુ ઊભો થઈ ગયો. થોડીવાર થઈ ન હતી ત્યાં એક મહિલા આવી અને તે પણ બન્નેની પાછળ ઊભી થઈ ગઈ. એટલે કે બન્ને આ યુવાનની સાથે નમાઝ પઢીને જતા રહ્યાં ત્યારે મેં અબ્બાસને કહ્યું "અબ્બાસ! હું જોઈ રહ્યો છું કે કોઈ મોટી ક્રાંતિ થવાની છે."

અબ્બાસે કહ્યું, "હા, તમે જાણો છો કે આ યુવાન છોકરો અને મહિલા કોણ છે?" મેં કહ્યું, "નહીં."

અબ્બાસે કહ્યું, "આ યુવક મુહમ્મદ અબ્દુલ્લાહ બિન અબ્દુલમુત્તલિબ મારા ભાઈનો દીકરો હતો અને મહિલા જેને તમે નમાઝ પઢતી જોઈ મારા યુવાન ભત્રીજાની પત્ની ખદીજા બિન્તે ખુવૈલિદ હતા."

હઝરત ખદીજા રદિ.બિન્તે ખુવૈલિદ બનૂ કુરૈશના ઉચ્ચ પરિવાર સાથે સંબંધ ધરાવતા હતા. ખદીજા રદિ.નામ અને તાહિરા ઇલ્કાબ હતો. ઉમ્મુલ મુ'મિનીન હઝરત ખદીજા રદિ. અને નબી સ.અ.વ.નો વંશવેલો કેટલીક પેઢીઓ પછી મળી

જાય છે, કેમ કે કુસ્સૈ જે હઝરત ખદીજા રદિ.ના વડદાદા હતા રસૂલુલ્લાહ સ.અ.વ.ના વડદાદા પણ હતા.

હઝરત ખદીજા રદિ. અને નબીએ કરીમ સ.અ.વ.ના લગ્ન ખૂબ જ આશ્ચર્યજનક સંજોગોમાં થયાં. એવું લાગે છે કે જાણે કુદરત પોતે આ બંનેને જીવનના એક અનોખા વળાંક ઉપર લાવીને મેળાપ કરાવવાની હતી. હઝરત ખદીજા રદિ.ના પહેલા પતિનું નામ અબૂ હાલા બિન ઝિરારહ તમીમી હતું. અબૂ હાલાના અવસાન પછી અતીક બિન આબિદ અલ્‌મખઝૂમી સાથે લગ્ન થયાં. અતીકના અવસાન પછી નબી સ.અ.વ.ના નિકાહમાં આવ્યાં.

હઝરત ખદીજા રદિ.ને અલ્લાહે ધન-દોલત પુષ્કળ પ્રમાણમાં આપ્યા હતા. નાણાંની કોઈ કમી ન હતી પરંતુ ઉપરા-છાપરી દુઃખદ ઘટનાઓના કારણે આપની તબિયત દુનિયાથી તૃપ્ત થઈ ગઈ હતી, એટલા માટે આપે વેપાર શરૂ કરી દીધો. લોકોને નોકરીમાં રાખતાં અને તેમના દ્વારા જ વેપાર કરતા હતા.

જ્યારે નબી સ.અ.વ. ૨૫ વરસના થયાં ત્યારે આખાય બનૂ કુરૈશ જ નહીં બલકે આનાથી આગળ વધીને સમગ્ર અરબસ્તાનમાં આપ સ.અ.વ.ની પવિત્ર નીતિમત્તા અને ઉત્તમ ગુણોની ખૂબ ખ્યાતિ થઈ ગઈ હતી. અરબસ્તાનના ખૂણેખૂણામાં આપ સ.અ.વ.ને "અમીન" અને "સાદિક"ના બિરૂદથી યાદ કરવામાં આવતા હતા. હઝરત ખદીજા રદિ.એ કે જેમની નજરો પહેલાંથી જ કોઈ આવા માણસની શોધમાં હતી, મુહમ્મદ સ.અ.વ.ને પૈગામ મોકલ્યો કે જો આપ મારો વેપારી માલસામાન સીરિયા સુધી લઈ જાઓ તો હું મારા ગુલામ મૈસરહને આપની સાથે કરી દઈશ અને સામાન્ય લોકો કરતાં બમણું અવેજ આપીશ.

બીજી તરફ રસૂલે અકરમ સ.અ.વ.ને પોતાના વાલી કાકા અબૂ તાલિબ મારફતે હઝરત ખદીજા રદિ.ના વેપારની સ્થિતિની ખબર પડી ગઈ હતી. એટલા માટે આપ સ.અ.વ.એ આ પ્રસ્તાવને કબૂલ કરી લીધો અને વેપારનો સામાન લઈને બસરા તરફ નીકળ્યાં. આપ સ.અ.વ. જેટલો માલ-સામાન લઈ ગયા હતા તે તમામ વેચાઈ ગયો અને મક્કામાં પાછા આવીને જ્યારે નફાનો હિસાબ કરવામાં આવ્યો ત્યારે જેટલો પહેલાં થતો હતો તેનાથી બમણો હતો.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ખદીજા રદિ. નબી સ.અ.વ.ની મામલાની સમજ અને પ્રમાણિકતાથી ખૂબ પ્રભાવિત થયાં. આ અરસામાં હઝરત ખદીજા રદિ.ને નબી સ.અ.વ.ના વિષે ઘણી જાણકારી મળી ગયેલી હતી અને આપની નજરોમાં

નબી સ.અ.વ.ની કદર વધતી ગઈ હતી. એટલે સુધી કે તેમણે રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે લગ્ન કરવાનો ઇરાદો કરી લીધો. આમ હઝરત ખદીજતુલ કુબરા રદિ.ની ગુલામ નફીસાને પૈગામ લઈને મોકલવામાં આવ્યાં, નફીસાએ નબી સ.અ.વ.ને પૈગામ આપ્યો જે આપ સ.અ.વ.એ હઝરત ખદીજતુલ કુબરા રદિ.ના કાકા અમ્ર બિન અસદને બોલાવવામાં આવ્યાં કેમ કે હઝરત ખદીજા રદિ.ના પિતા ફુજ્જારની લડાઈમાં માર્યા ગયા હતા. છેવટે રસૂલુલ્લાહ સ.અ.વ.ના કાકા અબૂ તાલિબ અને પરિવારના તમામ વડીલો હઝરત ખદીજા રદિ.ના ઘરે ભેગા થયાં. હઝરત અબૂ તાલિબે નિકાહ પઢાવ્યો. એ વખતે નબી સ.અ.વ.ની ઉંમર ૨૫ વરસ અને હઝરત ખદીજા રદિ. ૪૦ વરસના હતા.

લગ્ન પછી નબીએ કરીમ સ.અ.વ.ની કદર બનૂ કુરૈશમાં ઓર વધી ગઈ કેમ કે સારા ગુણો સાથે દોલત પણ આપની પાસે હતી. હઝરત ખદીજા રદિ.ખૂબ બલિદાનની ભાવનાવાળાં અને પ્રેમાળ પત્ની હતા, આમ છતાં અરબસ્તાનના સમાજમાં બગડતી જતી પરિસ્થિતિના કારણે નબી સ.અ.વ.ને ખૂબ ચિંતા રહેતી હતી. ત્યારબાદ થોડા વરસ પછી તો એવી હાલત થઈ ગઈ કે આપ સ.અ.વ. કેટલાય દિવસનો ખાવા-પીવાનો સામાન લઈને હિરાની ગુફામાં, જે મક્કાથી થોડા માઇલ દૂર હતી, જતા રહેતાં અને વિચારમંથન-મનનમાં રાત-દિવસ ડૂબેલા રહેતાં. એ દિવસોમાં હઝરત ખદીજા રદિ.એ જે રીતે નબી સ.અ.વ.નો સાથ અને સાંત્વન આપ્યું તે એ જ કરી શકે.

જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ. ઉપર પહેલી વહી ઊતરી ત્યારે આપ ડરી ગયાં અને ગભરાતા ગભરાતા ઘરે પહોંચ્યાં. વહીની અસર આપના પવિત્ર ચહેરા ઉપર વર્તાતી હતી. આપે કહ્યું :

"ખદીજા, ખબર નથી આ શું છે. હવે કોણ જાણે શું થશે. મને ધાબળો ઓઢાડી દો."

હઝરત ખદીજા રદિ.એ કહ્યું : "આપ સાચું બોલો છો. લોકોનો ખ્યાલ રાખો છો. સગાં સાથે સારો વ્યવહાર કરો છો. અમાનતદાર છો, મહેમાનદારી કરો છો. અલ્લાહતઆલા આપને એકલા નહીં છોડી દે."

અને પછી તે આપ સ.અ.વ.ને પોતાના પિતરાઈ ભાઈ વર્કા બિન નૌફલ પાસે લઈ ગયાં જે એ સમયના પ્રખ્યાત વિદ્વાન હતા અને તૌરાત તથા ઇંજીલ ઉપર ખાસ્સો પ્રભુત્ત્વ ધરાવતા હતા. વર્કાએ નબી સ.અ.વ.ને ઘટના વિષે પૂછયું. આપ

સ.અ.વ.એ જે કંઈ જોયું હતું તે વર્ણવી દીધું. વર્કા બધી વાત સાંભળીને સમજી ગયા અને બોલ્યા:

"અલ્લાહના સોગંદ, આ એ જ ફરિશ્તો છે જે મૂસા અ.સ. ઉપર ઊતર્યો હતો. કદાચ મારામાં શક્તિ હોત તો હું એ સમયે તમારી મદદ કરત, જ્યારે તમારી કોમ તમને કાઢી મૂકશે."

પરંતુ થોડા જ દિવસો પછી વર્કાનું અવસાન થઈ ગયું.

એ દિવસોમાં કે જ્યારે બધા જ મક્કાના લોકો નબી સ.અ.વ.ની વિરુદ્ધ થઈ ગયાં અને જાત-જાતની રીતે આપને સતાવવા માંડ્યા હતા ત્યારે હઝરત ખદીજા રદિ. જ એ મુસીબતથી ભરેલા સમયમાં આપના સહમત, હમદર્દ અને સાંત્વન આપનાર હતા. તે દરેક પ્રસંગે આપ સ.અ.વ.ની મદદ કરતાં. અંદાજ લગાવી શકાય છે કે, આવી હમદર્દ અને દુઃખમાં દુઃખી થનાર પત્ની જે પતિને ખુશી અને આરામ પહોંચાડવાનો પ્રયત્ન કરવા ઉપરાંત પોતાની અકલમંદી વડે તમામ દુઃખોને દૂર કરી દેતી હોય અને વિરોધીઓ અને મુશ્રિકોના વિરોધને બિનમહત્ત્વનો સાબિત કરી દેતી હોય તે પતિને કેટલી પ્રિય હશે! રસૂલુલ્લાહ સ.અ.વ.નો હઝરત ખદીજા રદિ. સાથેનો પ્રેમ એવો હતો કે જ્યાં સુધી આપ જીવ્યાં કોઈ બીજી મહિલા સાથે લગ્ન ન કર્યાં. એટલે જ તો આપના અવસાન પછી પણ તેમનો ઉલ્લેખ કરીને તેમના ખૂબ વખાણ કરતા રહેતા હતા.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા રદિ. કહે છે કે:

"જેટલી ઈર્ષ્યા મને ખદીજા રદિ. માટે હતી કોઈ પત્ની માટે ન હતી. એક દિવસ રસૂલુલ્લાહ સ.અ.વ.એ તેમનો ઉલ્લેખ કર્યો તો મને શરમ લાગી અને મેં કહ્યું, એ તો વૃદ્ધા હતા, હવે તો અલ્લાહતઆલાએ આપ સ.અ.વ.ને વધુ સારી પત્નીઓ આપી છે."

આ સાંભળીને આપ સ.અ.વ. ખૂબ ગુસ્સે થયાં અને ગુસ્સાના કારણે મુબારક શરીરના રૂવાડાં ઊભા થઈ ગયાં અને કહ્યું :

"ના, અલ્લાહના સોગંદ, મને તેના કરતાં વધારે સારી પત્ની નથી મળી.

- તે ઈમાન લાવ્યાં જ્યારે બધા જ લોકો કાફિર હતા.
- તેણે સમર્થન આપ્યું જ્યારે બધાએ મને ખોટો કહ્યો.
- તેણે માલ વડે મારી મદદ કરી જ્યારે બધાએ મને વંચિત રાખ્યો, અને
- અલ્લાહતઆલાએ મને તેનાથી ઓલાદ આપી."

હઝરત આઇશા રદિ. કહે છે કે એ પછી મેં મારા મનમાં કહ્યું કે હું હવે પછી તેમનો ઉલ્લેખ બૂરાઈ સાથે નહીં કરૂં.

નબી સ.અ.વ.ની તમામ સંતાન હઝરત ખદીજા રદિ.ના પેટે થઈ પરંતુ વહીના ઉતરાણ પહેલાં મારિયા રદિ.ના પેટે ઇબ્રાહીમ રદિ. જન્મ્યાં પરંતુ થોડા જ સમય પછી તેમનું અવસાન થઈ ગયું. હઝરત ખદીજા રદિ.ના પેટે હઝરત મુહમ્મદ સ.અ.વ.ને બે પુત્રો થયાં, હઝરત કાસિમ રદિ. અને હઝરત અબ્દુલ્લાહ રદિ. તેમના ઈલ્કાબ તાહિર અને તૈયબ હતા અને તેમનો જન્મ ઈસ્લામના સમયમાં થયો હતો. ચાર પુત્રીઓ જન્મી, જેમનાં નામો હઝરત ઝૈનબ રદિ., હઝરત રૂકૈયા રદિ., ઉમ્મે કુલ્સૂમ રદિ. અને હઝરત ફાતિમા રદિ. છે.

હઝરત ખદીજા રદિ.ના લગ્ન પછી તેઓ નબી સ.અ.વ.ની સાથે ૨૪ વરસ રહ્યાં. નબુવ્વતના આઠમા વરસે હિજરતના ત્રણ વરસ પહેલાં રમઝાન મહિનામાં અવસાન પામ્યાં. એ સમય સુધી નમાઝ ફર્ઝ થઈ ન હતી અને નમાઝે જનાઝા પઢવામાં આવતી ન હતી એટલા માટે આમ જ રસૂલુલ્લાહ સ.અ.વ.એ તેમને કબરમાં ઉતાર્યાં. હજૂન આપના દફનની જગ્યા છે.

હઝરત અબૂ તાલિબ અને હઝરત ખદીજા રદિ.નું અવસાન એક જ વરસ દરમ્યાન થયું. આપ સ.અ.વ.ને આ બન્ને હસ્તીઓ જોડે એટલો લગાવ હતો કે આપ સ.અ.વ. આ વરસને "આમુલ હુઝ્ન" એટલે કે ગમ-દુઃખનો વરસ કહેતાં હતા કેમ કે ઉમ્મુલ મુ'મિનીન નબી સ.અ.વ.ના અને ઈસ્લામના સાચા હમદર્દ હતા અને અબૂ તાલિબ આપ સ.અ.વ.ના પ્રેમાળ કાકા અને વાલી હતાં.

હઝરત ખદીજા રદિ. બહુ જ દયાળુ દિલનાં અને મહેરબાન હતાં. ઓલાદ સાથે ખૂબ જ સ્નેહપૂર્વક વર્તતા હતાં. સ્વભાવે ઘણાં દાનશીલ હતાં. સદ્કા-ખૈરાત તેમની ટેવ હતી. ઘરનાં કામકાજથી પૂરેપૂરા વાકેફ હતાં. ઘરની વ્યવસ્થા ખૂબ સારી રીતે કરતા હતાં. આ જ ખૂબીઓને યાદ કરીને તેમને "બાળકોની મા અને ઘરની ઈજ્જત" નું બિરૂદ આપવામાં આવ્યું હતું. નબી સ.અ.વ.નો માન-આદર આપની રીત હતી. આપ સ.અ.વ. જે કંઈ કહેતાં તેનું તે સમર્થન કરતા હતાં. આ જ હાલત આપના નબુવ્વતના એલાન પહેલાં અને પછી પણ ચાલુ રહી. એક વખત હઝરત ખદીજા રદિ. નબી સ.અ.વ.ને શોધવા માટે નીકળ્યાં. આ એ જમાનો હતો જ્યારે આખુંય આરબજગત આપ સ.અ.વ.નું દુશ્મન બની રહ્યું હતું. રસ્તામાં જિબ્રઈલ અ.સ.એક પુરુષના રૂપમાં મળ્યાં અને તેમને નબી સ.અ.વ. વિષે પૂછયું. હઝરત

ખદીજા રદિ. ડરી ગયાં કે ખુદા ન કરે કે કોઈ માણસ દુશ્મનીમાં નબી સ.અ.વ.ને મારી નાખવા માગતો હોય. ઘરે પહોંચીને આપ સ.અ.વ.ને મળ્યાં ત્યારે ઘટનાનો ઉલ્લેખ કર્યો. આપ સ.અ.વ.એ કહ્યું, "એ તો જિબ્રઈલ અ.સ.હતાં જે મને કહીને ગયાં છે કે હું તમને તેમનો સલામ પહોંચાડી દઉં અને જન્નતમાં એક એવું ઘર મળવાની ખુશખબર આપું જે મોતીઓનો બનેલો હોય અને જેમાં શોરબકોર અને મહેનત દાખલ ન થાય." આ એ દિવસોની વાત છે કે જ્યારે નબી સ.અ.વ.ને ઈસ્લામ પહોંચાડવામાં અને ઈસ્લામના પ્રસારમાં એટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો કે આપ સ.અ.વ. અમુક મુદ્દત સુધી પોતાની હમદર્દ પત્ની ખદીજા રદિ. સાથે છૂપી રીતે નમાઝ પઢતા રહ્યાં.

હઝરત અબૂ હુરૈરહ રદિ. પાસેથી રિવાયત નોંધવામાં આવી છે કે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ કહ્યું, "ચાર સ્ત્રીઓને દુનિયાની તમામ સ્ત્રીઓ ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. મરિયમ બિન્તે ઈમરાન, આસિયા ફિરઔનનાં પત્ની, ફાતિમા બિન્તે મુહમ્મદ રદિ. અને ખદીજા બિન્તે ખુવૈલિદ રદિ."

રિવાયતમાં છે કે નબી સ.અ.વ. જેટલાં વખાણ હઝરત ખદીજા રદિ.ના કરતા હતાં, પત્નીઓમાંથી કોઈના કરતા ન હતાં.

ઈબ્ને ઈસ્હાક કહે છે કે હઝરત ખદીજા રદિ. ઈસ્લામના સાચા સલાહકાર હતાં. એક રિવાયત છે કે એક વખત રસૂલુલ્લાહ સ.અ.વ. હઝરત ફાતિમા રદિ.ની તબિયતની ખબર કાઢવા આવ્યાં અને કહ્યું, "દીકરી, શું હાલત છે?"

બોલ્યાં, "હું બીમાર છું અને આ મુસીબત વધારાની છે કે મારી પાસે કંઈ પણ ખાવા માટે નથી." નબી સ.અ.વ.એ કહ્યું, "દીકરી ! શું તમને આ પસંદ નથી કે તમે દુનિયાની સ્ત્રીઓનાં સરદાર છો." હઝરત-ફાતિમા રદિ. બોલ્યાં: "અબ્બાજાન, તો પછી મરિયમ બિન્તે ઈમરાન શું છે?"

કહ્યું: "તમે પોતાના જમાનાની સરદાર છો, મરિયમ ભૂતકાળની ઉમ્મતની સ્ત્રીઓ કરતાં બહેતર હતી અને ખદીજા રદિ. અત્યારની ઉમ્મતની તમામ સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ અને બહેતર છે."

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત સૌદા બિન્તે ઝમ્આ

(રદિયલ્લાહુતઆલા અન્હા)

હઝરત ખદીજા રદિ. અને હઝરત અબૂ તાલિબના અવસાન પછી નબી સ.અ.વ.ના જીવનમાં એક ન પૂરાય તેવો ખાલીપો પેદા થઈ ગયો હતો. હવે સમાજ અને ઘર બંનેનો રક્ષક-ઘેરો પડી ગયો હતો. ઘર વેરાન અને દુશ્મનોની વચ્ચે નબી સ.અ.વ. એકલા રહી ગયા હતાં. એ જ અરસામાં હઝરત ઉસ્માન બિન મઝ્ઊન રદિ.ના પત્ની ખૌલા રદિ. આપની પાસે આવ્યાં અને જોયું કે આપ સ.અ.વ. દુઃખી હાલતમાં બેઠાં છે. ખૌલા રદિ.એ કહ્યું :

"હે અલ્લાહના રસૂલ સ.અ.વ.! હઝરત ખદીજા રદિ.ના અવસાન પછી હું આપને ખૂબ જ દુઃખી જોઉં છું." આપ સ.અ.વ.એ કહ્યું "હા, એવું જ કંઈ છે."

હઝરત ખૌલા રદિ.એ કહ્યું: "તો પછી હું આપ સ.અ.વ.નો નિકાહ કેમ ન કરાવી દઉં ?" અને હઝરત સૌદા બિન્તે ઝમ્આનું નામ લીધું. આપ સ.અ.વ.એ જ્યારે મંજૂરી આપી ત્યારે હઝરત ખૌલા રદિ.એ આ ખુશખબર હઝરત સૌદા રદિ.ને સંભળાવી. હઝરત સૌદા રદિ.એ સ્વીકાર કર્યો અને કહ્યું કે મારા પિતાને પણ પૂછી લો. હઝરત ઝમ્આ રદિ. ક્યારે ના પાડવાના હતાં. આમ, હઝરત સૌદા રદિ. પહેલી મહિલા છે જે હઝરત ખદીજતુલ કુબરા રદિ. પછી રસૂલુલ્લાંહ સ.અ.વ.ના નિકાહમાં આવ્યાં. હઝરત સૌદા રદિ. પણ હઝરત ખદીજા રદિ.ની જેમ વિધવા હતાં અને તેમનો પહેલો નિકાહ તેમના પિતરાઈ ભાઈ સુકરાત બિન અમ્ર સાથે થયો હતો. રસૂલુલ્લાહ સ.અ.વ.ની નબુવ્વતના એલાન વખતે સુકરાત બિન અમ્ર અને હઝરત સૌદા બિન્તે ઝમ્આ મક્કામાં જ રહેતા હતાં.

જ્યારે નબી સ.અ.વ.એ પોતાની નબુવ્વતની જાહેરાત કરી ત્યારે કુરૈશનો

સમસ્ત કબીલો આપનો દુશ્મન બની ગયો અને રોજ નિતનવા જુલમો મુસલમાનો ઉપર કરવા માંડયા. બીબી સૌદા રદિ. શરૂથી જ નેક અને સમજદાર મહિલા હતાં અને રસૂલુલ્લાહ સ.અ.વ. વિષે તે આ વાત સારી રીતે જાણતા હતાં કે આખુંય આરબ જગત તેમને 'સાદિક' અને 'અમીન' કહે છે. એક વખત તેમને વિગતવાર રીતે રસૂલેખુદા સ.અ.વ.ની વાતો સાંભળવાની તક મળી એટલે તે તરત જ ઈમાન લઈ આવ્યાં; પરંતુ તેમના પતિ હજુ મુસલમાન થયા ન હતાં. તેથી હઝરત સૌદા રદિ.એ બુદ્ધિ તેમજ દીર્ઘદૃષ્ટિનો ઉપયોગ કર્યો અને તેમને જણાવ્યું નહીં કે તે ઈમાન લાવી ચૂક્યાં છે પરંતુ અવારનવાર જ્યારે પણ યોગ્ય સમય મળતો, તેઓ સુકરાન બિન અમ્રને ઈસ્લામની ખૂબીઓથી વાકેફ કરવાની કોશિશ કરતાં.

આમ, સુકરાન પણ ધીમે ધીમે ઈસ્લામ તરફ વળવા માંડ્યા અને છેવટે મુસલમાન થઈ ગયાં.

કુરૈશને જ્યારે સુકરાન અને તેમની પત્ની સૌદા રદિ.ના મુસલમાન થઈ જવાની ખબર પડી ત્યારે તેમને પણ સતાવવા માંડ્યા. તેમને ગમે તેમ બોલતાં, હુરિયો બોલાવતાં, માટી ફેંકતાં અને ઘણી વખત તો ઘર ઉપર પથ્થરો પણ ફેંકવામાં આવ્યા.

એક વખત બન્ને પતિ-પત્ની ઘરમાં બેસીને વાતો કરી રહ્યા હતાં ત્યાં કોઈએ તીર માર્યું, જે કુર્આનંના પાનામાં વાગ્યું. એટલે બન્ને ફરિયાદ લઈને નબી સ.અ.વ. પાસે ગયાં. ત્યાં તેમને બંનેને નબી સ.અ.વ.એ તસલ્લી આપી, પરંતુ જ્યારે કુરૈશના જુલમ હદથી વધી ગયાં અને મુસલમાનોનું જીવવું મુશ્કેલ થઈ ગયું ત્યારે નબી સ.અ.વ.ના કહેવાથી પંદર મુસલમાનો (અગિયાર પુરુષો અને ચાર મહિલાઓ) જાન બચાવવા માટે હિજરત કરીને હબ્શા જતા રહ્યાં. એમાં જ હઝરત સૌદા રદિ. અને તેમના પતિ સુકરાન પણ હતાં. સુકરાન બિન અમ્ર હબ્શમાં બીમાર પડયાં અને ત્યાં જ તેમનું અવસાન થઈ ગયું.

થોડા સમય પછી જ્યારે મક્કામાં હઝરત હમ્ઝા રદિ. અને હઝરત ઉમર ફારૂક રદિ. મુસલમાન થયાં ત્યારે કુરૈશની સતામણીના જોરમાં તેમના દબદબાના કારણે થોડો ઘટાડો થઈ ગયો અને હઝરત સૌદા રદિ. મક્કામાં પાછા આવીને પોતાના પિતા હઝરત ઝમ્આ રદિ.ની સાથે પોતાના જૂના મકાનમાં રહેવા માંડ્યા. મક્કામાં બે વરસ વિધવાની હાલતમાં ગુજાર્યા અને દસ નબવી (નબુવ્વતના એલાનના દસ વરસ પછી) રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે આપનો નિકાહ થયો. ત્યારે હઝરત ખદીજા રદિ.ના અવસાનને ત્રણ વરસ થઈ ગયા હતાં. લગ્ન વિષે ઇતિહાસકારો આ બાબતમાં

સહમત છે કે હઝરત સૌદા રદિ.ની ઉંમર એ વખતે પચાસ વરસથી વધારે હતી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સૌદા રદિ.ને આ લગ્નની બશારત (સારા સમાચાર) પહેલાંથી જ થઈ ગઈ હતી. તેમણે સ્વપ્નું જોયું હતું કે હઝરત મુહમ્મદ સ.અ.વ. પધાર્યાં છે અને તેમણે પોતાનો પગ હઝરત સૌદા રદિ.ની ગરદન ઉપર મૂકી દીધો છે. પછી તેમણે સ્વપ્નમાં જોયું કે તે તકિયાનો સહારો લઈને સૂઈ રહ્યાં છે અને આકાશનો ચંદ્ર તૂટીને તેમની ઉપર પડી ગયો છે. તેમણે આ બન્નેનો ઉલ્લેખ સુકરાન સમક્ષ કર્યો તો તેમણે કહ્યું હું ટૂંક સમયમાં ગુજરી જઈશ અને તમે રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે નિકાહ કરશો."

નિકાહ પછી હઝરત સૌદા રદિ. નબી સ.અ.વ. સાથે મક્કામાં ત્રણ વરસ રહ્યાં. પછી હિજરત કરીને મદીના આવ્યાં ત્યારે હઝરત ઐયૂબ અનસારી રદિ.ના ઘરે આવીને રોકાયાં. જ્યારે સાત મહિના પછી મસ્જિદે નબવીનું બાંધકામ પૂરૂં થઈ ગયું ત્યારે તેની જોડેના ઓરડામાં રહેવા લાગ્યાં. ધન-દોલત, યુવાની, રૂપ એટલે કે એ ગુણો જે નિકાહના પૈગામ માટે પ્રોત્સાહનનું કારણ હોઈ શકે છે, હઝરત સૌદા રદિ.માં આમાંથી કંઈ પણ ન હતું. અલબત્ત, ઇસ્લામ ખાતર તેમણે જે મુશ્કેલીઓ ઉઠાવી હતી તે રસૂલુલ્લાહ સ.અ.વ.ની નજરમાં હતી. આ ગુણો ઉપરાંત હઝરત સૌદા રદિ.માં સજ્જન સ્વભાવ, નેકી, સુંદર અખ્લાક, દયાળુતા, ઉદાર દિલ, એ તમામ ગુણો હતાં જેમના કારણે તેમને કુરૈશની મહિલાઓમાં અલગ સ્થાન પ્રાપ્ત હતું. આ ઉપરાંત તેમનું એક નાનું બાળક અને વૃદ્ધ પિતા હતાં અને ભરણપોષણ કરનાર કોઈ ન હતું. એટલા માટે એ નિરાધાર અવસ્થામાં જીવી રહ્યા હતાં. આ બધી જ વાતોને ધ્યાનમાં લઈને નબી સ.અ.વ.એ હઝરત સૌદા બિન્તે ઝમ્આ રદિ. સાથે નિકાહ કર્યો હતો.

હઝરત આઇશા સિદ્દીકા રદિ. અને હઝરત સૌદા બિન્તે ઝમ્આના નિકાહની મુદ્દતમાં બહુ ફરક નથી. એટલે કે હઝરત આઇશા રદિ.ના નિકાહ પહેલાં નબી સ.અ.વ. સાથે હઝરત સૌદા રદિ.નો નિકાહ થઈ ગયેલો હતો. બન્ને પત્નીઓમાં કોઈ પ્રકારનો મતભેદ અને ખેંચતાણ ન હતાં. એકબીજા સાથે પ્રેમ, સંપ અને સુંદર વ્યવહાર રાખીને રહેતા હતાં. હઝરત આઇશા રદિ. કેમ કે ઉંમરમાં નાના હતાં, એટલા માટે તેમને ઘરના કામકાજમાં બહુ વાકેફગીરી ન હતી. એટલા માટે ઘરના મોટાભાગના કાર્યોમાં હઝરત સૌદા રદિ. એમને સલાહ આપતા રહેતા હતાં.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સૌદા રદિ. નબી સ.અ.વ.ની પત્નીઓમાં સૌથી

ઊંચા કદના અને બમણું શરીર ધરાવતા હતાં. હઝરત આઇશા રદિ. કહે છે, "જેણે સૌદા રદિ.ને જોઈ લીધાં તેનાથી તે છૂપાઈ શકતા ન હતાં." એટલે કે તે પોતાના ઊંચા કદના કારણે તરત જ ઓળખાઈ જતા હતાં. તેમના આ કદના વિષે એક ખૂબ જ રસિક કિસ્સો છે કે હઝરત સૌદા રદિ. એક વખત મદીનાથી ઉજ્જડ જગ્યા તરફ કુદરતી હાજત માટે સાંજે ગયાં. જ્યારે તે પાછા આવી રહ્યા હતાં ત્યારે હઝરત ઉમર ફારૂક રદિ.એ તેમને જોઈ લીધાં. હઝરત ઉમર રદિ.આ પહેલાં ઉમ્મુલ મુ'મિનીનના બહાર નીકળવા સામે અણગમો વ્યક્ત કરી ચૂક્યા હતાં. એટલા માટે તેમની તરફ મોઢું કરીને બોલ્યાં : "સૌદા રદિ., અમે તમને જોઈ લીધાં છે." હઝરત સૌદા રદિ.ને આ ઘણું ખરાબ લાગ્યું અને ઘરે આવીને નબી સ.અ.વ.ને હઝરત ઉમર રદિ.ની ફરિયાદ કરી અને પૂછયું, "શું અમે અમારી જરૂરિયાત માટે પણ ઘરની બહાર ન નીકળીએ ?" આ સાંભળીને નબી સ.અ.વ.એ કહ્યું : નહીં સૌદા રદિ. ! હું સ્ત્રીઓને જરૂરિયાત માટે બહાર જવાથી મનાઈ કરતો નથી." પરંતુ કહેવામાં આવે છે કે, આ બનાવ પછી પરદાના હુકમવાળી આયત ઊતરી.

પરદાની આયત ઊતરી ત્યારે નબી સ.અ.વ.એ ઉમ્મુલ મુ'મિનીનને કહ્યું :

"હવે આ હજ્જ પછી ઘરમાંથી બહાર ન નીકળતાં."

આપ સ.અ.વ.ના અવસાન પછી બીજી પત્નીઓ તો હજ્જ કરતી રહી પરંતુ હઝરત સૌદા બિન્તે ઝમ્આ અને હઝરત ઝૈનબ બિન્તે હજશ રદિ.એ સખતાઈપૂર્વક આ હુકમનું પાલન કર્યું, અને ઘરમાંથી બહાર ન નીકળ્યાં. હઝરત સૌદા રદિ. કહેતા હતાં:

"મેં હજ્જ કરી, ઉમરહ કર્યો, હવે હું ઘરમાં બેઠી છું જેનો મારા ખુદાએ મને હુકમ આપ્યો છે."

આના ઉપરથી ખ્યાલ આવે છે કે તે કેટલા આજ્ઞાંકિત હતા. રસૂલુલ્લાહ સ.અ.વ. તેમનું કેટલું ખ્યાલ રાખતા હતા. આનો અંદાજ આ કિસ્સા ઉપરથી આવી શકે છે કે હજ્જતુલ વિદામાં ઉમ્મુલ મુ'મિનીન હઝરત સૌદા રદિ. પણ આપની સાથે હતા. કેમ કે આપનું શરીર ભારે હતું એટલે ઝડપથી ચાલી શકતા ન હતાં. તેથી નબી સ.અ.વ.એ લોકોના મુઝ્દલિફા રવાના થતા પહેલાં તેમને જતા રહેવાની પરવાનગી આપી દીધી કે જેથી ભીડના કારણે કોઈ તકલીફ ન પહોંચે. હઝરત આઇશા રદિ. હઝરત સૌદા રદિ.ના વિષે પ્રશંસા કરતાં કહે છે કે:

"સૌદા રદિ.માં જરા સ્વભાવની તેજી હતી, નહીંતર બીજો કોઈ એવું નથી

જેના દરજ્જામાં હોવું મને સૌદા રદિ. કરતાં સારો લાગે."

પછી કહે છે, "મેં કોઈ સ્ત્રીને ઈર્ષ્યાથી મુક્ત જોઈ નથી સિવાય સૌદા રદિ.ના અને ન તો સૌદા રદિ. સિવાય કાઈના સંબંધમાં મારી આ ઇચ્છા થઈ કે મારી રૂહ તેના શરીરમાં હોત."

હઝરત સૌદા રદિ. સ્વભાવના જરા તેજ હતા અને ઘણી વખત નાની અમથી વાત ઉપર નારાજ થઈ જતા હતાં. પરંતુ સાથે જ અલ્લાહતઆલાએ તેમને ગમ્મત કરવાનો પણ પવિત્ર શોખ એનાયત કર્યો હતો અને ઘણી વખત નબી સ.અ.વ.ને પોતાની વાતો વડે હસાવી દેતા હતાં. એક વખત હઝરત સૌદા રદિ.એ રસૂલુલ્લાહ સ.અ.વ.ને કહ્યું:

"કાલે રાત્રે મેં આપની પાછળ નમાઝ પઢી અને આપ એટલી વાર સુધી રુકૂઅમાં રહ્યાં કે મને ડર લાગ્યો કે મારી નકસોરી જ ન ફૂટી જાય અને લોહી વહેવા માંડે એટલા માટે મેં પોતાની નાક પકડી રાખી."

હઝરત સૌદા રદિ.ની આ વાત સાંભળીને નબી સ.અ.વ. સ્મિત કર્યા વિના ન રહી શક્યાં.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સૌદા રદિ.ના સ્વભાવમાં દરિયાદિલી હતી. હઝરત ઉમર ફારૂક રદિ.એ એક વખત પોતાના ખિલાફતકાળમાં દિર્હમોથી ભરેલી એક કોથળી મોકલી તો હઝરત સૌદા રદિ.એ પૂછયું :

"શું ઉમર રદિ.એ મારા માટે આ ખજૂરો મોકલી છે?" નોકરે કહ્યું "ના જી, ખજૂરો નહીં આ દિર્હમ છે."

આ સાંભળીને તેઓ બોલી ઊઠયાં :

"ખજૂરો હોત તો ખાવામાં કામ લાગત. આ દિર્હમ મારા કયા કામના છે." આ કહીને કોથળીનાં બધાં જ દિર્હમ ગરીબોમાં વહેંચી દીધાં.

હઝરત સૌદા રદિ.ને નબી સ.અ.વ.થી કોઈ ઓલાદ ન થઈ. પહેલા પતિ સુકરાનથી એક પુત્ર હઝરત અબ્દુર્રહમાન બિન સુકરાન રદિ. હતાં જેમણે મક્કામાં જ ઈસ્લામ કબૂલ કરી લીધું હતું અને તે હઝરત ઉમર ફારૂક રદિ.ના ખિલાફતકાળમાં જલૂલાની લડાઈમાં (ઈરાન) હિ.સ.૧૬માં શહાદત પામ્યા.

હઝરત સૌદા રદિ. ચામડા કેળવવાનું કામ કરતા હતા અને તેમને પકવવાનું હુન્નર જાણતા હતાં. નબી સ.અ.વ. પછી આપ દસ વરસ જીવ્યાં. રસૂલુલ્લાહ સ.અ.વ. અને તેમનો સંગાથ ૧૩ વરસ રહ્યો. હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ. અને

હઝરત ઉમર ફારૂક રદિ. પોતપોતાના ખિલાફતકાળમાં તેમનો ખૂબ આદર કરતા હતાં. હિ.૨૨માં હઝરત ઉમર રદિ.ની શહાદતના થોડા મહિના પહેલાં મદીનામાં બીમાર રહી અવસાન પામ્યાં અને ત્યાં જ દફનાવવામાં આવ્યાં. **ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન....**

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત આઇશા સિદ્દીકા

(રદિયલ્લાહુતઆલા અન્હા)

હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ.નાં પુત્રી અને નબી સ.અ.વ.ના સૌથી વહાલા પત્ની હઝરત આઇશા સિદ્દીકા રદિ. નબુવ્વતના ચોથા વરસમાં મક્કામાં જન્મ્યાં. આઇશા નામ, ઉમ્મે અબ્દુલ્લાહ કુન્નિયત અને સિદ્દીકા ઇલ્કાબ હતું. કેમ કે આપની કોઈ સંતાન ન હતી તેથી કુન્નિયત પણ ન હતી. પરંતુ કેમ કે અરબસ્તાનમાં કુન્નિયત શરાફત અને ઊંચા કુળની નિશાની માનવામાં આવતી હતી તેથી નબી સ.અ.વ.ને આપે કહ્યું : હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ! બીજી મહિલાઓની કુન્નિયતો મશહૂર છે, મારી પણ કુન્નિયત નક્કી કરી દો."

નબી સ.અ.વ.એ કહ્યું : "તમે તમારી કુન્નિયત અબ્દુલ્લાહના નામ ઉપરથી રાખી લો." અબ્દુલ્લાહ હઝરત આઇશા રદિ.ની બહેનના પુત્ર હતાં.

હઝરત આઇશા રદિ. બાળપણથી જ ખૂબ હોંશિયાર અને બીજાં બાળકોથી તદ્દન અલગ હતાં. આપ શરૂઆતથી જ બહુ જ હસમુખા, હાજર જવાબ અને અત્યંત તેજ યાદશક્તિ ધરાવતી બાળા હતાં. આ જ કારણ છે કે હઝરત આઇશા રદિ.ને પોતાની બાલ્યાવસ્થાની એક એક વાત યાદ હતી. જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ.એ હિજરત કરી ત્યારે તેમની ઉંમરનું આઠમું કે નવમું વર્ષ હતું. પરંતુ હિજરત અંગે સૌથી વધારે વિગત અને ઘટનાઓના ક્રમમાં રિવાયતો જેટલી હઝરત આઇશા રદિ.ની છે બીજા કોઈ સહાબીની નથી.

નબીએ કરીમ સ.અ.વ. અને હઝરત અબૂબક્ર રદિ. આપસમાં માનેલા ભાઈઓ હતાં અને જહાલતના સમયમાં માનેલો ભાઈ સગા ભાઈ કરતાં ઓછો ન હતો. એટલા માટે હઝરત ખદીજા રદિ.ના અવસાન પછી જ્યારે રસૂલુલ્લાહ

સ.અ.વ.ની દુઃખી હાલત જોઈને હઝરત ઉસ્માન રદિ.ના પત્ની હઝરત ખૌલા રદિ.એ આપના નિકાહની ભલામણ કરી ત્યારે ખૌલા રદિ.ને આપે પૂછયું, "કોની સાથે કરૂં ?"

તેમણે કહ્યું, "કુંવારી અને વિધવા બન્ને પ્રકારની સ્ત્રીઓ છે. આઇશા બિન્તે અબૂબક્ર રદિ. કુંવારી છે અને સૌદા બિન્તે ઝમ્આ રદિ. વિધવા છે." આમ એક પછી એક બન્ને સાથે નિકાહ થઈ ગયા.

હઝરત આઇશા રદિ.ના રસૂલેખુદા સ.અ.વ. સાથે નિકાહ પહેલાં એક કાફિર કુટુંબમાં તેમનો સંબંધ નક્કી થઈ ગયો હતો પરંતુ તેમણે જ એમ કહીને ઇનકાર કરી દીધો હતો કે આઇશાના આવવાથી અમારો છોકરો અધર્મી થઈ જશે. એ વખતે હઝરત આઇશા રદિ.ની ઉંમર ૬ વરસ હતી.

મક્કાથી હિજરત કર્યા પછી રસૂલેખુદા સ.અ.વ.એ ઝૈદ બિન હારિસ અને પોતાના ગુલામ અબૂ રાફેઅને મોકલ્યાં અને બન્નેને બે ઊંટ અને પાંચસો દિર્હમ પણ આપ્યાં કે જેથી તેઓ ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા સિદ્દીકા રદિ.ને સલામતીપૂર્વક મદીના લઈ આવે. મદીના પહોંચતાં જ આપને મદીનાનું હવામાન રાસ આવ્યું નહીં તેથી ખૂબ જ બીમાર થઈ ગયાં, અને તેમના માથાના બધા જ વાળ ઊતરી ગયાં. હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ.એ નબી સ.અ.વ.ને કહ્યું: "આપ આઇશા રદિ.ને કેમ વળાવી લેતાં નથી?" આપ સ.અ.વ.એ કહ્યું : "મહર નહીં હોવાના કારણે મજબૂર છું."

એટલે હઝરત અબૂબક્ર રદિ.એ પોતાની પાસેથી પાંચસો દિર્હમ નબી સ.અ.વ.ને આપ્યાં અને એ જ આપ સ.અ.વ.એ હઝરત આઇશા રદિ.ને મોકલી દીધાં. આમ શવ્વાલ હિ.સ.૧ માં ૯ વરસની ઉંમરે હઝરત આઇશા રદિ.ને વળાવવામાં આવ્યાં.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા રદિ.ના જન્મ પહેલાં જ તેમના ઘરમાં ઇસ્લામનો પ્રકાશ ફેલાઈ ચૂક્યો હતો એટલે ઇસ્લામ તેમની ગળથૂથીમાં બાળપણથી જ હતું અને કેળવણી અને શિક્ષણ નબી સ.અ.વ.ના નિકાહમાં આવ્યા પછી પૂર્ણતાએ પહોંચ્યાં. આ રીતે જોતાં તેમના જીવનમાં ઇફ્ક, ઈલા, તહરીમ, અને તખ્યીરનાં કિસ્સાઓ ઘણાં પ્રખ્યાત છે.

એક વખત હઝરત આઇશા રદિ. એક કાફલામાં મુસાફરી દરમ્યાન રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે હતાં. તેમનો હાર જે ગુમ થઈ ગયો હતો તેને શોધવામાં કાફલાથી

પાછળ રહી ગયાં અને કાફલો રવાના થઈ ગયો. એટલે તે મજબૂર થઈને મોં-માથું ઢાંકીને ત્યાં જ પડ્યા રહ્યાં. પછીથી એક સહાબી હઝરત સફ્વાન બિન મુઅ્તલ રદિ. જે લશ્કરની વહીવટી જરૂરિયાતો માટે લશ્કરની પાછળ ચાલતા હતાં, તેમની સાથે ઊંટ ઉપર સવાર થઈને બપોરના સમયે કાફલા સાથે જોડાઈ ગયાં. આ વાત ઉપર મુનાફિકોએ તેમની ઉપર તહોમતો લગાવવા માંડી, એટલે સુધી કે ખુદ નબી સ.અ.વ.એ તેમની સાથે કેટલાક સમય માટે સંબંધ કાપી નાખ્યો અને તે પોતાના માતા-પિતાના ઘરે આવી ગયાં, છેવટે સૂરઃ નૂરની આયતોમાં તેમના શુદ્ધ ચારિત્ર્ય અને નિર્દોષ હોવાની જાહેરાત ખુદ અલ્લાહતઆલાએ કરી. અને રસૂલુલ્લાહ સ.અ.વ.નું આ કથન પૂરૂં થયું કે "જો આઇશા પાક દામન છે તો ખુદા ખુદ તેમની સાક્ષી આપશે."

આના પછી રસૂલુલ્લાહ સ.અ.વ. પોતે હઝરત આઇશા રદિ.ને મળવા પધારી ગયાં અને ખુદાના તરફથી નિર્દોષતાની જાહેરાત કરી ત્યારે હઝરત આઇશા રદિ.ની તબિયત થોડી સુધારા પર આવી કેમ કે આની પહેલાં તેઓ આઘાત લાગવાના કારણે બીમાર થઈ ગયા હતાં. એમની માએ કહ્યું :

"બેટી, ઊભા થાવ, અને પતિના પગ પકડો." હઝરત આઇશા રદિ.એ તરત જ જવાબ આપ્યોઃ "હું ફક્ત પોતાના ખુદાની આભારી છું, અને બીજા કોઈની નહીં."

ઈલાનો કિસ્સો એવો છે કે અનાજ અને ખજૂરનું જે પ્રમાણ અઝ્વાજે મુતહ્હરાત માટે નક્કી હતો તે ઓછું હતું અને પૂરૂં પડતું ન હતું. એટલે તમામ પત્નીઓ આ અપૂરતા જથ્થામાં વધારો કરવાની ઇચ્છા ધરાવતી હતી. હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત ઉમર રદિ.એ પોતે પોતાની દીકરીઓને આ માગણીથી બાજ રાખી પરંતુ તેમણે પોતાની માગણી ચાલુ રાખી. નબી સ.અ.વ.એ નિર્ણય કર્યો કે હું એક મહિનો પોતાની પત્નીઓ સાથે કોઈ સંબંધ નહીં રાખું. એટલે એક મેડી ઉપરના ઓરડામાં આપ સ.અ.વ. અલગ થઈ રહેવા માંડ્યા. જ્યારે દિવસો ઉપર દિવસ પસાર થતા ગયાં ત્યારે લોકોએ એમ માન્યું કે આપ સ.અ.વ.એ કદાચ પત્નીઓને તલાક આપી દીધી છે. તેથી હઝરત ઉમર ફારૂક રદિ.એ આપ સ.અ.વ.ને મળવા માટે પરવાનગી માગી. ત્રીજી વખતે પરવાનગી મળી તો જોયું કે નબી સ.અ.વ. એક ખરબચડા ખાટલા ઉપર સૂતાં છે અને મુબારક શરીર ઉપર નિશાન ઉપસી આવ્યાં છે. માટીના વાસણો વેર-વિખેર પડ્યાં છે. આ બધું જોઈને હઝરત ઉમર

રદિ.ની આંખોમાં અશ્રુ આવી ગયાં અને કહ્યું : હે અલ્લાહના રસૂલ સ.અ.વ., શું આપે પત્નીઓને તલાક્ આપી દીધી છે?" નબી સ.અ.વ.એ કહ્યું, "નહીં."

પછી હઝરત ઉમર રદિ.એ આ ખુશખબર સર્વે મુસલમાનોને સંભળાવી. આ મહિનો ૨૯ દિવસનો હતો. આમ ૨૯ દિવસ પછી આપ મેડી ઉપરના ઓરડામાંથી ઊતર્યાં અને સૌથી પહેલાં હઝરત આઇશા રદિ. પાસે ગયાં.

તખ્યીરનો કિસ્સો એવો છે કે :

એક દિવસ હઝરત આઇશા સિદ્દીકા રદિ.ની પાસે નબી સ.અ.વ. આવ્યા અને કહ્યું : "તમે પોતાના માતા-પિતાની સાથે સલાહ કરીને મારી એક વાતનો જવાબ આપો." હઝરત આઇશા રદિ.એ પૂછયું કે "એ કઈ વાત છે?"

આપ સ.અ.વ.એ જવાબમાં સૂરઃ અહ્ઝાબની આ આયત સંભળાવી જેનો અનુવાદ આ છે :

"હે નબી સ.અ.વ., પોતાની પત્નીઓને કહી દો કે જો તમને દુનિયાનું જીવન અને તેની શોભાઓ જોઈએ છે તો આવો, હું તમને સારી રીતે રૂખ્સદ કરી દઉં અને ખુદા અને તેના રસૂલ સ.અ.વ. અને આખિરતનું ઘર પસંદ છે તો તમારામાંથી નેક સ્ત્રીઓ માટે અલ્લાહે મોટો બદલો રાખ્યો છે."

આ સાંભળીને હઝરત આઇશા રદિ.એ કહ્યું : "હે અલ્લાહના રસૂલ સ.અ.વ.! હું માતા-પિતા સાથે કઈ વાત માટે સલાહ કરૂં. હું તો અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ. અને આખિરતનું ઘર અખત્યાર કરૂં છું."

આ જવાબને નબી સ.અ.વ.એ ખૂબ પસંદ કર્યો અને જવાબ આપ્યો કે હું આ વાત તમારી સાથેની સ્ત્રીઓને પણ કહીશ. હઝરત આઇશા રદિ.એ કહ્યું, "મારો જવાબ એમને જણાવશો નહીં." આપ સ.અ.વ.એ હા પાડી અને આ જ સવાલ દરેક પત્નીને કર્યો પરંતુ બધાંએ જ આ જવાબ આપ્યો. ઉપરોક્ત આયતને આયતે તખયીર કહેવામાં આવે છે.

તેહરીમના કિસ્સાનું વર્ણન હઝરત હફ્સા રદિ.ના જીવનચરિત્રના વર્ણનમાં આગળ આવશે. નબી સ.અ.વ.ને હઝરત આઇશા રદિ. સાથે ખૂબ જ પ્રેમ હતો. આનો અંદાજ નબી સ.અ.વ.ના આ શબ્દો ઉપરથી આવે છે જે આપ સ.અ.વ.એ ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા રદિ. વિષે ઉલ્લેખ કરતી વખતે કહ્યાં છેઃ

"ઇલાહી જે વસ્તુ મારા માટે શક્ય છે (એટલે કે પત્નીઓ વચ્ચે સમાનતા) તેમાં ન્યાય કરવાથી બાજ આવતો નથી પરંતુ જે મારી શક્તિની બહાર છે (એટલે કે

આઇશા રદિ.નો પ્રેમ) તેને માફ કરજે."

એક બીજી રિવાયત છે કે હઝરત અમ્ર બિન આસ રદિ.એ નબી સ.અ.વ.ને પૂછ્યું, "યા રસૂલુલ્લાહ સ.અ.વ., આપને દુનિયામાં સૌથી પ્રિય કોણ છે ?" કહ્યું, "આઇશા રદિ." તેમણે કહ્યું કે "હું પુરુષોમાંથી પૂછું છું." આપે કહ્યું, "આઇશા રદિ.ના પિતા."

આ જ હાલત હઝરત આઇશા રદિ.ના પ્રેમની હતી. તેથી ઘણીવાર એવો સંજોગ બનતો કે હઝરત આઇશા રદિ. રાત્રે જાગી જતાં અને આપ સ.અ.વ.ને પાસે ન જોતાં તો બેચેન થઈ જતાં. એક રાત્રે આવો જ કિસ્સો બન્યો. હઝરત આઇશા રદિ.ને લાગ્યું કે કદાચ આપ સ.અ.વ. કોઈ બીજી પત્ની પાસે ગયાં છે. આમ-તેમ શોધ્યું તો જોયું કે આપ તસ્બીહ અને તહ્લીલમાં (લીન) વ્યસ્ત છે. પોતાના ખોટા ખ્યાલ બદલ પસ્તાવો કર્યો અને સહ્સા બોલી ઊઠયાં: "મારા માતા-પિતા કુરબાન ! હું કયા ખ્યાલમાં છું, અને આપ સ.અ.વ. કઈ હાલતમાં છે."

રસૂલુલ્લાહ સ.અ.વ. સાથેના આપના પ્રેમનો અંદાજ આ વાત ઉપરથી પણ લગાવી શકાય છે કે આપ સ.અ.વ.એ અવસાન વખતે જે કપડાં પહેરેલા હતાં તે હઝરત આઇશા રદિ.એ સાચવી રાખ્યા હતાં. આપ કેમ કે ઉંમરમાં નાના હતાં તેથી આમ પણ થતું કે તેમણે નબી સ.અ.વ. માટે રોટલી બનાવી. નબી સ.અ.વ.ને મોડું થઈ ગયું તો આપ રાહ જોતાં જોતાં ચૂલા પાસે જ સૂઈ ગયાં. જ્યારે નબી સ.અ.વ. આવ્યાં ત્યારે તેમણે જગાડ્યાં.

નબી સ.અ.વ.ની વફાત વખતે હઝરત આઇશા રદિ.ની ઉંમર ૧૮ વરસ હતી. નબી સ.અ.વ.ની બીમારીનો સમય ૧૩ દિવસનો છે. આ સમયમાં ૫ દિવસ આપ સ.અ.વ. બીજી પત્નીઓને ત્યાં રોકાયાં, અને બાકીના આઠ દિવસ હઝરત આઇશા સિદ્દીકા રદિ.ની પાસે રોકાયેલા રહ્યાં. અને હઝરત આઇશા રદિ.ના ઓરડામાં જ આપ સ.અ.વ.ની રૂહ નીકળી; અને તેમના જ ઓરડામાં આપ સ.અ.વ.ને દફનાવવામાં આવ્યાં. ત્યાર પછી ૪૮ વરસ હઝરત આઇશા રદિ.એ વિધવા તરીકે પસાર કર્યાં. રસૂલુલ્લાહ સ.અ.વ.ની વફાતના બે વરસ પછી જ હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ.નો ખિલાફતકાળ પણ તેમની વફાત ઉપર પૂરો થઈ ગયો અને આવી રીતે તેમને નાની વયમાં જ વિધવા થયા પછી અનાથ હોવાનું દુઃખ પણ ઉઠાવવું પડ્યું. હઝરત ઉમર ફારૂક રદિ.એ તમામ પુનિત પત્નીઓ માટે દસ-દસ હજાર દિર્હમ વાર્ષિક ભથ્થાંના નક્કી કરી દીધા હતાં, પરંતુ હઝરત આઇશા

સિદ્દીકા રદિ.ને ૧૨ હજાર દિર્હમ આપવામાં આવતા હતાં, અને આ વધારા માટેનું કારણ હઝરત ઉમર ફારૂક રદિ. આ જણાવતા હતાં કે તેઓ નબી સ.અ.વ.ને બહુ જ પ્રિય હતાં."

જ્યારે હઝરત ઉમર ફારૂક રદિ.ની વફાતનો સમય નજીક આવ્યો ત્યારે તેમણે પોતાના પુત્ર અબ્દુલ્લાહ રદિ.ને હઝરત આઇશા રદિ. પાસે મોકલ્યા અને નબી સ.અ.વ.ની બાજુમાં દફન થવાની પરવાનગી માગી. હઝરત આઇશા રદિ.એ કહ્યું :

"જો કે તે જગ્યા મેં મારા માટે રાખી હતી પરંતુ ઉમર રદિ. માટે આ કુરબાની કબૂલ રાખું છું." આ પરવાનગી પછી હઝરત ઉમર રદિ.એ આ વસિયત કરી :

"મારો જનાઝો નબી સ.અ.વ.ના મઝાર મુબારક સુધી લઈ જજો, જો પરવાનગી મળી જાય તો અંદર દફન કરી દેજો નહીંતર મુસલમાનોના સાર્વજનિક કબ્રસ્તાનમાં લઈ જજો."

હઝરત આઇશા રદિ.એ પરવાનગી આપી દીધી. આમ હઝરત ઉમર રદિ. તેમના ઓરડામાં દફન થયા. આના ઉપરથી તેમની ઊંચી સમજદારી, કુરબાનીની ભાવના અને ભલા ચારિત્ર્યનો ખ્યાલ આવી શકે છે.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા રદિ. બાળપણમાં દૂબળા-પાતળા હતાં પરંતુ પછીથી શરીર ભરાવદાર થઈ ગયું હતું. રંગ લાલ અને સફેદ હતો. ખૂબ જ રૂપાળાં અને તેજસ્વી મહિલા હતાં. લાલ કુરતો અને કાળી ઓઢણી પસંદ કરતા હતાં. સંતોષી સ્વભાવના લીધે ફક્ત એક જોડી કપડાં જ પાસે રાખતા હતાં અને તેને જ ધોઈ ધોઈને પહેરતા હતાં. શરીઅતની પાબંદીનું ખૂબ જ ધ્યાન રાખતાં.

બાળકોને નસીહત કરતાં અને લાજ-શરમ શીખવાડતાં. રસૂલુલ્લાહ સ.અ.વ.ની ખૂબ સેવા કરતા હતાં. પરદાનો એટલી હદ સુધી ખ્યાલ રાખતા હતાં કે એક વખત હઝરત ઇસ્હાક રદિ. નાબીના-અંધ આપને મળવા માટે આવ્યા ત્યારે આપે તેમનાથી પણ પરદો કર્યો. ઇસ્હાક રદિ.એ કહ્યું : આપ મારાથી છૂપાઓ છો. હું તો આપને જોતો નથી." તો કહ્યું: "તમે મને નથી જોતાં. હું તો તમને જોઉં છું."

આપની અંદર સંતોષનો ગુણ ભારોભાર હતો. એક રિવાયતમાં તેમણે કહ્યું : "આપ સ.અ.વ. પછી હું ક્યારેય પેટ ભરીને ખાતી નથી. ખાઉં તો મને રડવું આવે છે." એક માણસે પૂછ્યું "એ શા માટે ?" આપે કહ્યું : "મને એ હાલત યાદ આવે

છે જેમાં નબી સ.અ.વ.એ દુનિયાને છોડી હતી. ખુદાના સોગંદ, દિવસમાં બે વખત પણ આપ સ.અ.વ.એ ધરાઈને રોટલી અને ગોશ્ત નથી ખાધાં."

નબી સ.અ.વ. સાથેના આપના પ્રેમનો અંદાજ આના ઉપરથી કરી શકાય છે કે જ્યારે આપ અબ્દુલ્લાહ બિન ઝુબૈર રદિ.થી નારાજ થઈ ગયા અને તેમની સાથે વાત નહીં કરવાના સોગંદ ખાઈ લીધા ત્યારે અબ્દુલ્લાહ બિન ઝુબૈર રદિ.એ માફી માગી અને નબી સ.અ.વ.ના માતૃપક્ષના લોકો પાસે ભલામણ કરાવવામાં આવી ત્યારે રડીને કહેવા લાગ્યાં: "મેં ભલામણ કબૂલ કરી લીધી." આમ, આગ્રહ અને ભલામણને વશ થઈને માફી તો આપી દીધી પરંતુ કસમ તોડવાના કફ્ફારા માટે ચાલીસ ગુલામ આઝાદ કર્યા.

એક દિવસ આપે રોઝો રાખેલો હતો અને ઘરમાં એક રોટલી સિવાય કંઈ મોજૂદ ન હતું. દરવાજા ઉપર એક માગનાર આવ્યો તો એ રોટલી લઈને તેને ખવડાવી દીધી.

ઇશ્રાકની નમાઝ જો કે નબી સ.અ.વ.એ ઉમ્મેહાની રદિ.ની રિવાયત મુજબ ફક્ત એક જ વખત અદા કરી હતી પરંતુ હઝરત આઇશા રદિ. તેને કાયમ પઢતા હતાં કેમ કે હઝરત આઇશા રદિ.ના કહેવા મુજબ "આપ સ.અ.વ. ઘણી વસ્તુઓને પસંદ કરતા હતાં ત્યારે પોતે એટલા માટે તેની ઉપર અમલ કરતા ન હતાં કે ઉમ્મત ઉપર ફર્ઝ થઈ જશે."

નબી સ.અ.વ. તહજ્જુદની નમાઝ ઘણી લાંબી પઢતા હતાં. હઝરત આઇશા રદિ. આખી આખી રાત આપની સાથે તહજ્જુદની નમાઝમાં સામેલ રહેતા હતાં. તે દુશ્મનો સામે દુશ્મની રાખતા ન હતાં. પોતાના ભાઈ મુહમ્મદ બિન અબૂબક્રના હત્યારા હઝરત મુઆવિયા બિન ખદીજને પણ માફ કરી દીધો.

એક બીજાનો દરજ્જો જાળવવાનું પણ ખાસ ખ્યાલ રાખતા હતાં. એક વખત દરવાજા ઉપર એક માગનાર આવ્યો ત્યારે હઝરત આઇશા રદિ.એ તેને થોડું ખાવાનું આપીને વિદાય કર્યો. પછી એક સારા કપડાંવાળો મુસાફર આવ્યો તો તેને બેસાડીને જમાડ્યો. જ્યારે લોકોએ આ ભેદભાવ ઉપર વાંધો લીધો ત્યારે કહેવા લાગ્યા, "રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે દરેક માણસના દરજ્જા પ્રમાણે વ્યવહાર કરો."

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા સિદ્દીકા રદિ. ખૂબ જ ઉદાર દિલના હતાં. એક વખત ઝુબૈર રદિ.એ તેમને એક લાખ દિર્હમ મોકલ્યા. આપે તે દિવસે રોઝો

રાખેલો હતો. બધી જ રકમ એ જ વખતે વહેંચી દીધી. જ્યારે સાંજ પડી તો કોઈએ કહ્યું, "હે ઉમ્મુલ મુ'મિનીન ! આ રકમમાંથી ઇફતાર માટે થોડું માંસ જ લઈ લેવું હતું." કહ્યું : "તમારે યાદ દેવડાવ્યું હોત."

અલ્લાહતઆલાથી બહુ જ ડરતા હતા અને દિલના બહુ જ નરમ હતા. કેટલીક ગેરસમજોના કારણે જ્યારે હઝરત અલી રદિ. સાથે યુદ્ધ થયું ત્યારે જો કે આ યુદ્ધ સંજોગોવશાત્ થયું હતું, તેમ છતાં જ્યારે પણ તેમને પોતાનું આ સામેલ થવાનું યાદ આવતું હતું ત્યારે બેકાબૂ થઈને ચોધાર આંસુએ રડવા માંડતા હતાં અને ઘણી વખત કહેતા હતાં કે "કદાચ આજથી વીસ વરસ પહેલાં જ હું મરી ગઈ હોત."

પરંતુ નરમાશનો આ મતલબ નથી કે તે કાયર હતાં બલકે રાતના સમયે એકલાં કબરસ્તાન જતા રહેતા હતા. ખન્દકની લડાઈમાં જ્યારે મુસલમાનો ચારે તરફથી મુશ્રિકોથી ઘેરાઈ ગયા હતા અને શહેરની અંદર યહૂદીઓના હુમલાનો ખતરો હતો ત્યારે તે ડર્યા વિના શહેરમાંથી નીકળીને લડાઈના નકશાનું અવલોકન કરતા હતા. ઉહદની લડાઈ વખતે જ્યારે મુસલમાનો ઉપર મુશ્કેલીનો સમય હતો ત્યારે હઝરત આઇશા રદિ. પોતાની પીઠ ઉપર મશક ઉપાડીને ઘાયલોને પાણી પાઈ રહ્યા હતા.

હઝરત આઇશા રદિ.ની અગણિત વિશેષતાઓ છે. પોતાની ફઝીલતોની દૃષ્ટિએ તે કેટલાક ખાસ સહાબીઓ રદિ. સિવાય તમામ સહાબીઓ અને સહાબિયાત રદિ. કરતાં ચડિયાતા હતા. જ્ઞાનમાં, બુદ્ધિશક્તિમાં, અને રસૂલેખુદા સ.અ.વ.ની નિકટતામાં તેમના જેવો બીજો તેમના પિતા સિવાય કોઈ પણ ન હતો. ઘણાં એવા કિસ્સા છે જેમનાં ઉપરથી હઝરત આઇશા રદિ.નો દરજ્જો જાહેર થાય છે પરંતુ તે પોતે રિવાયત કરે છે કે "દસ ગુણ મારામાં એવા છે કે જેમના કારણે મને બીજી પત્નીઓ ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત છે :"

૧. મારા સિવાય નબી સ.અ.વ.ના નિકાહમાં કોઈ પત્ની કુંવારી નથી આવી.
૨. આપ સ.અ.વ.ની પત્નીઓમાં ફક્ત મારામાં જ આ ખાસિયત છે કે મારા માતા-પિતા બન્ને મુહાજિર છે.
૩. અલ્લાહ જલ્લેશાનહુએ આકાશમાંથી મારા દોષમુક્ત હોવાની આયત ઉતારી.
૪. મારા રૂપમાં જિબ્રઈલ અ.સ. નબી સ.અ.વ. પાસે આવ્યા અને કહ્યું કે આઇશા સાથે લગ્ન કરી લો.
૫. હું આપની સામે રહેતી અને આપ સ.અ.વ. નમાઝમાં વ્યસ્ત રહેતા હતાં.

૬. વહીના ઉતરાણ વખતે માત્ર હું જ આપની પાસે રહેતી હતી.
૭. જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ.ની મુબારક રૂહે આલમેકુદ્સ તરફ ઉડાન ભરી તે વખતે આપ સ.અ.વ.નું મુબારક માથું મારી છાતી ઉપર હતું.
૮. હું અને નબી સ.અ.વ. એક જ વાસણમાંથી સ્નાન કરતા હતા.
૯. જે રાત્રે મારો વારો હતો એ જ રાત્રે નબી સ.અ.વ.નું અવસાન થયું.
૧૦. મારા જ ઓરડાને નબી સ.અ.વ.ના દફનનું સ્થાન બનવાનું બહુમાન પ્રાપ્ત થયું.

ઇતિહાસ અને હદીસના પુસ્તકો સાક્ષી છે કે આ ગુણોમાં કોઈ પત્ની હઝરત આઇશા રદિ.ની ભાગીદાર ન હતી. નબી સ.અ.વ. કહ્યું :

"આઇશાને સ્ત્રીઓ ઉપર એવી રીતે શ્રેષ્ઠતા પ્રાપ્ત છે જેવી રીતે સરીદને (ઘઉંની રોટીને ગોશ્તના સોરબામાં સારી રીતે પલાળી તૈયાર કરેલ વાનગી એટલે સરીદ) સામાન્ય વાનગીઓ ઉપર."

મસરૂક તાબેઈ કહે છે : ખુદાના સોગંદ, મેં એમની પાસે મોટા મોટા સહાબીઓ રદિ.ને ફર્ઝના મસાઇલ પૂછતા જોયાં છે.

ઇમામ ઝાહિરીનું કથન છેઃ "જો તમામ પુરુષો અને ઉમ્મહાતુલ મુ'મિનીનના જ્ઞાનને ભેગું કરવામાં આવે તો હઝરત આઇશા રદિ.નું જ્ઞાન આ બધા કરતાં વધારે હશે."

હઝરત અબૂ મૂસા અશ્અરી રદિ. કહે છેઃ "અમે સહાબીઓ રદિ. સમક્ષ કોઈ એવી મુશ્કેલ વાત આવી નથી કે જેને અમે આઇશા રદિ.ને પૂછી હોય અને તેમની પાસેથી તેના વિષે કંઈક જાણકારીઓ અમને ન મળી હોય."

ઉર્વાહ ઇબ્ને ઝુબૈર રદિ. કહે છેઃ "મેં ફિકહ (શરીઅતનો કાનૂન), તબીબી વિદ્યા અને શાયરીમાં હઝરત આઇશા રદિ. કરતાં વધારે કોઈ આલિમને નથી જોયો. તે ઘણી વખત સાઈઠ સાઈઠ અને સો-સો શેરના કસીદા સંભળાવી દેતા હતા."

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના પુત્ર અબૂ સલમા રદિ. કહે છે : "મેં હઝરત આઇશા રદિ. કરતાં વધારે નબીની સુન્નતના જાણકાર આલિમ, દીનમાં તફક્કુહ (સમજ)નો નિષ્ણાત અને કલામેમજીદની આયતોના શાનેનુઝૂલ તથા ફરાઇઝનો જાણનાર બીજા કોઈને જોયો નથી."

અતાઅ બિન અબિર્રિયાહનું કથન છેઃ "હઝરત આઇશા રદિ. સૌથી વધારે ફિકહની વિદ્વાન મહિલા, સૌથી વધારે સારા અને લોકોમાં સૌથી વધારે સાઇબુર્રાય- સૌથી યોગ્ય અભિપ્રાય ધરાવનાર હતાં."

એક દિવસ અમીર મુઆવિયા રદિ.એ એક દરબારીને પૂછયું : "લોકોમાં સૌથી મોટો વિદ્વાન કોણ છે ?" તેણે કહ્યું : "અમીરૂલમુ'મિનીન, આપ છો." તેમણે કહ્યું : "ના, હું સોગંદ આપું છું કે સાચું બતાવો." દરબારીએ કહ્યું : "જો આમ છે તો હઝરત આઇશા રદિ. આનો જવાબ છે."

હઝરત આઇશા રદિ.ને રસૂલુલ્લાહ સ.અ.વ.ની નિકટતાના કારણે આપના વચનો અને કામોનો અભ્યાસ કરવાની ઘણી સરસ તક મળેલી હતી. પરંતુ જયારે આપણે ઊંડી નજર સાથે જોઈએ છીએ કે આપના સિવાય બીજી અનેક હસ્તીઓ પણ એવી હતી જેમને નિકટતાનો આ જ દરજ્જો મળેલો હતો ત્યારે આના ઉપર હઝરત આઇશા રદિ.ની બૌદ્ધિક સરસાઈ દેખાઈ આવે છે. એક જ વાત હતી જેને નબી સ.અ.વ.ના મુબારક મુખેથી હઝરત આઇશા રદિ. સિવાયના બીજા પણ સાંભળતા હતા. પરંતુ જે નિષ્કર્ષ ઉપર આપ પહોંચતા હતા અને તેના સાચા હાર્દ સુધી જેવી રીતે આપની બુદ્ધિ પહોંચી જતી હતી તે પહોંચ બીજાને પ્રાપ્ત થતી ન હતી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા સિદ્દીકા રદિ. બહુ જ ફિલ્સૂફીભરી બુદ્ધિ ધરાવતા હતા. સામાન્ય રીતે જોવામાં આવે છે કે જે લોકો ફિલ્સૂફી જેવી બુદ્ધિ ધરાવે છે તે ધાર્મિક આદેશો તરફથી થોડા બેપરવા થઈ જાય છે એટલા માટે કે દરેક વાતને બુદ્ધિની દૃષ્ટિથી જોવાના કારણે તે અનેક વાતોનું અર્થઘટન કરી લે છે અને છેવટે તકવા-સંયમની હદો સુધી નથી પહોંચતા. પરંતુ હઝરત આઇશા સિદ્દીકા રદિ.નો કમાલ આ છે કે તે ફિલ્સૂફી હોવા છતાં ખૂબ જ મોટા મુત્તકી-સંયમી પણ હતા.

પુરાતન અરબસ્તાનમાં જયાં બીજા કુરિવાજો હતા ત્યાં દોર-ધાગા અને તાવીજ ટોટકાનું પણ ઘણું ચલણ હતું. ખાસ કરીને મહિલાઓમાં, જેમનું કોઈ કામ શુકન લીધા વિના પુરૂં થતું ન હતું પરંતુ હઝરત આઇશા રદિ. ટોટકાને શરઈ રીતે ખરાબ માનતા હતા. તેમણે એક વખત કોઈ બાળકના માથા તરફ અસ્તરો મૂકેલો જોયો તો ભારે સખતાઈથી મનાઈ કરી અને કહ્યું:

"રસૂલુલ્લાહ સ.અ.વ. ટોટકાના સખત વિરોધી હતા."

આ ઘટનામાં આપણા દેશની મહિલાઓ માટે પણ એક ઘણી મોટી નિયામત છે. ટોટકા, શુકન, વહેમ ફક્ત માણસના ઈમાનની કમજોરીને જ જાહેર કરતા નથી બલકે એક સીધાસાદા અને ભોળા મુસલમાનને શિર્ક અને કુફ્રની હદો સુધી લઈ જાય છે. આ અંગે મહિલાઓએ ખૂબ જ સાવચેતી રાખવાની જરૂર છે.

હઝરત આઇશા રદિ.એ બે હજાર પાંચસો જેટલી હદીસો રિવાયત કરી. તેમને

ખુશામતખોરી પ્રત્યે ભારે અણગમો હતો અને પ્રશંસા કરનારાની સાથે મળવાથી ગભરાતા હતા. મરણ પથારી ઉપર હતા ત્યારે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ.એ તેમની સમક્ષ હાજર થવાની રજા માગી. તેમને ખબર હતી કે તે વખાણ કરશે. એટલા માટે પહેલાં તો ના પાડી દીધી, પરંતુ ભાણિયાઓના આગ્રહને માન આપીને તેમને બોલાવી લીધાં. તેમણે આવતાંની સાથે જ આપની ફઝીલતોના ગુણગાન ગાવા માંડ્યા તો આની ઉપર આપે કહ્યું :

"ઇબ્ને અબ્બાસ, મને માફ કરો. સોગંદ છે એ હસ્તીના જેના કબજામાં મારા પ્રાણ છે, મને પસંદ હતું કે હું જન્મી જ ન હોત."

અવસાનની પહેલાં વસિય્યત કરી કે "મને જન્નતુલ બકીઅમાં દફનાવજો જ્યાં બીજી પુનિત પત્નીઓ દફન થયેલી છે."

બીમારીમાં કહેતા હતા કે "અફસોસ, હું પેદા જ ન થઈ હોત. કદાચ હું પથ્થર હોત."

તેમના ચારિત્ર્યની મહાનતા અને ખુદાની મરજીની સામે સમર્પણની ભાવનાનો અંદાજ આના ઉપરથી કરી શકાય છે કે મરણ પથારી ઉપર જ્યારે લોકો ખબર કાઢવા આવતા તો કહેતાં, "અલહમ્દુલિલ્લાહ, સારી છું."

આપ હઝરત અમીર મુઆવિયા રદિ.ના શાસનકાળમાં રમઝાન મહિનામાં અવસાન પામ્યા. જે રાત્રે તેમનું અવસાન થયું મશાલો પેટાવી દેવામાં આવી હતી અને સ્ત્રીઓ એટલી મોટી સંખ્યામાં હતી કે જાણે ઈદ લાગતી હતી. ઉબૈદ બિન કમૈસરે એક માણસને પૂછયું કે "હઝરત આઇશા રદિ.ના અવસાનથી કોને કોને દુ:ખ પહોંચ્યું તો તેણે જવાબ આપ્યો : "જેની જેની તે મા હતાં તેમને જ તેમનું દુ:ખ હતું."

તેમણે વસિય્યત કરી કે રાત્રે જ મને દફન કરી દેજો. એટલા માટે એ જ રાત્રે વિત્રની નમાઝ પછી જન્નતુલ બકીઅમાં દફન થયા. એ રાતે બકીઅમાં એટલી મોટી સંખ્યામાં લોકોની ભીડ એકત્ર થઈ ગઈ હતી કે આવું પહેલાં ક્યારેય જોવામાં આવ્યું ન હતું. હઝરત અબૂ હુરૈરહ રદિ.એ જનાઝાની નમાઝ પઢાવી. અબ્દુલ્લાહ બિન ઝુબૈર રદિ., કાસિમ બિન મુહમ્મદ રદિ., અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન અબ્દુર્રહ્માન અને અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહ્માને કબરમાં ઉતાર્યાં.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત હફ્સા

(રદિયલ્લાહુતઆલા અન્હા)

હઝરત મુહમ્મદ સ.અ.વ. હજુ નબી તરીકે નિમાયા ન હતા પરંતુ તેમને કુરૈશ અનેં અરબસ્તાનમાં ખૂબ જ માનની નજરથી જોવામાં આવતા હતાં. કુરૈશ કા'બાના મુતવલ્લી હતા, કા'બાના બાંધકામના કામમાં વ્યસ્ત હતા, જેમાં બનૂ કુરૈશ અને મક્કાના નાના અને મોટા બધા જ સામેલ હતા. હઝરત ઉમર ફારૂક રદિ. પણ તેમાંથી એક હતાં. અચાનક ઉમર ફારૂક રદિ.ને આ સંદેશો મળ્યો કે તેમને ત્યાં એક દીકરીએ જન્મ લીધો છે. આ હફ્સા રદિ. હતા. હફ્સા રદિ. હઝરત ઉમર બિન ખત્તાબ રદિ. ફારૂકે આઝમ, દ્વિતીય ખલીફાના સુપુત્રી હતાં જે પાછળથી ઉમ્મુલ મુ'મિનીનના દરજ્જાએ પહોંચ્યા.

જયારે રસૂલુલ્લાહ સ.અ.વ.એ નબુવ્વતનો એલાન કર્યો ત્યારે થોડા લોકો સિવાય સમસ્ત કુરૈશ અને સમસ્ત અરબસ્તાન આપના વિરોધી થઈ ગયો. એ જ હાથ જે ગઈકાલ સુધી મુહમ્મદ સ.અ.વ.ને ભેટવા માટે બેચેન હતા અને 'સાદિક' તથા 'અમીન'ના ઇલ્કાબ વડે બોલાવતા હતા તલવારો તેજ કરીને શમ્એ રિસાલતને ઓલવી નાખવા માટે તૈયાર થઈ ગયા. ઉમર ખત્તાબ રદિ. પણ તેમાંથી એક હતા. પરંતુ સાંજ પડવામાં, સંજોગો બદલવામાં અને જૂઠના ઉઘાડા પડી જવામાં જેવી રીતે વાર લાગતી નથી એવી જ રીતે હઝરત ઉમર ફારૂક રદિ. ઉપર સત્ય ખુલી ગયું અને તેમની તલવાર જે રસૂલુલ્લાહ સ.અ.વ.ના લોહીની તરસી હતી, હવે તેમની જ રક્ષક બની ગઈ. હઝરત ઉમર રદિ. જેવી રીતે ઇસ્લામના વિરોધમાં તેજ અને સક્રિય હતા સમર્થનમાં પણ સૌથી આગળ નીકળી ગયા. મુસલમાન થયા ત્યારે પોતાની સાથે આખાય કબીલાને પણ મુસલમાન

બનાવી લીધો. આમ હઝરત હફ્સા રદિ. પણ મુસલમાન થઈ ગયા.

હઝરત હફ્સા રદિ.નો પહેલો નિકાહ ખનીસ બિન હુઝાફા રદિ. સાથે થયો હતો. ખનીસ બિન હુઝાફા રદિ. અને હફ્સા રદિ. ઈસ્લામના પ્રેમમાં એકબીજાથી ચડિયાતા હતા. અને આ વાતનો નિર્ધાર કરી લીધો હતો કે દરેક હળવા-ભારે સંજોગોમાં રસૂલુલ્લાહ સ.અ.વ.નો સંગાથ નહીં છોડે. બંનેનો પ્રેમ આપસમાં ઈસ્લામના સંબંધના લીધે હતો. એટલા માટે જ્યારે સૌથી મોટી કુરબાનીનો સમય આવ્યો ત્યારે બંનેના કદમ પાછા ન પડયા. ઈસ્લામના ઈતિહાસમાં હિજરત કોઈ સાધારણ ઘટના ન હતી. પરંતુ જ્યારે નબી સ.અ.વ.નો હુકમ આવી ગયો ત્યારે એ વખતે દરેક મુસલમાને ધન-દોલત, વતન, ખ્યાતિ, બાલ-બચ્ચાંનો પ્રેમ અને સામાજિક આકર્ષણોને છોડીને કદમ મદીના તરફ માંડી લીધાં. ખનીસ રદિ. અને હફ્સા રદિ. પણ હિજરત કરનારામાંથી હતા. બંનેએ મક્કા છોડ્યું અને મદીનાની રાહ પકડી.

હફ્સા રદિ. જો ઈસ્લામના ચાહક હતા તો ખનીસ રદિ. ઈસ્લામના સૈનિક હતા. મદીના પહોંચીને પણ જ્યારે તોફાની તત્ત્વો અને કાફિરોએ મુસલમાનોને ચેનથી રહેવા ન દીધા ત્યારે બદ્રની લડાઈની ઘટના ઘટી. માલ-દોલત, દેશ અને બાલ-બચ્ચાંની કુરબાની પછી હવે પ્રાણ હોમવાનો તબક્કો આવી લાગ્યો હતો. ખનીસ રદિ. આ લડાઈમાં કેવી રીતે પાછળ રહેતા ? હફ્સા રદિ.એ પતિની શહાદત માટે પહેલી અને સલામતી માટે બીજી દુઆ માગી અને ખનીસ રદિ. બદ્રની લડાઈમાં એવા જોમ અને જુસ્સા સાથે લડયા કે મક્કાના મુશ્રિકો દંગ રહી ગયા. તે જ સ્થળે શહીદ તો ન થયા પરંતુ ઘાતક ઈજાઓ થઈ. જખ્મી અને વિજયી હાલતમાં મદીના પાછા આવ્યા પછી આ જ બીમારીમાં અવસાન પામ્યાં અને હઝરત હફ્સા રદિ. વિધવા થઈ ગયા.

અરબસ્તાનમાં આ એક કુરિવાજ હતો કે જો કોઈ સ્ત્રી વિધવા થઈ જાય તો જહાલતના સમાજોની જેમ તેના લગ્ન કરતા ન હતા. એટલા માટે જ્યાં ઈસ્લામે સ્ત્રીને બીજા સમાન હક્કો આપ્યા ત્યાં આ વાતનો પણ હક્ક આપ્યો બલકે આ વાત ઉપર આગ્રહ રાખ્યો કે જો એક વખત સ્ત્રી વિધવા થઈ જાય તો તેનો મતલબ આ નથી કે તે જિંદગીભર મા-બાપના ઘરે અથવા આમતેમ ભટકતી રહીને જીવન પસાર કરી દે, બલકે તેના માટે આ જરૂરી છે કે તે ન્યાયના તકાદાઓ મુજબ નવું ઘર વસાવે અને મુસ્લિમ સમાજને બીમાર થવાથી બચાવી લે. કેમ કે ઉમ્મતે મુસ્લિમા એક કોમ છે એક મુઠ્ઠીની જેમ, અને તેમાંથી કોઈ એક વ્યક્તિનું દુઃખ સમસ્ત સમાજનું દુઃખ છે. આ જ કારણ છે કે તમામ ઈસ્લામી ઈતિહાસ ઉપર નજર નાખો તો આ વાત સ્પષ્ટ થઈ જાય છે

કે નબવીકાળમાં અને ખુલફાએ રાશિદીનના જમાનામાં બલકે તેના થોડા સમય પછી પણ પતિના અવસાન પછી બીજું લગ્ન કોઈ મોટો સામાજિક એબ ન હતો બલકે તેને એક સામાન્ય કામની હેસિયત પ્રાપ્ત હતી. આ ઉત્તમ રિવાયતનો પુરાવો નબી સ.અ.વ.નું જીવન પણ છે. ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા રદિ. સિવાય આપ સ.અ.વ.એ તમામ નિકાહ વિધવાઓ સાથે કર્યાં અને આ વાતને નકારી દીધી કે સ્ત્રીનું એક વખતે વિધવા થઈ જવું તેના જીવનના દરવાજા બંધ થઈ જવા સમાન છે. વિધવાઓના લગ્નનું મહત્ત્વ એ રીતે પણ છે કે તેનો અમલ થવાથી સમાજમાં દુ:ખી વ્યક્તિઓની કમી થાય છે, ઉમ્મતે મુસ્લિમા વૃદ્ધિ પામે છે અને સામાજિક સંતુલન પેદા થાય છે, કેમ કે ઇસ્લામની નજીક એ સમાજ કોઈ સમાજ જ નથી જે પોતાની અંદર નાદારો, મોહતાજો, દુ:ખી લોકો, અનાથો, ગરીબો અને વિધવાઓને સમાવી લેવાનો ગુણ ધરાવતો નથી. કેમ કે દૂઝતાં જખ્મોનો ઇલાજ આ નથી હોતો કે તેમને એવી જ હાલતમાં છોડી દેવામાં આવે અથવા તેમને કાપીને ફેંકી દેવામાં આવે બલકે આ હોય છે કે તેમની ઉપર પુષ્કળ પ્રમાણમાં સહાનુભૂતિ અને પ્રેમનો મલમ લગાવીને તેમને સમાજનો એક ભાગ બનાવી લેવામાં આવે. આ એક વાતથી જ ઇસ્લામી સમાજવ્યવસ્થાની હિકમત અને મહત્તા ખુલીને સામે આવી જાય છે.

જ્યારે હઝરત હફ્સા રદિ. વિધવા થઈ ગયાં ત્યારે હઝરત ઉમર રદિ.ને તેમનો બીજો નિકાહ કરાવવાની ચિંતા રાત-દિવસ રહેવા લાગી. આમ તેમના બીજા નિકાહનો કિસ્સો ઘણો રસપ્રદ છે. હઝરત ઉમર રદિ.નો એવો ઇરાદો હતો કે હફ્સા રદિ.ને હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ. સાથે પરણાવી દેવામાં આવે. તેથી તેમણે હઝરત અબૂબક્ર રદિ.ને વાત કરી પરંતુ તે ચૂપ રહ્યા અને તેમણે કોઈ જવાબ ન આપ્યો. આ વાત હઝરત ઉમર રદિ.ને ઘણી ખરાબ લાગી. એ વખતે હઝરત ઉસ્માન રદિ.ના પત્ની અને રસૂલુલ્લાહ સ.અ.વ.ના પુત્રી રુકૈયા રદિ.નું પણ અવસાન થઈ ગયું હતું. એટલા માટે હઝરત ઉમર રદિ.એ હઝરત હફ્સા રદિ. માટે હઝરત ઉસ્માન રદિ.ને વાત કરી. પરંતુ હજુ તેમનું દુ:ખ તાજું હતું. તેમણે કહ્યું : "હું હમણાં નિકાહ કરવા માગતો નથી."

એટલે હઝરત ઉમર રદિ. પોતાના સાથી અને માર્ગદર્શક નબી સ.અ.વ. પાસે આવ્યા અને આપને આખી બીના કહી સંભળાવી. હઝરત ઉમર રદિ. અને નબી સ.અ.વ.ના સંબંધો ખૂબ જ નજીકના, મિત્રાચારીભર્યાં અને જાન આપી દેવાના હતા. આપસની નિકટતાને આ સંબંધ દ્વારા વધુ મજબૂત પણ કરી શકાય તેમ હતો. હઝરત

અબૂબક્ર રદિ.ના પુત્રી, હઝરત આઇશા રદિ. નબી સ.અ.વ.ના નિકાહમાં પહેલાંથી જ આવી ગયેલા હતાં. હઝરત ઉમર રદિ.ની સુપુત્રીને પણ આ જ બહુમાન મળવાનું કુદરતને મંજૂર હતું એટલા માટે નબી સ.અ.વ.એ કહ્યું :

"હફ્સા રદિ.નો નિકાહ એવા માણસ સાથે ન થઈ જાય જે ઉસ્માન રદિ.થી બહેતર અને ઉસ્માન રદિ.ને એવી પત્ની ન આપવામાં આવે જે હફ્સા રદિ. કરતાં બહેતર છે ?"

આમ, નબી સ.અ.વ.એ પોતાની દીકરી હઝરત કુલસૂમ રદિ.નો નિકાહ હઝરત ઉસ્માન રદિ. સાથે કરી દીધો અને હઝરત ઉમર રદિ.ને હઝરત હફ્સા રદિ.નો પયગામ આપીને તેમની સાથે નિકાહ કરી લીધો. આમ હઝરત ઉસ્માન રદિ. "ઝુન્નુરૈન" (બે નૂરવાળાં) અને હઝરત હફ્સા રદિ. ઉમ્મુલ મુ'મિનીન બની ગયાં. હઝરત હફ્સા રદિ.નો નિકાહ હિજરતના ત્રણ વરસ પછી થયો. ત્યાર પછી હઝરત અબૂબક્ર રદિ. હઝરત ઉમર રદિ.ને મળ્યાં અને કહ્યું :

"તમે મારાથી નારાજ ન થાવ. રસૂલુલ્લાહ સ.અ.વ.એ હઝરત હફ્સા રદિ.નો ઉલ્લેખ કર્યો હતો અને હું આ વાત જાહેર કરવા માગતો ન હતો. એટલા માટે ચૂપ રહ્યો. જો નબી સ.અ.વ.નો વિચાર આ ન હોત તો હું આપના કહેવાનો ઇનકાર ન કરત."

આ સાંભળીને હઝરત ઉમર રદિ.નું દિલ સાફ થઈ ગયું. આ આખાય કિસ્સામાં વધારે મજાની વાત આ છે કે હઝરત ઉમર રદિ.એ તો હઝરત હફ્સા રદિ.નો નિકાહ અહીં-તહીં કરવાની કોશિશ કરી, પરંતુ હઝરત હફ્સા રદિ.ની કિસ્મતમાં ઉમ્મુલ મુ'મિનીન બનવાનું લખ્યું હતું એટલા માટે આ બહુમાન એમને મળીને રહ્યું અને નિકાહ પછી તે પણ નબી સ.અ.વ.ના રોજિંદા કામોમાં સામેલ થઈ ગયા.

જેવી રીતે નબી સ.અ.વ.ની તમામ પત્નીઓની બાબતમાં કોઈ ને કોઈ મહત્ત્વની વાત અથવા કિસ્સો રહેલો છે એવી જ રીતે કુર્આનિમજીદની કેટલીક સૂરઃઓ અને અમુક આયતોના ઉતરાણ પાછળની ભૂમિકા પણ આપ સ.અ.વ.ની પત્નીઓ સાથે જઈ મળે છે. નબી અ.સ.વ.ની ટેવ હતી કે આપ અસ્રની નમાઝ પછી પત્નીઓ પાસે જતા હતાં. એવી જ રીતે એક દિવસ હઝરત ઝૈનબ રદિ. પાસે આવ્યાં તો તેમણે નબી સ.અ.વ.ને મધ આપ્યું. નબી સ.અ.વ.એ મધ ખાધું. એ દિવસે હઝરત ઝૈનબ રદિ. પાસે રોજિંદા સમય કરતાં વધારે સમય થઈ ગયો. આની ઉપર હઝરત આઇશા રદિ.ને ઈર્ષ્યા થઈ કે શું વાત હતી જેના લીધે આપને આટલું મોડું થઈ ગયું. તેમણે સ્થિતિની

જાણકારી મેળવી તો ખબર પડી કે કોઈ સ્ત્રીએ હઝરત ઝૈનબ રદિ.ને ભેટમાં મધ મોકલ્યું હતું. નબી સ.અ.વ.એ ખાધું છે. હઝરત આઇશા રદિ.એ આનો ઉલ્લેખ હઝરત હફ્સા રદિ. સમક્ષ કર્યો અને તેમને શીખવાડ્યું કે જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ. તમારી પાસે આવે તો કહેજો કે, હે અલ્લાહના રસૂલ સ.અ.વ., આપે મગાફિર (મગાફિર એક પ્રકારનું ફૂલ છે જેને મધમાખી ચૂસે છે. તેમાં અમુક પ્રમાણમાં ગંધ હોય છે અને ગંધ આપને સખત નાપસંદ હતી) ખાધું છે. આપ સ.અ.વ. કહેશેઃ "મને ઝૈનબે મધ પીવડાવ્યું છે." ત્યારે તમે કહેજો કે આ મધ અર્ફતની માખીનું છે. (અર્ફતની માખી મગાફિરના ફૂલમાંથી મધ મેળવે છે.)

આમ, જ્યારે નબી અ.સ.વ. હઝરત હફ્સા રદિ. પાસે ગયાં ત્યારે તેમણે એ જ બધું કહ્યું જે પહેલાંથી નક્કી થઈ ગયેલું હતું. હઝરત આઇશા રદિ.એ પણ એ જ વાતો કરી. ત્યારપછી આપ સ.અ.વ. એક દિવસ હઝરત ઝૈનબ રદિ. પાસે આવ્યાં ત્યારે તેમણે આપને રાબેતા મુજબ મધ આપ્યું. આપ સ.અ.વ. કહ્યું કે "મને આની જરૂર નથી." અને પ્રતિજ્ઞા કરી લીધી કે હવેથી ક્યારેય મધ નહીં ખાય. આના પછી કુર્આનિમજીદની સૂરઃ તહ્રીમની આ આયત ઊતરીઃ

"હે નબી, તમે પોતાની પત્નીઓની ખુશી ખાતર જે વસ્તુ ખુદાએ હલાલ ઠરાવી છે તેને પોતાની ઉપર હરામ કેમ કરો છો." આને તહ્રીમનો કિસ્સો કહેવામાં આવે છે.

તહ્રીમના આ કિસ્સાના થોડા દિવસ પછી હઝરત હફ્સા રદિ. એક બીજી આયતના ઉતરાણનું કારણ બન્યાં. વાત એમ બની કે નબી સ.અ.વ.એ કોઈ ગુપ્ત વાત હઝરત હફ્સા રદિ.ને કહી. અને તાકીદ કરી કે કોઈને ન કહેતાં. પરંતુ તેઓ હઝરત આઇશા રદિ.થી છૂપાવી ન શક્યાં અને તેમણે મનની વાત કહી નાખી. આના માટે સૂરઃ તહ્રીમની આ આયત ઊતરીઃ

"અને જ્યારે પયગમ્બરે પોતાની કેટલીક પત્નીઓને ગુપ્ત વાત કહી અને તેમણે ખોલી દીધી અને ખુદાએ પયગમ્બરને આની ખબર આપી દીધી ત્યારે પયગમ્બરે તેનો કેટલોક ભાગ તેમને કહ્યો અને કેટલોક છોડી દીધો. પછી જ્યારે તેમને કહ્યું ત્યારે તેમને કહ્યું કે કોણે આપને ખબર આપી. પયગમ્બરે કહ્યું, મને જાણનાર અને ખબર રાખનાર ખુદાએ ખબર આપી છે !"

હવે કેમ કે આ સ્થિતિ નબી સ.અ.વ.ની નારાજગીનું કારણ બની ત્યારે હઝરત હફ્સા રદિ. અને હઝરત આઇશા રદિ.એ સહમત થઈને મામલો ઉકેલવાનો પ્રયાસ

કર્યો ત્યારપછી સૂર: તહ્રીમની આ આયત ઊતરી:

"જો તમે ખુદા તરફ રુજૂ કરો તો તમારા હિતમાં બહેતર છે કેમ કે તમે ખોટો માર્ગ અપનાવ્યો છે, અને જો પયગમ્બરની વિરુદ્ધ કાવત્રાં કરશો તો તેમનો મદદગાર અલ્લાહ છે અને જિબ્રઈલ અને ભલા નેક મુસલમાન અને તે ઉપરાંત બીજાં ફરિશ્તા પણ પયગમ્બરના મદદગાર અને હિમાયતી છે."

આ આયતમાંથી આ વાત પણ જાહેર થઈ જાય છે કે નબીની પત્નીઓ નબીની જેમ માસૂમ (નિર્દોષ) નથી હોતી બલકે તે જો ક્યારેક કોઈ નાની-મોટી ભૂલચૂક પણ કરે તો ખુદા તેમને ઠપકો આપે છે કેમ કે નબી સ.અ.વ.ની પત્નીઓ ઉમ્મતની માઓ છે અને જેવી રીતે નબીની હસ્તી મુસલમાનો માટે નમૂનારૂપ - આદર્શ હતી અને છે એવી જ રીતે નબી સ.અ.વ.ની પત્નીઓમાં પણ નાની-મોટી ભૂલ પણ ખુદાને અને તેના રસૂલને બિલકુલ પસંદ ન હતી.

હઝરત હફ્સા રદિ. દીનની અસીમ સમજ ધરાવતા હતાં અને તેમને દીનની તાલીમનો પણ ઘણો શોખ હતો. આપની દીનની જાણકારી જે કમાલ કક્ષાએ પહોંચેલી હતી તેનો અંદાજ આ એ ટૂંકા કિસ્સા ઉપરથી આવી શકે છે:

એક વખત નબી સ.અ.વ.એ કહ્યું :

"મને આશા છે કે બદ્ર અને હુદૈબિયાના સહાબીઓ જહન્નમમાં દાખલ નહીં થાય."

ત્યારે હઝરત હફ્સા રદિ.એ તરત જ સવાલ કર્યો, હે અલ્લાહના રસૂલ સ.અ.વ.! આ કેવી રીતે શક્ય છે કેમ કે અલ્લાહ તો કહે છે કે આપણામાંથી દરેક જણ એક વખત જહન્નમમાં જરૂર જશે અને તેના પછી તેમણે કુર્આનની આ આયત પઢી:

"પછી અમે પરહેજગાર લોકોને છુટકારો આપીશું અને જાલિમોને તેમાં ઘૂંટણભેર પડેલાં છોડી દઈશું."

દીનની આ સમજ જ હતી કે તેમની પાસે ઘણાં લોકો જ્ઞાન મેળવવા માટે હાજર થતા હતા.

અબ્દુલ્લાહ બિન ઉમર રદિ., હમ્ઝા બિન અબ્દુલ્લાહ રદિ., હારિસા બિન વાહિબ રદિ., અને અબ્દુર્રહ્માન બિન હારિસ રદિ. વિગેરે પુરુષોમાંથી અને સફિયા બિન્તે અબી ઉબૈદહ, ઉમ્મે મૈશર અન્સારિયા સ્ત્રીઓમાં તેમના વિદ્યાર્થીઓમાં સામેલ હતાં. હઝરત હફ્સા રદિ.એ ૬૦ હદીસો રિવાયત કરી છે જે તેમણે ખુદ નબી સ.અ.વ.

અને હઝરત ઉમર રદિ. પાસેથી સાંભળી હતી. આ વિશિષ્ટતાઓ ઉપરાંત હઝરત હફ્સા ખૂબ જ ઇબાદતગુઝાર અને ઝાહિદા હતાં, તે લોકોની સમક્ષ ફક્ત દીન જ બયાન કરતા ન હતા અને લોકો તેમની પાસે દીન સમજવા માટે આવતા હતાં, બલકે આની સાથે જ તે દીન ઉપર ચુસ્તપણે અમલ પણ કરતા હતા. આખી આખી રાત જાગીને ઇબાદત કરતાં અને સવારે વહેલા ઊઠી જતા હતા. તેમણે આખરી વખત સુધી ક્યારેય રોઝો ન છોડ્યો.

હઝરત આઇશા રદિ. અને હઝરત હફ્સા એક બીજાને ખૂબ ચાહતા હતા. ઘણાં મામલાઓમાં એક બીજાની સાથે રહેતા પરંતુ કોઈ કોઈ વખત હરિફાઈ પણ જાહેર થઈ જતી હતી. પરંતુ આ બાબતમાં કોઈ પણ કિસ્સો મોજૂદ નથી કે જ્યારે હરિફાઈ વધી ગઈ હોય. હઝરત હફ્સા રદિ. જે વાતનો નિર્ધાર એક વખત કરી લેતા હતા તેને હંમેશાં પૂરો કરીને રહેતા. હઝરત આઇશા રદિ. તેમના વિષે કહેતા હતા કે હઝરત હફ્સા રદિ. પોતાના બાપની દીકરી હતા, જેવા પાકા ઇરાદાના તે છે, એવા જ આ પણ છે.

હઝરત હફ્સા રદિ. સ્વભાવના થોડા તેજ પણ હતા અને ઘણી વખત તો તે નબી સ.અ.વ.ને સામે જવાબ દઈ દેતા હતા. હઝરત ઉમર ફારૂક રદિ.ની રિવાયત છે "જહાલતકાળમાં સ્ત્રીઓની બહુ ઓછી ઇજ્જત થતી હતી. એક દિવસ હું કોઈ સમસ્યામાં વ્યસ્ત હતો કે મારી પત્નીએ મને સલાહ આપી. મેં તેમને ઠપકો આપ્યો કે તમારે આ કામો સાથે શું લેવા દેવા? બોલ્યા, તમને મારી વાત સારી નથી લાગી જો કે તમારી પોતાની દીકરી નબી સ.અ.વ.ને સામે જવાબ આપે છે. હું આ સાંભળીને હફ્સા રદિ.ની પાસે આવ્યો અને પૂછ્યું કે શું વાત છે. તેમણે કહ્યું કે બેશક હું એવું જ કરૂં છું. મેં કહ્યું, ખબરદાર એવું ન કરો. હું તમને અલ્લાહના અઝાબથી ડરાવું છું."

પરંતુ હઝરત હફ્સા રદિ.ના મિજાજની તેજીએ ક્યારેય પણ ગુસ્તાખીની હદોને સ્પર્શ ન કર્યો. તેમણે ખૂબ જ આચરણનું જીવન ગુજાર્યું. દીનના જ્ઞાનની પ્રાપ્તિ અને તેનું શિક્ષણ આપવું તેમના જીવનનો ધ્યેય હતો. રસૂલુલ્લાહ સ.અ.વ.ના અવસાનના ૩૫ વરસ પછી અવસાન પામ્યા અને તેમને જન્નતુલબકીઅમાં દફન કરવામાં આવ્યા.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા

(રદિયલ્લાહુતઆલા અન્હા)

-ઉમ્મુલમસાકીન (ગરીબોની માતા)ના ઇલ્કાબથી પ્રખ્યાત હતાં. તેઓ કેમ કે ખૂબ જ દયાળુ દિલના અને ગરીબોનું ધ્યાન રાખનાર હતા તેમજ ગરીબોની મદદ કરવા માટે હંમેશાં તત્પર રહેતા હતા, મોહતાજો, મુસીબતના માર્યા અને જરૂરતમંદ લોકો સાથે હંમેશાં ખૂબ સારો વ્યવહાર કરતા હતા એટલા માટે તેમનું નામ "ઉમ્મુલમસાકીન" પડી ગયું અને આ અસલ નામ કરતાં પણ વધારે પ્રખ્યાત થયું.

નબી સ.અ.વ.ના તે પાંચમા પત્ની છે. આની પહેલાં નબી સ.અ.વ.ના જેટલા નિકાહ થયા તે તમામ આપ સ.અ.વ.ના પોતાના જ ખાનદાન એટલે કે કુરૈશમાં થયા. આ પહેલાં બિનકુરૈશી મહિલા હતા જે રસૂલેઅકરમ સ.અ.વ.ના નિકાહમાં આવ્યાં. હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા રદિ.નો નિકાહ નબી સ.અ.વ. સાથે હિજરી સન ૪ માં થયો. એ વખતે તેમની ઉંમર ૩૧ વરસ હતી અને કેટલીક રિવાયતોમાં તેમની ઉંમર ૪૮ વરસ પણ જણાવવામાં આવી છે.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઝૈનબ રદિ. સાથે નબી સ.અ.વ.ના નિકાહ પાછળનું કારણ આ હતું કે નિરાધાર વિધવાઓ, જે પોતાના પતિના અવસાન પછી સમાજ ઉપર બોજો બની જતી હતી તેમને નબી સ.અ.વ.એ ઇસ્લામના કાનૂન હેઠળ બીજી વખત માન-આદર અને રક્ષણની હક્કદાર ઠરાવી દીધી. હઝરત ઝૈનબ રદિ.નો પહેલો નિકાહ તુફૈલ બિન હારિસ સાથે થયો હતો. તેમના અવસાન પછી ઉબૈદહ બિન હારિસ રદિ. સાથે થયો. પરંતુ તે બદ્રની લડાઈમાં ઇસ્લામની જંગ લડતાં લડતાં શહીદ થઈ ગયાં. તુફૈલ બિન હારિસ રદિ. અને ઉબૈદહ બિન હારિસ રદિ. બન્ને રસૂલુલ્લાહ સ.અ.વ.ના પિતરાઈ ભાઈ હતા. તેમના પછી હઝરત ઝૈનબ

રદિ.નો ત્રીજો નિકાહ આપ સ.અ.વ.ના ફોઈના દીકરા અબ્દુલ્લાહ બિન હજશ રદિ. સાથે થયો. પરંતુ તે પણ ઉહુદમાં ઇસ્લામની લડાઈ લડતાં લડતાં શહીદ થઈ ગયા. બદ્રની લડાઈ અને ઉહુદની લડાઈ બન્નેએ હઝરત ઝૈનબ રદિ.ને શહીદોની વિધવા હોવાનું બહુમાન એનાયત કર્યું. આમ, હઝરત ઝૈનબ રદિ.ના ત્રણ પતિ એક પછી એક તેમને વિરહનું દુઃખ આપી ગયા. અને હવે તેમની સુરક્ષા અને સમાજમાં ફરીથી સ્થિર થવાનો કોઈ રસ્તો ન હતો. તેમના ત્રીજા પતિ ઉહુદની લડાઈમાં શહીદ થઈ ગયા. આ લડાઈમાં કુલ ૭૦ મુજાહિદો શહીદ થયાં અને આમ ઉહુદની લડાઈ પછી મદીનામાં લગભગ અડધોઅડધ મહિલાઓ વિધવા થઈ ગઈ અને આ વિધવાઓ જેમનો કોઈ આશરો ન હતો તેમને ઇસ્લામે એકલી ન છોડી બલકે અલ્લાહતઆલાની પ્રસન્નતા અને સમાજમાં હકારાત્મક મૂલ્યોને જારી કરવા માટે મુસલમાનોની આ વિધવાઓ સાથે નિકાહ કરીને તેમની વિવશતા અને લાચારીને દૂર કર્યાં. એ જમાનામાં વિધવાઓ સાથે નિકાહ કરવા માટે કોઈ તૈયારી દર્શાવતું ન હતું, અને આમ વિધવાઓ સમાજ અને પોતાની જાત માટે બોજો બની જતી હતી. અને આપણે જોઈએ છીએ કે આ જ ચલણ આજના જમાનાનો પણ છે. ભૌતિકવાદ અને સ્વાર્થ માણસમાં રહેલા નૈતિક મૂલ્યો, આબરૂ અને બલિદાનની ભાવનાને ખતમ કરી નાખે છે, પરંતુ ઇસ્લામનું શિક્ષણ આનાથી વિપરિત છે કેમ કે ઇસ્લામમાં ઇજ્જત અને આબરૂ એ ચારિત્ર્યની છે જે તકવા અને સંયમના પાયા ઉપર રચાય છે. આમ, ઉહુદની લડાઈ પછી મુસલમાનોએ બલિદાનની ક્યારેય ખતમ ન થનાર ભાવનાનું પ્રદર્શન કર્યું અને એ વિધવાઓ જે નિરાધાર થઈ ગઈ હતી તેમને શરીઅતના કાનૂન મુજબ પોતાના ઘરોમાં જગ્યાઓ આપી.

મુસલમાનોને અમલ માટે પ્રોત્સાહિત કરવા માટે નબી સ.અ.વ.એ પોતે નિરાધાર વિધવાઓને પોતાના નિકાહમાં લીધી. આપ સ.અ.વ.ને જોઈને મુસલમાનોએ પણ નબીની સુન્નત ઉપર અમલ કર્યો અને વિધવાઓ સાથે ખુશી ખુશી નિકાહ કર્યાં. "ઉમ્મુલમસાકીન" ના સગાં એટલા સક્ષમ ન હતા કે તે તેમની મદદ કરી શકત. તેમના માટે આશ્રય લેવાની કોઈ એવી જગ્યા ન હતી જ્યાં તે જીવનના બાકીના દિવસો શાંતિપૂર્વક પસાર કરી લેત. અલ્લાહના માર્ગમાં સતત ખર્ચ કરતા રહેવાના કારણે તેમની કોઈ મિલ્કત ન હતી. તેમના એક પતિ બદ્રની લડાઈમાં અને બીજા ઉહુદની લડાઈમાં શહાદતને વર્યા હતા. મદીનાની તરફ હિજરત કરવાની તકલીફો વેઠ્યા પછી હઝરત ઝૈનબ રદિ.ના જીવનમાં એક પછી એક

આઘાતોની ભરપાઈ આ જ રીતે થઈ શકતી હતી કે નબી સ.અ.વ. તેમને પોતાના નિકાહમાં લાવે. આમ, હિજરી સન ૪ ના આરંભમાં હઝરત ઝૈનબ રદિ.નો નિકાહ નબી સ.અ.વ. સાથે થયો.

હઝરત ઝૈનબ રદિ. અને નબી સ.અ.વ.નો સંગાથ ટૂંકા સમયનો રહ્યો. આ સંગાથનો ગાળો બહુ બહુ તો ત્રણ મહિના છે, તે પછી હઝરત ઝૈનબ રદિ.ને અલ્લાહતઆલા તરફથી નિમંત્રણ આવી ગયું. તેમના જનાઝાની નમાઝ ખુદ નબી સ.અ.વ.એ પઢાવી અને પોતે જ તેમને કબરમાં ઉતાર્યાં. હઝરત ખદીજા રદિ. પછી હઝરત ઝૈનબ રદિ. બીજી પત્ની છે જે નબી સ.અ.વ.ના જીવનકાળમાં જન્નતનશીન થયાં.

આપ અત્યંત નેક, અલ્લાહના માર્ગમાં ખર્ચ કરનાર, ગરીબો પ્રત્યે મહેરબાન અને ધૈર્યવાન મહિલા હતાં.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત ઉમ્મે સલમા

(રદિયલ્લાહુતઆલા અન્હા)

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે સલમા રદિ.નો સંબંધ કુરૈશના બની મખ્ઝૂમ કબીલા સાથે હતો. મૂળ નામ હિંદ હતું પરંતુ કેમ કે કુન્નિયત વધારે જાણીતી છે એટલા માટે ઉમ્મેસલમા રદિ.ના નામથી જાણીતા છે. પહેલા તેમનો નિકાહ અબૂ સલમા અબ્દુલઅસદ સાથે થયો જે તેમના પિતરાઈ ભાઈ પણ હતા. અને આ બન્ને પતિ-પત્ની ઇસ્લામના એલાન પછી એ લોકોમાંથી છે જેમણે શરૂઆતમાં જ ઇસ્લામનો સ્વીકાર કર્યો. અને બન્ને હિજરતો એટલે કે પહેલી હિજરતે હબ્શા અને પછી બીજી હિજરતે મદીનામાં પણ ભાગ લીધો. હિજરત વખતે જ્યારે કે મુસલમાનો ચારેય તરફથી મુસીબતોમાં ઘેરાયેલા હતા અને તેમની પરેશાનીઓનો પાર ન હતો ત્યારે હઝરત ઉમ્મે સલમા રદિ.એ મોટી મુસીબતો ઊઠાવી. જ્યારે પણ હિજરતનો ઉલ્લેખ થતો ત્યારે તે ગૌરવપૂર્વક કહેતાં કે "હું નથી જાણતી કે એહલેબયઅતમાંથી કોઇએ એ મુસીબતો ઊઠાવી હતી જે ઇસ્લામની ખાતર અબૂ સલમા રદિ.ના ખાનદાનને ઉઠાવવી પડી."

મદીનાની હિજરતમાં હઝરત ઉમ્મે સલમા રદિ.ને જે દુઃખદ ઘટનાઓનો સામનો કરવો પડ્યો અને જે જે મુસીબતો અને મુશ્કેલીઓ વેઠી, ઇબ્ને અસીરે તેમના શબ્દોમાં તેમને પોતાના પુસ્તકમાં નોંધી છે. તે કહે છે :

"જ્યારે અબૂ સલમાએ અલ્લાહતઆલા અને તેના રસૂલ સ.અ.વ.નો હુકમ થતાં મદીના જતા રહેવાનો ફેંસલો કરી લીધો ત્યારે તેમની પાસે એક જ ઊંટ હતો, તેની જ ઉપર મને અને મારા દીકરાને બેસાડી દીધા. અને ઊંટની દોરી હાથમાં પકડીને ચાલવા માટે તૈયાર થઈ ગયા. મારા પિયરના લોકોએ મને જોઈ લીધી તો અબૂ સલમા

રદિ.ને અટકાવ્યા પછી તેમના હાથમાંથી દોરી ખૂંચવી લીધી અને મને પોતાની સાથે લઈ ગયાં. એટલામાં મારા સાસરિયા પક્ષના લોકો પણ આવી પહોંચ્યા અને તેમણે મારા પુત્ર સલમા ઉપર કબજો કરી લીધો અને તેમણે કહ્યું કે જો તમે પત્નીને પતિ સાથે જવા દેતા નથી તો અમે પોતાના બાળકને તમારી દીકરી પાસે હરગિજ નહીં છોડીએ. હવે હું, મારો પતિ અને મારું બાળક ત્રણેય એકબીજાથી વિખૂટા હતા. દુ:ખના માર્યા અમારા બન્નેની હાલત ખરાબ હતી. પરંતુ કેમ કે હિજરતનો હુકમ થઈ ગયો હતો એટલા માટે અબૂ સલમા રદિ. એકલા જતા રહ્યાં અને હું એકલી રહી ગઈ. હું દરરોજ સવારે ઘરેથી નીકળતી અને એક ટેકરી ઉપર બેસીને સાંજ સુધી રડ્યા કરતી અને આ જ હાલતમાં લગભગ એક વરસ વીતી ગયું. આ જ અરસામાં મારા પિયરપક્ષના એક સગાએ મારી આ પરેશાની જોઈને દયા ખાધી અને બધાને ભેગા કરીને કહ્યું, "તમે આ ગરીબને છોડી કેમ દેતા, નથી જેને તેના પતિ અને બાળકથી છૂટી પાડી દેવામાં આવી છે?" આ શબ્દો એવી રીતે કહેવામાં આવ્યા હતાં કે મારા સાસરિયાંને દયા આવી ગઈ અને તેમણે મને પતિ પાસે જવાની પરવાનગી આપી દીધી. આ સાંભળીને મારા સાસરિયા પક્ષના લોકોએ પણ મારા બાળકને મારી પાસે મોકલી દીધું. મેં ઊંટ ઉપર પાલકી બાંધી અને સલમાને લઈને મદીના તરફ રવાના થઈ ગઈ. હું સાવ એકલી હતી અને આ જ હાલતમાં તનઈમ સુધી પહોંચી. ત્યાં ઉસ્માન બિન તલહા રદિ. મળ્યા. તેમણે પૂછયું કે શું કોઈ તમારી સાથે છે, અને તમારો ઇરાદો શું છે? મેં કહ્યું કે મારી સાથે કોઈ નથી, મારે મારા પતિ અબૂ સલમા પાસે મદીના પહોંચવું છે. તેમણે મારા ઊંટની દોરી પકડી લીધી અને ચાલી નીકળ્યા. ખુદા જાણે છે કે મને તલહા રદિ. કરતાં વધારે સજ્જન માણસ આખા અરબસ્તાનમાં નથી મળ્યો. જ્યારે રોકાણ આવતું અને અમારે રોકાવું પડતું ત્યારે તે કોઈ ઝાડની ઓથમાં જતા રહેતા. ચાલવાનો સમય થાય ત્યારે ઊંટને તૈયાર કરીને લાવતા અને જ્યારે હું બેસી જતી ત્યારે ઊંટની દોરી પકડીને ચાલવા માંડતા એટલે સુધી કે મને મારા પતિની પાસે પહોંચાડી દીધી અને પોતે મક્કા પાછા જતા રહ્યા."

હજુ હિજરતની મુસીબતોના જખ્મો તાજા હતાં, ત્યાં હઝરત અબૂ સલમા રદિ.ને ઉહુદની લડાઈમાં સામેલ થવું પડ્યું. લડાઈના મેદાનમાં તે બહુ ખરાબ રીતે ઘાયલ થયા. એક મહિનો સારવાર હેઠળ રહ્યા પછી તે સ્વસ્થ થઈ ગયા. તેના ત્રણ વરસ પછી નબી સ.અ.વ.ના હુકમથી કિતનની તરફ મોકલી દેવામાં આવ્યા. ત્યાં તેમના ૨૯ દિવસ પસાર થયા. ત્યાંથી ઈજાગ્રસ્ત થઈને પાછા આવ્યા અને એ જ વરસે અવસાન

પામ્યા. હઝરત ઉમ્મે સલમા રદિ. નબી સ.અ.વ.ને આ દુર્ઘટનાની ખબર આપવા માટે આવ્યા તો આપ સ.અ.વ. પોતે મૈયતના માથા ભણી ગયા અને તેમના માટે દુઆ કરી. ત્યારબાદ જનાઝાની નમાઝ પઢવામાં આવી. હઝરત ઉમ્મે સલમા રદિ.ની હાલત જોઈ શકાતી ન હતી, કેમ કે તે બેહદ પ્રેમાળ પતિ હતા. રસૂલુલ્લાહ સ.અ.વ.એ તેમને કહ્યું કે, "ધીરજ ધરો અને દુઆ કરો કે અલ્લાહતઆલા મને આમના કરતાં બહેતર બદલ આપે."

ઇદ્દતના દિવસો પૂરા થયા પછી નબી સ.અ.વ.એ હઝરત ઉમર રદિ.ની મારફતે પયગામ મોકલ્યો, જે સ્વીકારી લેવામાં આવ્યો અને આવી રીતે તેમનો નિકાહ નબી સ.અ.વ. સાથે થઈ ગયો. તેમના નિકાહ પછીની એક ઘટનાનું ઘણું મહત્ત્વ છે જેના ઉપરથી આજે પણ મુસ્લિમ મહિલાઓ બોધ ગ્રહણ કરી શકે છે કે હઝરત ઉમ્મે સલમા રદિ. જે દિવસે પરણીને લાવવામાં આવ્યા એ જ દિવસે તેમણે પોતાના હાથે રસોઈ બનાવી. ઝૈનબ બિન્તે ખુઝૈમા રદિ.નું અવસાન થઈ ગયેલું હતું. વળાવ્યા પછી હઝરત ઉમ્મે સલમા રદિ. તેમના જ ઘરે લાવવામાં આવ્યા. ઘરની સામગ્રી પહેલાંથી જ મોજૂદ હતી એટલે તેમણે એક માટલામાંથી જવ કાઢ્યા અને થોડી ચરબી કાઢીને દેગચીમાં ચઢાવી દીધી. જવ દળીને એ ચરબીમાં ભેળવીને રસોઈ તૈયાર કરી અને આ જ ભોજન નબી સ.અ.વ.એ મિલનની રાત્રે ખાધું.

હઝરત ઉમ્મે સલમા રદિ. મામલાઓની ખૂબ જ સારી સમજ ધરાવનાર અને બુદ્ધિશાળી મહિલા હતા. હુદૈબિયાની સંધિની બાબતમાં રસૂલુલ્લાહ સ.અ.વ.ને સલાહ આપવાનો તેમનો કિસ્સો ઘણો મશહૂર છે. અને આ કિસ્સો એ વાતનો સબૂત છે કે તેમણે તે માત્ર સુંદરતા જ ધરાવતા ન હતા બલકે અત્યંત બુદ્ધિશાળી, હોંશિયાર અને ઉમદા અભિપ્રાય ધરાવનાર મહિલા પણ હતા. સહીહ બુખારીમાં લખ્યું છે કે હુદૈબિયા પછી રસૂલુલ્લાહ સ.અ.વ.એ કહ્યું કે લોકો હુદૈબિયામાં કુરબાની કરે અને કેમ કે સંધિની શરતો બાહ્ય દૃષ્ટિએ મુસલમાનો વિરુદ્ધ હતી એટલા માટે ઘણી નિરાશા અને હતાશાની હાલત છવાયેલી હતી. એટલા જ માટે આપના દ્વારા ત્રણ વખત હુકમ આપ્યા પછી પણ હુકમનું પાલન કરવા માટે કોઈ તૈયાર ન થયું. આપ અંદર આવ્યા અને હઝરત ઉમ્મે સલમા રદિ.ને આખી બીના કહી સંભળાવી. હઝરત ઉમ્મે સલમા રદિ.એ કહ્યું "આપ કોઈને કંઈ પણ ન કહો, બહાર નીકળીને પોતે કુરબાની કરો અને એહરામ ઉતારવા માટે વાળ મુંડાવી નાખો." એટલે નબી સ.અ.વ.એ આવું જ કર્યું અને લોકોએ જ્યારે આપ સ.અ.વ.ને પોતાને આ હુકમો ઉપર અમલ કરતા જોયાં

ત્યારે તેમણે પણ કુરબાનીઓ કરી દીધી અને એહરામ ઉતારી નાખ્યાં. હઝરત ઉમ્મે સલમા રદિ.ની આ એ સલાહ હતી જેની યોગ્યતાને બધાએ સ્વીકારી લીધી.

હઝરત ઉમ્મે સલમા રદિ.નું જીવન નખશીખ પરહેઝગારી હતું. તે દુનિયાના જીવન તરફ ખૂબ ઓછું ધ્યાન આપતા. એક વખત એક હાર પહેરી લીધું જેમાં થોડું સોનું પણ સામેલ હતું તો નબી સ.અ.વ.એ વાંધો લીધો. તેમણે એ જ સમયે ઉતારી નાખ્યો. સ્વભાવે ખૂબ સાદગીપ્રિય હતા. મોટા ભાગનો સમય ઇબાદતમાં પસાર કરતાં. દરેક શનિવારે, રવિવારે, ગુરુવારે અને શુક્રવારે રોઝો રાખતા. પરંતુ આની સાથે પોતાની સાંસારિક ફરજોમાં પણ આળસ ન કરતા. આ જ કારણ હતું કે પોતાના બાળકોના ઉછેરમાં ખૂબ તકેદારી રાખતા. નબી સ.અ.વ.થી કોઈ સંતાન ન હતી તેથી પહેલા પતિની સંતાન સાથે હતી. કેમ કે દરેક વાત, દરેક કામમાં અલ્લાહતઆલા અને તેના રસૂલ સ.અ.વ.ની પ્રસન્નતાને નજર સમક્ષ રાખતા હતાં. તેથી એક વખત રસૂલેખુદા સ.અ.વ.ને પૂછવા માંડ્યા કે શું મને આનો પણ કંઈ સવાબ મળશે ? અને નબી સ.અ.વ.નો હકારમાં જવાબ સાંભળીને સંતુષ્ટ થઈ ગયા.

તે પોતે પણ બેહદ સખી હતાં અને બીજાને પણ સખાવતની તાલીમ આપતા રહેતા હતાં. કોઈ સવાલ કરનાર તેમના દરવાજેથી ખાલી પાછો ફરતો ન હતો, ન તો ક્યારેય તે સખતાઈથી વર્તતા હતા. એક વખત કેટલાક ફકીરો તેમના ઘરે આવ્યા અને ખૂબ જ જીદ કરીને સવાલ કરવા માંડ્યા. એક સ્ત્રી તેમની પાસે બેઠી હતી. તેણે ફકીરોને ઠપકો આપ્યો પરંતુ તેમણે રોક્યા અને કહ્યું કે કુર્આન મુજબ ફકીરોને ઠપકો આપી કાઢવાનો હુકમ નથી. પછી નોકરાણીને હુકમ આપ્યો કે એમને થોડું આપીને વિદાય કરો અને જો કંઈ પણ ન હોય તો એક એક ખારેક આપીને રવાના કરો. આમ તેમના પ્રશંસનીય ગુણો આજે પણ આપણા માટે પથદર્શક છે. ધન-દોલત સાથે સહેજ પણ લગાવ ન હતો. બધું જ અલ્લાહતઆલાના માર્ગમાં ખર્ચ કરવાની હિદાયત આપતા રહેતા હતાં.

એક વખત હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ રદિ.એ તેમને કહ્યું "અમ્મા, મારી પાસે એટલો બધો પૈસો ભેગો થઈ ગયો છે કે હવે તબાહીનું જોખમ છે." બોલ્યાં, "બેટા, ખર્ચ કરો."

તેમના વ્યક્તિત્વમાં એક મોટી ખૂબી આ હતી કે તેમની અંદર સહિષ્ણુતા અને નમ્રતા ભરપૂર પ્રમાણમાં હતા. ક્યારેય કોઈ કામમાં ઉતાવળ કરતા ન હતા, દરેક વાત યોગ્ય સમયે કરતા.

વિદ્વતાની દૃષ્ટિએ હઝરત આઇશા રદિ. પછી આમનો જ દરજ્જો હતો. હઝરત ઉમ્મે સલમા રદિ.ને હદીસો સાથે ઊંડો લગાવ હતો અને તેમણે ૩૭૮ જેટલી હદીસો રિવાયત કરી છે. તેમણે અબૂ સલમા રદિ., હઝરત ફાતિમા રદિ. અને નબી સ.અ.વ. પાસેથી હદીસો રિવાયત કરી છે. તેમને હદીસ સાંભળવાનો ખૂબ શોખ હતો કે એક દિવસ વાળ ઓળવામાં વ્યસ્ત હતા કે એવામાં નબી સ.અ.વ. ખુત્બો આપવા માટે મિમ્બર ઉપર તશરીફ લાવ્યા. મોઢેથી ઐયુહન્નાસ (હે મનુષ્યો) શબ્દો જેવા નીકળ્યા કે નોકરાણીને કહ્યું, વાળ બાંધી દો. તેણે કહ્યું, આટલી ઉતાવળની શી જરૂર છે. હજુ તો નબી સ.અ.વ.એ હે મનુષ્યો જ કહ્યું છે. હઝરત ઉમ્મે સલમા રદિ.એ તરત કહ્યું, સારૂં, તો શું આપણે મનુષ્યોમાં સામેલ નથી ? અને આના પછી જાતે જ વાળ બાંધીને ઊભા થઈ ગયાં અને ઊભા થઈને આખો ખુત્બો સાંભળ્યો.

તેમના વિષે જુદા જુદા વિદ્વાનોએ ખૂબ સારા અભિપ્રાયો વ્યક્ત કર્યાં છે. મહમૂદ બિન લબીદ કહે છે કે આમ તો પુનિત પત્નીઓમાં બધાંને પુષ્કળ પ્રમાણમાં હદીસો કંઠસ્થ હતી પરંતુ હઝરત આઇશા રદિ. અને હઝરત ઉમ્મે સલમા રદિ.નો મુકાબલો કોઈ કરી શકતું ન હતું.

અલ્લામા ઇબ્ને કૈયિમ રદિ.નું કથન છે કે તેમના ફત્વા ભેગા કરવામાં આવે તો એક નાની પુસ્તિકા તૈયાર થઈ શકે છે. ઈમામુલહરમૈનમાં કહે છે કે હઝરત ઉમ્મે સલમા રદિ. કરતાં વધારે સાઇબુર્રાય સ્ત્રીઓમાં મને કોઈ દેખાતું નથી.

જ્યાં તેઓ આ માનતા કે લોકો દીનના મામલામાં ભૂલ કરી રહ્યા છે ત્યારે તરત જ ચેતવતા. રસૂલુલ્લાહ સ.અ.વ.ના અવસાન પછી નમ ાઝના સમયોમાં કેટલાક લોકોએ મુસ્તહબ સમય છોડી દીધો ત્યારે હઝરત ઉમ્મે સલમા રદિ.એ તેમને ઠપકો આપ્યો અને કહ્યું કે નબી સ.અ.વ. ઝુહરની નમાઝ જલ્દી પઢી લેતા હતા અને તમે અસ્રની નમાઝ જલ્દીથી પઢો છો. આવી જ રીતે ઈલાના કિસ્સામાં જ્યારે હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત ઉમર રદિ.એ પોતપોતાની દીકરીઓને સમજાવી ત્યારે હઝરત ઉમ્મે સલમા રદિ. પાસે પણ આવ્યા અને વાત કરી ત્યારે તેમણે સખત લહેજામાં કહ્યું :

"ઇબ્નેખત્તાબ ! નવાઈની વાત છે કે તમે દરેક વાતમાં હસ્તક્ષેપ કરો છો. એટલે સુધી કે હવે તમે રસૂલુલ્લાહ સ.અ.વ. અને તેમની પત્નીઓ વચ્ચે પણ દખલ દેવા માંડ્યા છો."

તેમણે રસૂલુલ્લાહ સ.અ.વ.ના મુબારક વાળ પોતાની પાસે તબર્રુક તરીકે રાખેલા

હતાં. સહાબીઓ રદિ.માંથી ઘણાં લોકો તેમની પાસેથી નબી સ.અ.વ.ની હદીસો સાંભળવા માટે આવતા અને દીનના મસાઇલ પૂછતા હતાં.

તેઓ એક વફાદાર પત્ની હતા. નબી સ.અ.વ.ના આરામનો એટલી હદે ખ્યાલ રાખતા હતા કે હઝરત સફીના રદિ. કે જે નબી સ.અ.વ.ની પ્રખ્યાત સેવિકા અને હકીકતમાં ગુલામ હતા, હઝરત ઉમ્મે સલમા રદિ.એ એ શરતે તેમને આઝાદ કર્યા હતા કે જ્યાં સુધી નબી સ.અ.વ. જીવતા રહે તે તેમની સેવામાં હાજર રહેશે,

તે માત્ર દીનનું જ્ઞાન મેળવવાનો જ પ્રયત્ન કરતા ન હતા બલકે તેની તબલીગમાં પણ રસ લેતા હતાં. ઉમ્મતના દીની માર્ગદર્શન માટે કાયમ પ્રયત્નશીલ રહેતા હતા. હઝરત ઉમ્મે સલમા રદિ. એક સાચા અને પવિત્ર મુસ્લિમા અને મોમિન મહિલા હતા. તે લાંબુ જીવ્યાં અને ૮૪ વરસની ઉંમરે અવસાન પામ્યા. હુસૈન રદિ.ની શહાદતની ઘટના એ વખતે બની ગયેલી હતી.

નિયમ એવો હતો કે જે તે સમયના હાકેમ જનાઝાની નમાઝ પઢાવતા હતા. એ જમાનામાં વલીદ બિન ઉત્બા મદીનાના ગવર્નર હતો, પરંતુ હઝરત ઉમ્મે સલમા રદિ.ની વસિય્યત મુજબ હઝરત અબૂ હુરૈરહ રદિ.એ આ ફરજ અદા કરી હતી. કેમ કે સહાબીઓ રદિ.માં વિદ્વત્તા અને દરજ્જો, તેમજ મોટાઈ અને કદર તેમજ તકવાની દૃષ્ટિએ એ વખતે સૌથી વધારે પ્રતિષ્ઠિત તેઓ જ હતા. આના ઉપરથી સાબિત થાય છે કે હઝરત ઉમ્મે સલમા રદિ.એ મરતા દમ સુધી સત્ય ખાતર નીડરતા અને સત્યવચનનો જે રસ્તો શરૂઆતમાં અપનાવ્યો હતો, તેને આખરી દમ સુધી ન છોડ્યો.

તેમની વર્ણવેલી હદીસો ઉમ્મત માટે અનોખી હિદાયતની મૂડી છે.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત ઝૈનબ બિન્તે હજશ

(રદિયલ્લાહુતઆલા અન્હા)

ઇસ્લામના ઇતિહાસમાં જે મહિલાઓનો ઉલ્લેખ ખૂબ જ આદરપૂર્વક કરવામાં આવે છે અને કરવામાં આવતો રહેશે તેમાંથી હઝરત ઝૈનબ બિન્તે હજશ પહેલી હરોળમાં આવે છે. તે નબી સ.અ.વ.ના સગા ફોઈની દીકરી હતા અને પછીથી ઉમ્મુલ મુ'મિનીન બન્યા.

આપનું નામ ઝૈનબ અને કુન્નિયત ઉમ્મે હકમ છે. મક્કાકાળમાં જ્યારે નબી સ.અ.વ.એ ઇસ્લામ અને પોતાની નબુવ્વતનો એલાન કર્યો ત્યારે એ દિવસોમાં પરિસ્થિતિ એટલી બગડી ગયેલી હતી કે કોઈ માણસ સત્યને સત્ય જાણીને પણ જાહેરાત કરવાની અને સાથ આપવાની હિંમત કરી શકતો ન હતો. જેણે પણ ઇસ્લામનું નામ લીધું અને તેના પ્રત્યે સહાનુભૂતિ દેખાડી અથવા રસૂલુલ્લાહ સ.અ.વ.ના પ્રેમનો એકરાર કર્યો તેની સાથે જ મક્કાનો સમગ્ર સમાજ તે માણસની પાછળ પડી જતો હતો. આ તો પુરુષોની વાત છે. જહાલતના જમાનામાં સ્ત્રીઓની હાલત હજુ પણ ખરાબ હતી. તે જન્મે ત્યારે તો જમીનમાં દાટી દેવામાં આવતી અને જો કોઈ પથ્થર-દિલમાં દયાના દીવા ટમટમે અને બચી નીકળતી તો મોટા ભાગની ગરીબી અને મુફલિસીના કારણે નોકરાણી અને દાસી કરતાં બહેતર દરજ્જો હાંસલ કરી શકતી નહીં. પરંતુ જે મહિલાઓ ઊંચા કબીલાઓ સાથે સંબંધ ધરાવતી હતી તેમની હાલત પણ કોઈ ઈર્ષ્યા કરવા લાયક ન હતી. પતિનું જબરપણ, જોર જુલમ, દીકરાઓની દાદાગીરી, સમાજની અજ્ઞાનતા અને લઘુતાગ્રંથીના તેઓ ભોગ બનેલી હતી. એટલા માટે આવી પરિસ્થિતિમાં કોઈ સ્ત્રી દ્વારા મુક્તપણે કોઈ વાતનું સ્વીકારવું અથવા અસ્વીકાર કરવો અથવા જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો અથવા સમાજમાં મશહૂર થઈ જવું માત્ર અવિશ્વસનીય જ

ન હતું બલકે અમુક હદ સુધી અશક્ય પણ હતું. પરંતુ હઝરત ઝૈનબ રદિ.એ આ તમામ મર્યાદાઓ અને બંધનો હોવા છતાં, ઈસ્લામનો સ્વીકાર કર્યો. કમજોર હોવા છતાં સમાજ સામે ભરપૂર ટક્કર ઝીલી. નબી સ.અ.વ.ની સાથે જે મહિલાઓએ હિજરત કરી તેમાં હઝરત ઝૈનબ રદિ.નું નામ પણ આવે છે; અને જહાલતકાળમાં જ્યાં સ્ત્રીઓનું જ્ઞાન પ્રાપ્ત કરવું એક જિહાદ કરતાં ઓછું ન હતું એ દિવસોમાં હઝરત ઝૈનબ રદિ.ની ખ્યાતિ સમસ્ત આરબ જગતમાં એક વિદ્વાન અને કવિની હેસિયતથી ફેલાયેલી હતી અને તેમને જ્ઞાન અને સાહિત્યના વર્તુળોમાં માન અને આદરની નજરે જોવામાં આવતા હતા.

આખી દુનિયા આ વાતને જાણે છે કે ઈસ્લામ એક વિચારધારા છે. એક એવી જગતવ્યાપી ન્યાયી વિચારધારા જેની કોઈ જોડ નથી; અને આ વાત પણ સાચી છે કે માનવ ઈતિહાસમાં લોકોની સરખામણીમાં વિચારસરણીનું વધારે મહત્ત્વ હોય છે. ઈસ્લામ એ પોકળ વિચારધારાઓમાંથી નથી જે કેટલાક લોકોના કારણે જન્મ લે છે અને એ લોકોના ખતમ થઈ જવાની સાથે જ દુનિયામાંથી નેસ્તનાબૂદ થઈ જાય છે. બલકે ઈસ્લામ એ ખુદાઈ-ઉલૂહી હકીકત અને વિશ્વવ્યાપી સચ્ચાઈ છે કે જે કોઈ પણ આ વિચારધારાના પ્રભાવક્ષેત્રમાં આવ્યો તે જ્ઞાન પામી ગયો. હઝરત ઝૈનબ બિન્તે હજશ રદિ. એક ઐતિહાસિક મહિલા છે એટલા માટે કે તેમના વ્યક્તિત્વની સાથે માનવ ઈતિહાસમાં સમાનતા, ભાઈચારો અને ઊંચનીચનો ખાતમો, પ્રેમ અને સચ્ચાઈની સર્વોપરિતા, સૌજન્ય અને નૈતિક મૂલ્યોનું એ પાનું પલટાય છે જેની ઉપર જેટલું ગર્વ કરવામાં આવે ઓછું છે. હઝરત ઝૈદ બિન હારિસા રદિ. અને હઝરત ઝૈનબ રદિ.નો નિકાહ કોઈ મામૂલી વાત ન હતી કેમ કે આ ઈસ્લામી સમાનતાના નિઃસ્વાર્થ શિક્ષણનો અમલમાં મૂકાયેલો પાયાનો પથ્થર છે. માનવવંશનો ઈતિહાસ હઝરત ઝૈનબ રદિ. અને હઝરત ઝૈદ રદિ.ના નિકાહ પહેલાં કોઈ એવો દાખલો આપવા માટે અશક્ય છે કે એક ગુલામ અને ઉચ્ચ કૂળની વિદ્વાન અને કવિયિત્રીનો નિકાહ માત્ર શરાફતના આધાર અને ભાઈચારાના આધાર ઉપર કરી દેવામાં આવ્યો હોય. ગુલામીનો સંબંધ પોતે એક એવો સંબંધ હતો જેને એ જમાનાની અજ્ઞાનતાને જોતાં કુરૈશ અને વિશેષ રૂપે હાશિમ પરિવાર, પોતાના માટે ક્યારેય પસંદ કરી શકતા ન હતા. પરંતુ કેમ કે ઈસ્લામ આ પ્રકારના તમામ નિરર્થક ભેદભાવોને ખતમ કરવા માટે આવ્યું હતું એટલા માટે આ નિકાહ થયો અને આ નિકાહની ઐતિહાસિક, સામાજિક અને નૈતિક હેસિયત સર્વસ્વીકૃત છે. આ નિકાહે સાબિત કરી દીધું કે કોઈ આરબને કોઈ બિનઆરબ ઉપર,

કોઈ ગોરાને કોઈ કાળા ઉપર અને કોઈ બળવાનને નબળા ઉપર કોઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી. કેમ કે શ્રેષ્ઠતાની કસોટી માત્ર ઈમાન, દીનની સેવાઓ અને ઉચ્ચ નીતિમત્તા છે. ઝૈદ બિન હારિસા રદિ.ની દીનની સેવાઓ કોઈના કરતાં પણ ઓછી ન હતી. તેથી નબી સ.અ.વ.એ હઝરત ઝૈનબ રદિ.ને તેમના નિકાહમાં આપી દીધા.

ઈસ્લામ એ દિવસોમાં જે તબક્કાએ હતું તે તબક્કો માત્ર સત્યદીનનો પયગામ પહોંચાડવાનો જ તબક્કો ન હતો બલકે લોકોની તાલીમ અને કેળવણી પણ એ જ દિવસોમાં ચાલુ હતી. ઈસ્લામનો સાચો હાર્દ ક્યારેય પણ લોકોને સમજાયો ન હોત જો તેના શિક્ષણમાં અમલી પ્રદર્શનનો રસ્તો પેદા ન થાત. તલાક પોતે એક બૂરી વસ્તુ છે અને ઈસ્લામમાં પણ તેને ખરાબ જ માનવામાં આવી છે પરંતુ બુદ્ધિહીન અને સંકુચિત દૃષ્ટિ ધરાવતા સમાજોમાં તલાકની કલ્પનાને જ ખતમ કરી દેવામાં આવી હતી. ખ્રિસ્તીમત આનો સ્પષ્ટ દાખલો છે. પરંતુ તલાકની પરવાનગી નહીં હોવાના કારણે મતભેદો અને ગૂંગળામણના લીધે બૂરાઈઓના જે રસ્તા નીકળે છે તેમની રોકથામ માટે ઈસ્લામે પુરુષને તલાકનો અને સ્ત્રીને ખુલાનો હક્ક આપી દીધો.. મતભેદો જો હદથી વધી જાય અને જીવનની રાહમાં પતિ-પત્નીનું બે ડગ ચાલવું પણ મુશ્કેલ થઈ જાય ત્યાર પછી આવી સમસ્યામાં માનભેર અલગ થઈ જવું જ બહેતર છે.

હઝરત ઝૈદ રદિ.ના હઝરત ઝૈનબ રદિ. સાથેના નિકાહે તલાકના વિષે સાચા વલણને ઉમ્મતે મુસ્લિમા સમક્ષ પ્રસ્તુત કર્યો. નિકાહના લગભગ એક વરસ પછી પતિ-પત્ની વચ્ચે મતભેદ પેદા થયો અને પછી અણગમા વધતા ગયા. હઝરત ઝૈદ રદિ.એ નબી સ.અ.વ. સમક્ષ ફરિયાદ કરી કે, “ઝૈનબ મારી સાથે બોલવામાં સખતાઈ કરે છે. મારો ઈરાદો છે કે તેમને તલાક આપી દઉં.” નબી સ.અ.વ. એમને સમજાવતા રહ્યા કે તલાક ન આપે અને આમાં જ કેટલોક સમય પસાર થઈ ગયો. આ સમયગાળો નબી સ.અ.વ.એ ઈરાદાપૂર્વક પસાર કર્યો હતો કે જેથી જો પતિ-પત્ની વચ્ચે મતભેદો સામાન્ય પ્રકારના હોય તો ખતમ થઈ જાય, પરંતુ નિભાવ ન થઈ શકયો. એટલે હઝરત ઝૈદ રદિ.એ હઝરત ઝૈનબ રદિ.ને તલાક આપી દીધી. આ સમગ્ર પ્રક્રિયા અવગણી દેવાને લાયક નથી બલકે આપણને પોતાનાં વલણોની સુધારણાની જરૂરત તરફ ઈશારો કરે છે.

જયારે હઝરત ઝૈનબ રદિ.એ તલાકની ઈદ્દત પૂરી કરી લીધી ત્યારે એમ વિચારીને કે તે નબી સ.અ.વ.ના ફોઈના દીકરી હોવા ઉપરાંત આપના હુકમથી જ હઝરત ઝૈદ રદિ.ના નિકાહમાં આવ્યા હતાં નબી સ.અ.વ.એ તેમની તરફ સહાનુભૂતિ દર્શાવવા

માટે તેમની સાથે પોતે નિકાહ કરવા માગ્યો, પણ કેમ કે એ સમય સુધી જહાલતકાળના રિવાજોની અસર બાકી હતી અને હઝરત ઝૈદ રદિ.ને રસૂલુલ્લાહ સ.અ.વ.ના દત્તક પુત્ર માનવામાં આવતા હતા એટલા માટે લોકો તેમને ઝૈદ ઇબ્ને મુહમ્મદ પણ કહેતા હતા. તેથી એવી શંકા થઈ કે શું રસૂલુલ્લાહ સ.અ.વ.નો નિકાહ હઝરત ઝૈનબ રદિ. સાથે જાઇઝ પણ છે કે નહીં. હઝરત ઝૈનબ રદિ. પણ આ મામલામાં અવઢવમાં હતા. પછી અલ્લાહતઆલાએ એ આયત ઉતારી જેમાં નિકાહની ખુશખબર આપવામાં આવી હતી. આવી રીતે તેમનો નિકાહ નબી સ.અ.વ. સાથે થઈ ગયો. આ સમગ્ર કિસ્સામાં એક મુસ્લિમ સમાજના પુરુષો માટે એટલું મોટું માર્ગદર્શન છે કે જેનો અંદાજો કરી શકાય તેમ નથી.

ઉમ્મુલ મુ'મિનીનને આ વાતનું પણ ગૌરવ અને મરતબો પ્રાપ્ત છે કે મુસલમાન મહિલાઓ માટે પરદાનો હુકમ જે કિસ્સાના કારણે થયો તેમાં હઝરત ઝૈનબ રદિ. પરોક્ષ રીતે સામેલ છે. તે કિસ્સો આ પ્રમાણે છે કે હઝરત ઝૈનબ રદિ. અને નબી સ.અ.વ.ના વલીમામાં ગોશ્ત-રોટીનું આયોજન કરવામાં આવ્યું હતું જે બધા મુસલમાનોંએ ટોળેટોળા આવીને માણ્યું. વલીમા પછી લોકો વાતોએ વળગી ગયાં. નબી સ.અ.વ. હઝરત ઝૈનબ રદિ.ના ઘરે હતાં. લોકો વારંવાર આવતાં. મહિલાઓ સાથે વાતો કરતા અને જતા રહેતા. આપ સ.અ.વ. શરમના લીધે કંઈ કહી રહ્યા ન હતા. આ પ્રસંગે આ આયત ઊતરીઃ

"હે ઈમાનવાળાં ! નબી સ.અ.વ.ના ઘરમાં ન આવો, પરંતુ એ સ્થિતિમાં કે તમને ખાવા માટે બોલાવવામાં આવે ત્યારે તેના વાસણો ઉપર નજર નાખ્યા વિના આવો. પરંતુ જ્યારે તમને દાવત આપવામાં આવે તો આવી જાવ અને જ્યારે ખાઈ લો ત્યારે જતા રહો અને વાતોમાં ન લાગી જાવ કેમ કે તમારું આ કૃત્ય નબી સ.અ.વ.ને તકલીફ આપે છે અને તે તમને શરમના લીધે કંઈ કહેતા નથી. અને જ્યારે તમે નબી સ.અ.વ.ની પત્નીઓ પાસે કંઈ માગો તો તેમની પાસે પડદાની આડમાંથી માગો."

આના પછી નબી સ.અ.વ.એ દરવાજા ઉપર પડદો પાડી દીધો અને લોકોને ઘરની અંદર જવાની મનાઈ કરી દીધી. આ કિસ્સો ઝિલકઅદ, હિ.સ.પનો છે. આ વાતો ઉપરથી અંદાજ આવી જાય છે કે હઝરત ઝૈનબ રદિ.નું કેટલું મહત્ત્વ છે.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઝૈનબ રદિ.બીજી પત્નીઓના મુકાબલે પોતાના નિકાહ ઉપર ગર્વ કરતા હતા અને કહેતા હતા કે મારો નિકાહ આકાશ ઉપર અલ્લાહતઆલાએ કર્યો છે. મુહમ્મદ ઇબ્ને ઉમર રદિ.ની રિવાયત છે કે એક દિવસ ઝૈનબ રદિ.એ નબી

સ.અ.વ.ને કહ્યું:

"હે અલ્લાહના રસૂલ સ.અ.વ.! હું આપની અન્ય પત્નીઓની જેવી નથી જેમનો નિકાહ પિતા, ભાઈ કે ખાનદાનની મરજીથી ન થયો હોય, મારા સિવાય કે અલ્લાહતઆલાએ આકાશમાંથી મને આપના નિકાહમાં આપી."

અને હકીકતમાં હઝરત ઝૈનબ રદિ.ના નિકાહની વિશેષતાઓમાં કોઈ નિકાહ બીજો નથી. હઝરત આઇશા રદિ. આ જ ખ્યાલથી હઝરત ઝૈનબ રદિ.ને કહેતા રહેતા હતાં કે,

"પુનિત પત્નીઓમાં આ જ એક હતા જેમને મારી સાથે સમાનતામાં દાવો હતો."

અને હકીકત પણ આ જ છે કે તેમને આ દાવાનો હક્ક હતો. કેમ કે તેમના બે નિકાહોથી જહાલતકાળના કેટલાક રિવાજો નિર્મૂળ થયા અને કેટલીક વસ્તુઓ વિષે ઇસ્લામનો આખરી દૃષ્ટિબિંદુ સામે આવી ગયો. જેમ કે :

(૧) પહેલાં સામાન્ય માન્યતા હતી કે દત્તક પુત્ર સગી સંતાન જેવો હોય છે. અલ્લાહતઆલાએ પોતાના આખરી નબી સ.અ.વ. દ્વારા આને સુધારી.

(૨) આઝાદ અને ગુલામનો ભેદ ખતમ થઈ ગયો અને ફક્ત સંયમ (તકવા) માનવતાનું માપદંડ ઠરાવવામાં આવ્યું.

(૩) તલાક વિષે આદર્શ રીત તરફ માર્ગદર્શન કરવામાં આવ્યું.

(૪) બેપર્દગીનો ઘૃણાસ્પદ રિવાજ રદ-બાતલ થયો અને પરદાનો રિવાજ અમલમાં આવ્યો.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઝૈનબ રદિ.માં જે નૈતિક ગુણો રહેલા છે તેમના લીધે ઘણી ઓછી સહાબી મહિલાઓ તેમનો મુકાબલો કરી શકે છે. આપ ખૂબ જ ઉદાર દિલ, ઉપકાર કરનાર, અલ્લાહ ઉપર ભરોસો કરનાર અને સંતોષી હતા. અનાથો અને ગરીબોની સાર-સંભાળ લેતા અને મોહતાજોની હંમેશાં મદદ કરતા હતાં. ઇબ્ને સઅદે નોંધ્યું છે કે "ઝૈનબ બિન્તે હજશે દિર્હમ અને દીનાર કંઈ ન છોડ્યા. તે જે કંઈ મેળવતા હતાં સદ્કો કરી દેતા હતા અને ગરીબોને મદદ કરતા હતા."

સમાજમાં તેઓ મોટું માન અને મોભો ધરાવતા હતા અને નબી સ.અ.વ.ના પત્ની હોવાની હેસિયતથી તેમને ભારે ઇજ્જતની નજરથી જોવામાં આવતા હતા. આમ છતાં તેમણે આ સામાજિક પોઝીશનનો ક્યારે ગેરલાભ ન ઉઠાવ્યો. તે જાતે કામ કરવાને પસંદ કરતા હતા અને મહેનત કરવામાં કોઈ શરમ અનુભવતા ન હતા. તેમને ચામડું પકવવાની રીત આવડતી હતી. તેથી તે ચામડું પકવવાનું કામ કરતા હતા અને

તેમાંથી જે કંઈ નફો અને આવક થતી તેને ખુદાની રાહમાં ખર્ચી નાખતા હતાં.

સખાવત, મહેનત સાથે પ્રેમ અને ગેરતમંદીની આ હાલત હતી કે કોઈ પણ તેમનાથી પ્રભાવિત થયા વગર રહી શકતું ન હતું. આ ત્રણેય ગુણો એક કિસ્સા ઉપરથી વધુ સ્પષ્ટ થઈ શકે છે. હઝરત ઉમર ફારૂક રદિ.એ નબી સ.અ.વ.ના પત્ની હોવાના નાતે હઝરત ઝૈનબ રદિ.નો ૧૨ હજાર દિર્હમ વજીફો નક્કી કર્યો, જે તેમણે ક્યારેય ન લીધો. ફક્ત પહેલા વરસે સ્વીકાર્યો અને કહ્યું "હે અલ્લાહ ! આવતા વરસે મને ન મળે કેમ કે આ ફિત્નો-અજમાયશ છે." અને પછી તેને પોતાના સગા અને જરૂરતમંદ લોકોને વહેંચી દીધો. હઝરત ઉમર રદિ.ને ખંબર પડી તો કહ્યું, "આ પત્ની ઘણા દાનશીલ (સાહબે ખૈર) છે." પછી તેમના ઘરે ગયા અને દરવાજા ઉપર ઘણો સમય ઊભા રહ્યા. અંદર સલામ કહેવડાવ્યો અને કહ્યું, "આપે જે કંઈ કર્યું મને તેની ખબર પડી ગઈ."

આના પછી હજાર દિર્હમ તેમના ખર્ચા પેટે બીજાં મોકલ્યા પરંતુ હઝરત ઝૈનબ રદિ.એ તે પણ એવી જ રીતે ખર્ચી નાખ્યાં.

તેઓ અલ્લાહથી ખૂબ ડરનાર અને ઈબાદત ગુઝાર પત્ની હતા જેના માટે નબી સ.અ.વ.ની ગવાહી મોજૂદ છે. એક પ્રસંગે નબી સ.અ.વ. મુહાજિરો વચ્ચે માલેગનીમત વહેંચી રહ્યા હતા ત્યારે તે કોઈ વાત માટે બોલી પડ્યા તો હઝરત ઉમર રદિ.એ આની ઉપર તેમને ઠપકો આપ્યો કે ગંભીર મામલાઓમાં વચ્ચે ન બોલે. આની ઉપર નબી સ.અ.વ.એ કહ્યું :

"ઉમર ! આમને કંઈ ન કહો, આ ખૂબ જ આબિદ અને ઝાહિદ છે."

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઝૈનબ રદિ.ની વિદ્વત્તા અને દરજ્જાનો અંદાજ આના ઉપરથી થઈ શકે છે કે હઝરત આઇશા રદિ. જેવી ઉચ્ચ દરજ્જાની પત્નીએ તેમના ગુણોના વખાણ ઘણી જગ્યાએ કર્યા છે. હઝરત આઇશા રદિ.એ એક વખત કહ્યું : "હઝરત ઝૈનબ રદિ.થી બહેતર બીજી કોઈ મહિલા દીનના મામલાઓ, તકવા, સચ્ચાઈ, સગા સાથે સદ્‌વ્યવહાર, સખાવત અને આત્મબલિદાનમાં ન હતી." બીજા એક પ્રસંગે કહે છે:

"મેં ધાર્મિક દૃષ્ટિએ હઝરત ઝૈનબ રદિ. કરતાં બહેતર મહિલા નથી જોઈ."

બીજી એક જગ્યાએ કહ્યું: "અલ્લાહ ઝૈનબ બિન્તે હજશ રદિ. ઉપર રહમ કરે. ખરેખર તેમને દુનિયામાં અનોખો દરજ્જો મળ્યો. અલ્લાહે પોતાના નબીને તેમની સાથે પરણાવી દીધા અને તેમના કારણે કુર્આનની કેટલીક આયતો ઊતરી."

તેમના વિષે ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે સલમા રદિ.નું કથન છે : "તે ખૂબ જ નેક, નીતિ-રીતિના પાબંદ અને ઇબાદ તગુઝાર મહિલા હતા."

તેમનું સંપૂર્ણ જીવન ખૂબ સફળ જીવન છે. તે જીવનભર અનાથો, ગરીબો અને જરૂરતમંદ લોકોની જરૂરતો પૂરી પાડતા રહ્યા અને તેમની આ ઉદારવૃત્તિ જીવનના અંતિમ શ્વાસ સુધી તેમની સાથે રહી. હઝરત ઉમર રદિ.ના શાસનકાળમાં તેમનું અવસાન ૫૩ વરસની વયે થયું. પરંતુ જ્યારે અવસાન થયું ત્યારે તેમની પાસે કંઈ પણ ન હતું. તેઓ પોતાનું સર્વસ્વ અલ્લાહની રાહમાં સદ્કો કરી ચૂક્યા હતા. ફક્ત એક મકાન તેમની યાદગારી રૂપે હતું જે બનૂ ઉમૈય્યાના જમાનામાં વલીદ બિન માલિકે ૫૦ હજાર દિર્હમમાં તેમના સગા પાસેથી ખરીદીને મસ્જિદે નબવીમાં સામેલ કરી લીધું.

ઉદારતા એટલી હદે હઝરત ઝૈનબ રદિ.ના સ્વભાવનો ભાગ બની ગઈ હતી તેમજ બીજા પાસેથી વસ્તુ લેવામાં તેમને એટલી શરમ આવતી હતી કે તેમણે મરતા પહેલાં તાકીદ કરી હતી કેઃ

"મેં મારું કફન તૈયાર કરી લીધું છે, જો ઉમર રદિ. કફન મોકલે તો એક કફન સદ્કામાં આપી દેજો."

હઝરત ઝૈનબ રદિ.ની ઉદારતાના આ ગુણને રસૂલુલ્લાહ સ.અ.વ.નો ટેકો અને સ્વીકૃતિ પણ પ્રાપ્ત હતી. કેમ કે રસૂલુલ્લાહ સ.અ.વ.ની તમામ પત્નીઓ તેમને ખૂબ પ્રેમ કરતી હતી એટલા માટે તેમનામાંથી દરેકની ઇચ્છા હતી કે તે દુનિયાના જીવન પછી બીજા જીવનમાં પણ સૌથી પહેલાં નબી સ.અ.વ.ને જઈ મળે. નબી સ.અ.વ.એ અવસાન પહેલાં પત્નીઓને ઉદ્દેશીને કહ્યું :

"તમારામાંથી જેનો હાથ સૌથી મોટો હશે તે સૌથી પહેલાં મને મળશે."

હાથનું મોટું હોવુંનો અર્થ ઉદારતા હતો પરંતુ નબી સ.અ.વ.ની પત્નીઓએ વાસ્તવિક અર્થ સામે રાખ્યો. એટલે જ્યારે પણ બધા ભેગા મળતા ત્યારે એકબીજાનો હાથ માપતા. પરંતુ જ્યારે હઝરત ઝૈનબ રદિ.નું અવસાન થઈ ગયું ત્યાર પછી સૌએ ફરીથી વિચાર કર્યો. હવે રસૂલુલ્લાહ સ.અ.વ.નો અસલ આશય તેમની સમજમાં આવ્યો. એટલે હઝરત આઇશા રદિ.એ આ હદીસની સમજૂતી આપતા કહ્યું :

"આપણામાં સૌથી લાંબા હાથવાળાં હઝરત ઝૈનબ હતા કેમ કે તે પોતાના હાથની કમાણીમાંથી સદ્કો કરતા હતા."

આ વાત ઉપરથી સાબિત થઈ જાય છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.ને પણ સખાવતનો ગુણ ખૂબ પસંદ હતો.

હઝરત ઝૈનબ રદિ.ને અવસાન પછી પણ એક બહુમાન પ્રાપ્ત થયું. તેમણે વસિય્યત કરી હતી કે "રસૂલુલ્લાહ સ.અ.વ.ના જનાઝા-તાબૂત ઉપર મને ઉઠાવવામાં આવે." તેથી તેમની વસિય્યત અનુસાર તેમને પણ એ જ તાબૂત ઉપર તેમની દુનિયાની અંતિમ આરામગાહ સુધી પહોંચાડવામાં આવ્યા. એટલા માટે આ પહેલી મહિલા હતા જે હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ. પછી નબી સ.અ.વ.ના તાબૂત ઉપર ઉઠાવવામાં આવ્યા હતા. હઝરત આઇશા રદિ.ને તેમના અવસાનનું ઘણું દુઃખ હતું. જ્યારે હઝરત ઝૈનબ રદિ.નું અવસાન થયું તો કહેવા લાગ્યા,

"તે ખુશનસીબ, અનુપમ પત્ની જતા રહ્યા અને અનાથો અને વિધવાઓને બેચેન કરી ગયા."

તેમના વ્યક્તિત્વ અને ઉદારતાના ગુણને એવી જ રીતે અલગ કરી શકાતા નથી જેવી રીતે દીપક અને તેના પ્રકાશને અલગ કરી શકાતા નથી.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત જુવૈરિયા બિન્તે હારિસ

(રદિયલ્લાહુતઆલા અન્હા)

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સફિયા રદિ.ની જેમ હઝરત જુવૈરિયા રદિ.પણ એક યુદ્ધના પરિણામે માલેગનીમતના રૂપમાં મુસલમાનોને પ્રાપ્ત થયા હતા અને હઝરત સફિયા રદિ.ની જેમ આ પણ વિરોધી પક્ષના સરદારના પુત્રી હતા. મરીસીઅની લડાઈ હિ.સ.૫માં બની મુસ્તલિક સાથે થઈ. તેની વિગતો આ પ્રમાણે છે કે જ્યારે મુસલમાનોએ મદીનામાં ઈસ્લામી રાજ્યની સ્થાપના કરી લીધી ત્યારે વ્યૂહ (જંટ્ટીપ્સઅ)નો આ તકાદો હતો કે ઘણા દુશ્મનોના બદલે ફક્ત એક દુશ્મન સાથે એક સમયે લડાઈ કરવામાં આવે. એટલા માટે નબી સ.અ.વ.એ મદીનાની આસપાસના પ્રદેશોમાં વસતા કબીલાઓ જેમાં બનૂ નઝીર, બનૂ કુરૈઝા, બનૂ ખઝાઆ (બનૂ મુસ્તલિક જેની એક પાંખ હતી) અને ખૈબરના યહૂદીઓને સંધિનો સંદેશ મોકલ્યો જેથી મુસ્લિમ રાજ્યના લોકો આસપાસની બળવાઓથી નિશ્ચિંત થઈ મક્કાના ઘમંડી કુરૈશનો મુકાબલો કરી શકે પરંતુ આના પછી એવા સંજોગો પેદા થયા કે મદીનાની નજીકની વસ્તીઓમાં રહેતા સરદારોને જ્યારે પોતાની ખ્યાતિ અને ઈજ્જત ઈસ્લામી રાજ્યના દબદબાની સામે ઓછા થતા લાગવા માંડ્યા ત્યારે તે નબી સ.અ.વ. અને આપની સત્યવાન જમાઅત વિરુદ્ધ કાવત્રાં રચવા માંડ્યા. પછી બનૂ મુસ્તલિકની તૈયારીઓની ખબર આપ સ.અ.વ.ને હિ.સ.૫ માં મળી. નબી સ.અ.વ.એ ખબરની સત્યતા ચકાસવા માટે બરીદહ બિન અલ હબીબ અસલમી રદિ.ને મોકલ્યા. તે મદીનાથી નીકળીને ૯ માઈલના અંતરે આવેલા ફર્આ મુકામે પહોંચ્યા જે બનૂ મુસ્તલિકના પ્રખ્યાત ઝરણા મુરીસીઅથી થોડાક અંતરે આવેલું છે, તેમણે જોયું કે બનૂ મુસ્તલિકની સેનાઓ ફેલાયેલી છે અને તેમનો સરદાર હારિસં બિન ફરાર આસપાસના તમામ કબીલાઓને ઉશ્કેરી ઉશ્કેરીને સશસ્ત્ર ત્યાં ભેગાં કરી રહ્યો છે અને તેમનો ઈરાદો આ છે કે જ્યારે તમામ

કબીલાઓની સેનાઓ ભેગી થઈ જાય ત્યારે તે ભેગી મળીને મદીના મુનવ્વરહ ઉપર હુમલો કરી દે. નબી સ.અ.વ.એ આ સાંભળ્યા પછી ઝૈદ બિન હારિસા રદિ.ને પોતાના ઉત્તરાધિકારી નીમ્યા અને વિરોધીઓ હુમલો કરે તે પહેલાં જ મુસલમાનોનું લશ્કર લઈને તેમને કચડી નાખવા માટે રવાના થયા અને મુરીસીઅ પહોંચીને પડાવ નાખ્યો. અપેક્ષાની વિરુદ્ધ જ્યારે બની મુસ્તલિક અને બીજા કબીલાઓએ મુસલમાનોની આ હિંમત જોઈ તો તેમની ઉપર એક ધાક જેવી હાલત છવાઈ ગઈ. યહૂદીઓના સહયોગી બીજા કબીલાઓનાં લોકો જે બહુ બહાદુરી દેખાડતા હતા, નાસી ગયા. હારિસ બિન ફરાર અને તેમના સાથીઓ કે જેમની સંખ્યા ૧૦૦ કરતાં વધારે હતી ત્યાં મોજૂદ રહ્યા અને મુકાબલો કરવાનો ઇરાદો જાહેર કર્યો. નબી સ.અ.વ.એ મુહાજિરોનો ધ્વજ હઝરત અબૂબક્ર રદિ. અને અન્સારીઓનો ધ્વજ હઝરત સઅદ બિન ઉબાદહ રદિ.ને આપીને લશ્કરને ગોઠવાઈ જવાનો હુકમ આપ્યો. દલીલ પૂરી કરવા માટે યહૂદીઓને સુલેહનો સંદેશો મોકલ્યો જેને તેમણે સ્વીકારવાની ના પાડી દીધી અને લડાઈ શરૂ થઈ ગઈ. થોડી જ વારમાં મુસલમાનો જીતી ગયા. યહૂદીઓના દસ-બાર માણસો માર્યા ગયા હતાં કે મુસાફેહ બિન સફવાન (જે બર્રાહના પહેલા પતિ હતા અને આ એ જ બર્રહ છે જેમનું નામ રસૂલુલ્લાહ સ.અ.વ.એ જુવૈરિયા રદિ. રાખ્યું અને પત્નીનું બહુમાન એનાયત કર્યું.)ના પડતાં જ બનૂ મુસ્તલિકના પગ ઊખડી ગયા. હારિસ બિન ફરાર નજર ચૂકવીને ભાગી નીકળ્યો અને બાકી બધાએ હથિયાર હેઠા મૂકી દીધા. હારિસનું આખું કુટુંબ સ્ત્રીઓ અને બાળકો સહિત લડાઈમાં સામેલ હતું. તેમને પકડી લેવામાં આવ્યા. ગનીમતનો માલ ભેગો કરવામાં આવ્યો અને મદીના પહોંચીને આ બધું વહેંચવામાં આવ્યું. લડાઈના કેદીઓમાં હારિસની પુત્રી અને મુસાફેહ બિન સફવાનની વિધવા બર્રહ પણ હતા. લડાઈની સમાપ્તિ ઉપર આ સાબિત બિન કૈસ રદિ.ના હિસ્સામાં આવ્યા. સાબિત બિન કૈસ રદિ. બનૂ ખઝાઆમાંથી હતા અને બનૂ મુસ્તલિક કબીલા સાથે તેમના સંબંધો હતા. હઝરત બર્રહે તેમની સાથે જવાની ના પાડી દીધી અને તેમને પોતાના પિતાની સરદારી અને ઇજ્જતનો વાસ્તો આપીને આઝાદીની વિનંતી કરી. એટલે હઝરત સાબિત બિન કૈસ રદિ.એ ઉદાર દૃષ્ટિ અને દયા દેખાડતાં તેમની આઝાદી નવ ઔંસ સોનું ચૂકવવાની શરતે મંજૂર કરી લીધી. હઝરત બર્રહ રદિ. રસૂલુલ્લાહ સ.અ.વ.ની ઉદારતા અને દયાળુ સ્વભાવથી વાકેફ હતા. તે સીધા નબી સ.અ.વ.ની સમક્ષ હાજર થયા અને અરજ કરી.

"હું મદીના આવ્યા પછી મુસલમાનોના સમાજ અને તેમના સભ્યોને જોઈને ખૂબ જ પ્રભાવિત થઈ છું અને મુસલમાન થઈ ગયેલી છું, જો કે અત્યારે મારી હાલત એક કેદી જેવી છે પરંતુ પોતાના કબીલાના સરદારની પુત્રીના હવાલાથી થોડી ઘણી દયાની હક્કદાર છું. સાબિત બિન કૈસ રદિ.એ મને આ શરતે આઝાદ કરી છે કે હું નવ ઔંસ સોનું અથવા તેના જેટલી રકમ અદા કરૂં. હું મારી જાતને મુક્ત કરાવવા માગુ છું. આપ મારી મદદ કરો."

નબી સ.અ.વ. તેમની વાતચીતથી પ્રભાવિત થયા અને તેમની રકમ જાતે ચૂકવી આપીને તેમને આઝાદ કર્યાં. એ વખતે હઝરત બર્રહ રદિ.એ આ ઇચ્છા વ્યક્ત કરી કે નબી સ.અ.વ. તેમને પત્નીનું બહુમાન એનાયત કરે. નબી સ.અ.વ.એ કબૂલ કરી લીધું અને તેમની સાથે નિકાહ કરી લીધો. નિકાહ પછી તેમનું નામ બર્રહથી બદલીને જુવૈરિયા રાખવામાં આવ્યું કેમ કે પહેલા નામમાં આત્મશ્લાઘાનું પાસું દેખાતું હતું.

જ્યારે મુસલમાનોને જુવૈરિયા રદિ.ના ઉમ્મુલ મુ'મિનીન થઈ જવાની ખબર પડી ત્યારે મુસલમાન આ સંબંધથી ઘણા ખુશ થયા અને તેમણે આપસમાં કહ્યું કે હવે બની મુસ્તલિક રસૂલુલ્લાહ સ.અ.વ.ની આદરણીય પત્નીના સગાં છે એટલા માટે હવે તેમને કેદમાં રાખવાં બેઅદબી છે. એટલા માટે માત્ર બધા જ કેદીઓને છોડી જ મૂકવામાં ન આવ્યા બલકે માલસામાન જે કંઈ હાથ લાગ્યો હતો તે પણ બધું જ પાછું આપી દેવામાં આવ્યું. એ લોકોએ મુસલમાનોનો આ વ્યવહાર જોયો તો તેમાંથી ઘણાં લોકો ઈમાન લઈ આવ્યા. હઝરત જુવૈરિયાનો પહેલો નિકાહ તેમના કાકાના દીકરા મુસાફેહ બિન સફ્વાન સાથે થયો હતો જે મુરીસીઅની લડાઈમાં માર્યો ગયો હતો.

હઝરત મુહમ્મદ સ.અ.વ. સાથે નિકાહ થયાના થોડા દિવસ પછી હારિસ બિન ફરાર પુષ્કળ માલ અને વસ્તુઓ ઊંટો ઉપર લાદીને પોતાની પુત્રીની મુક્તિ માટે મદીના રવાના થયો, હજુ સુધી તેની જાણમાં આ વાત આવી ન હતી કે હઝરત જુવૈરિયા રદિ. રસૂલુલ્લાહ સ.અ.વ.ના નિકાહમાં આવી ગયાં છે. જ્યારે તે અતીક મુકામે પહોંચ્યો ત્યારે બે ઊંટ જેમને તે ખૂબ પસંદ કરતો હતો, તેમને અતીકના ડુંગરોમાં સંતાડી દીધાં કે પાછા ફરતી વખતે લેતો જઇશ નહીંતર ક્યાંક આ પુત્રીને મુક્ત કરાવવાના ચક્કરમાં હાથમાંથી જતા ન રહે. મદીના પહોંચીને જ્યારે તે નબી સ.અ.વ. સમક્ષ હાજર થયો અને કહ્યું:

"આપ મારી પુત્રીને કેદ કરીને લાવ્યાં છો તેનો ફિદયો (મુક્તિદંડ) મારી પાસેથી લઈ લો અને તેને મારી સાથે કરી દો."

પછી જે માલ અને વસ્તુઓ ફિદયામાં આપવા માટે લાવ્યો હતો તે પ્રસ્તુત કર્યાં. નબી સ.અ.વ.એ તરત જ કહ્યું "એ બે ઊંટ ક્યાં છે જે તમે અતીકના ડુંગરોમાં સંતાડી આવ્યા છો?"

હારિસ સ્તબ્ધ થઈ ગયો અને તરત જ મુસલમાન થઈ ગયો. હવે તેને ખબર પડી કે જે પુત્રીને છોડાવવા માટે તેણે આટલી મહેનત કરી અને માલ લઈને આવ્યો છે તે તો ઉમ્મુલ મુ'મિનીન બની ચૂકી છે. એ પછી તે ઉમ્મુલ મુ'મિનીન સમક્ષ હાજર થયો અને મળીને રાજીખુશીથી પોતાની કોમ પાસે રવાના થઈ ગયો. બનૂ મુસ્તલિકના તમામ કેદીઓની મુક્તિ હઝરત જુવૈરિયા રદિ.ની મહેર હતી.

હઝરત જુવૈરિયા રદિ. જે વખતે નબી સ.અ.વ.ના નિકાહમાં આવ્યા ત્યારે તેમની ઉંમર વીસ અને પચ્ચીસ વરસ વચ્ચે હતી અને તે ખૂબ જ રૂપવાન હતાં. આ નિકાહની બરકતથી જે કેદીઓ મુક્ત કરવામાં આવ્યા હતાં તેમની સંખ્યા ૧૦૦ કરતાં વધારે હતી. ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા રદિ. કહેતા હતા:

"જુવૈરિયા રદિ.નો નિકાહ તેમની કોમ માટે અત્યંત ખૈર વ બરકતનું કારણ બન્યો. સમગ્ર કોમ ગુલામીમાંથી નીકળીને એ જ દિવસે આઝાદ થઈ ગઈ. તેમનામાંથી ઘણાં આઝાદ થયા. હું કોઈ એવી મહિલાને જાણતી નથી જે પોતાની કોમ માટે આટલી બધી બરકતવંતી સાબિત થઈ હોય."

હઝરત જુવૈરિયા રદિ. એટલા રૂપાળા હતા કે હઝરત આઇશા રદિ.એ તેમના વિષે આ ટિપ્પણી કરી, "હઝરત જુવૈરિયા રદિ.માં મધુરતા અને સુંદરતા બન્ને ગુણ હતા જે તેમને જોતો પોતાના દિલમાં જગ્યા આપી દેતો."

તે ખૂબ જ સ્વમાની હતા અને સ્વમાનનું બહુ જ ધ્યાન રાખતા હતા. આનો અંદાજ તેમની પોતાની આઝાદીની કોશિશ ઉપરથી પણ થઈ શકે છે. તે ખૂબ જ દિલેર અને ઈસ્લામ સાથે પ્રેમ ધરાવનાર મહિલા હતા. યર્મૂકની લડાઈ જે હઝરત ઉમર રદિ.ના ખિલાફતના જમાનામાં લડવામાં આવી હતી તેમાં અન્ય મહિલાઓની સાથે ઉમ્મુલ મુ'મિનીન હઝરત જુવૈરિયા રદિ.એ પણ ભાગ લીધો અને ખૂબ જ બહાદુરી અને દિલેરી સાથે દુશ્મનનો સામનો કર્યો.

હઝરત જુવૈરિયા રદિ. ખૂબ જ પરહેઝગાર અને ઈબાદતગુઝાર હતા. નમાઝ ઉપરાંત ઝિક્ર અને વઝીફાઓમાં પણ તેમનો ઘણો સમય વ્યતિત થતો. એક દિવસ સવારે નબી સ.અ.વ. હઝરત જુવૈરિયા રદિ. પાસે આવ્યા ત્યારે તે મસ્જિદમાં હતા. બપોરે જોયું તો એ જ મુસલ્લા ઉપર બેઠેલા હતા. આપ સ.અ.વ.એ પૂછ્યું,

"જુવૈરિયા, શું સવારથી અત્યાર સુધી આ જ મુસલ્લા ઉપર બેસી પઢી રહ્યા છો?"

હઝરત જુવૈરિયા રદિ.એ જવાબ આપ્યો, "હા જી."

હઝરત જુવૈરિયા રદિ.એ ઘણી હદીસો પણ રિવાયત કરી છે. એટલે ઉમ્મુલ મુ'મિનીન પોતે રિવાયત કરે છે કે એક વખત નબી સ.અ.વ. જુમુઆના દિવસે તેમના ઓરડામાં આવ્યા, તે એ દિવસે રોઝાથી હતા, નબી સ.અ.વ.એ કહ્યું :

"શું કાલે તમે રોઝો રાખ્યો હતો ?"

હઝરત જુવૈરિયા રદિ.એ કહ્યું, "ના."

નબી સ.અ.વ.એ કહ્યું : "શું તમે કાલે રોઝો રાખવા માગો છો ?"

તેમણે કહ્યું, "નહીં."

નબી સ.અ.વ.એ કહ્યું "રોઝો તોડી નાખો."

આ રિવાયત ઉપરથી બે વાતો જાહેર થાય છે. એક આ કે સામાન્ય મહિનાઓમાં એકાદ દિવસ માટે રોઝો રાખવો કોઈ સુન્નત નથી અને બીજી આ કે એક આજ્ઞાંકિત પત્ની માટે પતિનું આજ્ઞાપાલન કેટલી હદ સુધી જરૂરી છે.

નબી સ.અ.વ. હઝરત જુવૈરિયા રદિ.ને ખૂબ ચાહતા હતા. એક વખત તશરીફ લાવ્યાં તો પૂછ્યું, "કંઈ ખાવા માટે છે ?"

હઝરત જુવૈરિયા રદિ.એ જવાબ આપ્યો. મારી નોકરાણીએ સદકાનું માંસ આપ્યું હતું તે જ રાખ્યું છે, આના સિવાય બીજું કંઈ નથી."

નબી સ.અ.વ. કહ્યું : "તે જ લઈ આવો. કેમ કે સદકો જેને આપવામાં આવ્યો હતો તેને પહોંચી ચૂક્યો છે."

આ રિવાયત ઉપરથી આ વાત જાણવા મળે છે કે આજના જમાનામાં ઘણાં બિનજરૂરી બંધનો લાગુ કરી દેવામાં આવ્યા છે કે જે સદકો આપે તેના સગાં સદકો નથી ખાઈ શકતાં વિગેરે. આ વાતો ખોટી છે. નબી સ.અ.વ.ની સુન્નતે આ વાતોને નકારી દીધી છે.

હઝરત જુવૈરિયા રદિ. અમીર મુઆવિયા રદિ.ના ખિલાફતના જમાનામાં હિ.સ.૫૬માં અવસાન પામ્યાં. એ વખતે તેમની ઉંમર ૭૦ વરસ જેટલી હતી. મર્વાન બિન હકમ જે એ જમાનામાં મદીનાનો ગવર્નર હતો, તેણે જનાઝાની નમાઝ પઢાવી. જન્નતુલ બકીઅમાં દફન છે. તે ખૂબ જ વિદ્વાન અને બાકમાલ મહિલા હતા.

ઉમ્મુલ મુ'મિનીન
હઝરત ઉમ્મે હબીબા
(રદિયલ્લાહુતઆલા અન્હા)

હઝરત ઉમ્મે હબીબા રદિ. ઇસ્લામના ઇતિહાસની એ ગણીગાઠી ચુનંદી મહિલાઓમાંથી છે જેમણે સમાજ, કુટુંબ, પિતા અને ભાઈના સખત વિરોધ છતાં ઇસ્લામ કબૂલ કર્યો અને મરતા દમ સુધી તેની ઉપર કાયમ રહ્યા. તે એ મુસલમાનોમાંથી છે જેમણે ઇસ્લામની હબ્શાની પહેલી હિજરત કરી. તેમનો બાપ કુરૈશ કાફિરોનો સરદાર અને ફત્હે મક્કાની પહેલાં નબી સ.અ.વ.નો કટ્ટર દુશ્મન અબૂ સુફ્યાન હતો. તેમના ભાઈ અમીર મુઆવિયા રદિ. હતા. જ્યારે નબી સ.અ.વ.એ ઇસ્લામના પ્રચાર અને પ્રસારનું કામ શરૂ કર્યું ત્યારે તે પોતાના પતિ ઉબૈદુલ્લાહ સાથે મુસલમાન થઈ ગયાં. કુરૈશ કાફિરો આપ સ.અ.વ.ની દુશ્મનીમાં એટલા અંધ બની ગયા હતા કે તેમણે એ મુસલમાનોને, કે જે તેમના પોતાના સગાં હતા, સખત પરેશાન કર્યાં. એટલા માટે જોરજુલમથી તંગ આવીને તે એક કાફલાની સાથે હિજરત કરીને હબ્શા જતા રહ્યા. અહીં પહોંચીને તેમના ઘરે એક પુત્રી જન્મી જેનું નામ હબીબા રાખવામાં આવ્યું, જેના નામ ઉપરથી તે ઉમ્મે હબીબા તરીકે ઓળખાયાં, જો કે તેમનું નામ રમ્લા હતું. પરંતુ તેમના નામની સરખામણીમાં તેમની કુન્નિયત ઉમ્મે હબીબા વધારે જાણીતી છે.

હબ્શા પહોંચીને પણ હઝરત ઉમ્મે હબીબા રદિ.ની મુશ્કેલીઓનો સિલસિલો ખતમ ન થયો. કેમ કે દેશ છોડી દીધા પછી તેમને પતિ દ્વારા ઇસ્લામ છોડી દેવાનો આઘાત પણ સહન કરવો પડ્યો. આના વિષે એક નવાઈજનક કિસ્સો પ્રચલિત છે. તે આ છે કે એ દિવસોમાં હઝરત ઉમ્મે હબીબા રદિ.એ

પોતાના પતિને સ્વપનામાં કદરૂપા અને ડરામણા રૂપમાં જોયો. તેનો ભયાનક ચહેરો જોઈને તે ખૂબ ગભરાઈ ગયાં, ડરી ગયાં અને મનમાં કહેવા લાગ્યાં કે નિઃશંક આની હાલત ખરાબ દેખાય છે. સવાર પડી તો ઉબૈદુલ્લાહે તેમને કહ્યું:

"ઉમ્મે હબીબા, મેં ધર્મની બાબતમાં ખૂબ વિચાર કર્યો. મને ખ્રિસ્તીમત સિવાય કોઈ ધર્મ દેખાતો નથી. જો કે હું મુસલમાન થઈ ગયેલો છું પરંતુ હું મારા ધર્મ તરફ પાછો વળું છું અને ફરીથી ખ્રિસ્તી થાઊં છું."

હઝરત ઉમ્મે હબીબા રદિ.એ સમજાવ્યાં, ઠપકો આપ્યો. પોતાનું સ્વપ્નું પણ વર્ણવ્યું પરંતુ તેના દિલ ઉપર તાળું લાગી ગયેલું હતું. તેની ઉપર કોઈ અસર ન થઈ અને તે ખ્રિસ્તી થઈ ગયો. તે ઇસ્લામ કબૂલ કર્યો તે પહેલાં પણ શરાબી હતો પરંતુ ઇસ્લામ છોડી દીધા પછી હવે ખૂબ પીવા માંડ્યો. ઉમ્મે હબીબા રદિ. તેના ઇસ્લામના ત્યાગ ઉપર તેનાથી અલગ થઈ જવા માટે વિચારી રહ્યા હતા કેમ કે કોઈ મુસલમાન સ્ત્રી કોઈ મુર્તદના નિકાહમાં રહી નથી શકતી. પતિની દારૂની લતે તેમને ઝડપથી ફેંસલા ઉપર પહોંચાડી દીધાં અને તલાક લઈ લીધી. આના થોડા જ દિવસ પછી ઉબૈદુલ્લાહ ખૂબ દારૂ પીવાના કારણે મરી ગયો.

તલાક પછી હઝરત ઉમ્મે હબીબા રદિ. હબ્શામાં સાવ એકલા રહી ગયાં. આટઆટલી મુસીબતો છતાં તેમની દૃઢતા, ઈમાન અને તેમના અકીદામાં રજમાત્ર પણ ફરક ન પડ્યો. તેમના ચારિત્ર્યનો અંદાજ આ વાત ઉપરથી પણ કરી શકાય છે કે તેમણે પતિથી અલગ થવાનું પસંદ કરી લીધું પરંતુ ઇસ્લામ છોડવાનો વિચાર સુદ્ધાં પણ ન કર્યો. ઇસ્લામની ખાતર હઝરત ઉમ્મે હબીબા રદિ.એ ભાઈ, બાપ અને કુટુંબ દ્વારા હડધુત કરવાને સહન કર્યું અને તેમના મહેણાંટોણાં સાંભળ્યાં. ઇસ્લામની જ ખાતર તેમણે વતન છોડીને પરદેશમાં રહેવાનું પસંદ કર્યું અને ઇસ્લામના જ કારણે તેમણે તલાક લીધી અને નિરાધાર થઈ ગયાં, પનાહ માટે કોઈ જગ્યા ન હતી અને નજીકના ભવિષ્યમાં કોઈ રસ્તો દેખાતો ન હતો. મુસલમાનો ઉપર કુરૈશના જુલમો વધી ગયા હતા અને તેમના માટે આખાયે અરબસ્તાનમાં ક્યાંય આશ્રયસ્થાન ન હતું. નબી સ.અ.વ.ને જ્યારે ઉમ્મે હબીબા રદિ.ની મુસીબતોના અહેવાલની ખબર પડી ત્યારે આપ સ.અ.વ.એ તેમની ઇસ્લામની સેવાઓ, તેમની તકલીફો અને

પરેશાનીઓને સામે રાખીને તેમના પ્રત્યે સહાનુભૂતિ અને હમદર્દીનો જે મોટામાં મોટો અને વધારેમાં વધારે અમલી રસ્તો હોઈ શકે તેમ હતો, તે અપનાવ્યો અને તેમને નિકાહનો પયગામ આપ્યો. નબી સ.અ.વ.એ અમ્ર બિન ઉમૈયા રદિ.ને એક પત્ર પોતાના તરફથી આપીને હબ્શાના રાજા નજ્જાશીની પાસે મોકલ્યાં કે તમે ઉમ્મે હબીબા રદિ. સાથે પોતાની વકાલતમાં મારો નિકાહ કરી દો અને મહેર પણ અદા કરી દો.

હઝરત ઉમ્મે હબીબા રદિ. આ નિંકાહનો અહેવાલ પોતે વર્ણવે છે :

"હું હબ્શામાં સાવ એકલી હતી અને એકાંતના કારણે ઘણી પરેશાન હતી. મારો પતિ ઉબૈદુલ્લાહ ખ્રિસ્તી થઈ ગયો હતો અને મેં પહેલાંથી જ અલગતા અપનાવી લીધી હતી. તેના અવસાન પછી થોડા દિવસ બાદ નજ્જાશીની નોકરાણી અબ્રહા મારી પાસે આવી અને કહ્યું કે રાજા સાહેબે મને તમારી પાસે મોકલી છે અને કહ્યું છે કે ખુદાના પયગમ્બર સ.અ.વ.એ મને પત્ર લખ્યો છે કે હું મારી વકાલતથી તેમનો નિકાહ તમારી સાથે કરી દઊં. આ સાંભળીને હું બેહદ ખુશ થઈ અને પોતાના હાથોના બે ચાંદીનાં કંગન અને ચાંદીની અંગૂઠીઓ અબ્રહાને આપી. અબ્રહાએ કહ્યું :

"રાજાએ આ પણ કહેવડાવ્યું છે કે તમે કોઈ એવો માણસ બતાવો જે પોતાનો વકાલતથી તમારો નિકાહ કરી શકે."

હઝરત ખાલિદ બિન સઈદ હબ્શામાં રહેતા હતા. મેં તેમને બોલાવી લીધાં. સાંજે નજ્જાશીએ હઝરત જાફર બિન અબી તાલિબ રદિ., ઉસ્માન બિન અફ્ફાન રદિ. (ઉસ્માન બિન અફફાન રદિ. ઝુન્નૂરૈન જે પછીથી મુસલમાનોના ત્રીજા ખલીફા બન્યાં હઝરત ઉમ્મે હબીબા રદિ.ના સગી ફોઈના દીકરા હતા) અને જે મુસલમાનો હબ્શામાં હતા, તેમને બોલાવી લીધાં. જ્યારે બધા આવી ગયાં ત્યારે તેણે ખુદાની પ્રશંસા પછી કહ્યું કે "રસૂલુલ્લાહ સ.અ.વ.એ મને પત્ર લખ્યો છે કે હું અબૂ સુફ્યાનની પુત્રી ઉમ્મે હબીબા રદિ.નો નિકાહ આપની સાથે કરી દઊં. રસૂલુલ્લાહ સ.અ.વ.એ જે વાતનો પયગામ મોકલ્યો છે મેં તેને કબૂલ કર્યો અને ઉમ્મે હબીબા રદિ.ની ચારસો દીનાર મહેર નક્કી કરી." આ કહીને હબ્શાના રાજાએ ચારસો દીનાર મૂકી દીધાં. પછી ખાલિદ બિન સઈદ ઊભા થયા અને ખુદાની પ્રશંસા પછી કહ્યું,

"મેં નબી સ.અ.વ.નો ફરમાન કબૂલ કર્યો જેનો આપે હુકમ કર્યો અને

મેં અબૂ સુફયાનની પુત્રી ઉમ્મે હબીબા રદિ.ને તેમની સાથે પરણાવી દીધાં."

ઈજાબ-વ-કુબૂલ પછી નજ્જાશીએ ચારસો દીનાર ખાલિદને આપી દીધાં અને તેમને મારી પાસે મોકલી દીધાં. નિકાહ પછી જ્યારે બધા જવા માંડ્યા ત્યારે નજ્જાશીએ તેમને રોક્યાં કે નબીઓની રીત આ છે કે વલીમાનું ભોજન કરાવવામાં આવે. એટલા માટે આપ લોકો જમીને જાઓ. આ કહીને તેણે ભોજન મગાવ્યું અને સૌને જમાડ્યાં. બીજા દિવસે અબ્રહા દાસી તેના તરફથી મારાં માટે પુષ્કળ મુશ્ક અને અંબર લાવી. પછી નજ્જાશીએ શર્જીલ બિન હસનાની સાથે મને વહાણમાં બેસાડી સલામતીપૂર્વક મદીના રવાના કરી દીધી."

જ્યારે ઉમ્મે હબીબા રદિ. મદીના આવી પહોંચ્યાં ત્યારે નબી સ.અ.વ. ખૈબરની લડાઈના મામલામાં ખૈબર તરફ ગયેલા હતા. નબી સ.અ.વ.નો આ નિકાહ હિ.સ.૬ની આખરમાં થયો. એ વખતે આપ સ.અ.વ.ની ઉંમર ૫૯ વર્ષની હતી અને ઉમ્મે હબીબા રદિ.૩૬ વરસના હતા, એટલે કે નબી સ.અ.વ. કરતાં ૨૩ વરસ નાના હતા.

અબૂ સુફ્યાન જે તેમના પિતા હતા તેમને જ્યારે ખબર પડી કે હઝરત ઉમ્મે હબીબા રદિ.નો નિકાહ નબી સ.અ.વ. સાથે થઈ ગયો છે તો તે નબી સ.અ.વ.નો મોટા દુશ્મન હોવા છતાં તેના મુખેથી આ શબ્દો નીકળ્યાં,

"તે એક એવો બહાદુર છે જેની ઇજ્જત ઉપર કોઈ પણ પ્રકારનું કલંક નથી."

આ નિકાહથી આ વાત સાબિત થઈ ગઈ કે આપ સ.અ.વ. કુરૈશના વિરોધી ન હતા બલકે કુરૈશ સાથે આપની વૈચારિક લડાઈ હતી અને અકીદા ખાતર આપ પોતાનાં સગાં સાથે પણ લડવા માટે તૈયાર હતા અને જો આ મામલાને વ્યૂહાત્મક (strategically) દૃષ્ટિએ જોવામાં આવે તો આની સૌથી મોટી અસર આ છે કે અબૂ સુફ્યાનના વિરોધમાં ઘટાડો થઈ ગયો અને આ ઇસ્લામની પ્રગતિ માટે મામૂલી વાત નથી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે હબીબા રદિ.ને નબી સ.અ.વ. સાથે અનહદ પ્રેમ હતો. તેમના આ પ્રેમનો એક અજબ કિસ્સો ઇતિહાસમાં આવે છે કે હિ.સ.૮માં અબૂ સુફ્યાન મદીના આવ્યા. આવવાનું કારણ આ હતું કે કુરૈશે હુદૈબિયાની સંધિનો ભંગ કરીને બનૂ ખઝાઆ કબીલા સાથે લડાઈ કરી લીધી હતી. આ કબીલાની પણ નબી સ.અ.વ. સાથે સંધિ હતી. તેથી

મુસલમાનોએ વાંધો ઊઠાવ્યો. તો કુરૈશે અબૂ સુફ્યાનને રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે સંધિના નવીનીકરણ માટે મદીના મોકલ્યાં. તે સીધા પોતાની પુત્રી ઉમ્મે હબીબા રદિ. પાસે આવ્યા. તેમણે પિતાને ઘરમાં બોલાવ્યાં. પરંતુ જ્યારે તે નબી સ.અ.વ.ની પથારી ઉપર બેસવા લાગ્યાં તો હઝરત ઉમ્મે હબીબા રદિ.એ ગાદલો ઊઠાવીને મૂકી દીધો જેની ઉપર રસૂલુલ્લાહ સ.અ.વ.બેસતા હતા. અબૂ સુફ્યાનને પુત્રીનું આ કૃત્ય ઘણું ખરાબ લાગ્યું અને પૂછયું :

"શું તમે આ ગાદલો એટલા માટે ઊઠાવીને મૂકી દીધો છે કે હું તેની ઉપર ન બેસું?" તો આનો ઉમ્મે હબીબા રદિ.એ કહ્યું :

"જી હા, આપ મૂર્તિપૂજક છો એટલા માટે નાપાક છો અને આ ખુદાના પાક નબી સ.અ.વ.ના બેસવાનો ગાદલો છે."

આની ઉપર અબૂ સુફયાન બહુ ચિડાઈ ગયો અને કહેવા લાગ્યો : "તમે મારા પછી ઘણી ખરાબીઓમાં પડી ગયાં છો."

હઝરત ઉમ્મે હબીબા રદિ.નો રસૂલેખુદા સાથેનો પ્રેમ એટલી હદે વૃદ્ધિ પોમ્યો હતો કે એક વખત તેમણે નબી સ.અ.વ.ને કહ્યું : "હે અલ્લાહના રસૂલ ! આપ મારી બહેન સાથે નિકાહ કરી લો."

નબી સ.અ.વ.એ કહ્યું : "શું તમને આ પસંદ છે ?" તેમણે કહ્યું : "હા જી."

નબી સ.અ.વ.એ તેમની ખુશી પૂરી નથી કરી કેમ કે શરીઅતના કાયદાની રૂએ એક જ સમયે બે સગી બહેનો કોઈ એક પુરુષના નિકાહમાં નથી રહી શકતી અને આ ઉપરાંત આપ સ્વભાવિક રીતે અનેક લગ્નો કરવાનું વલણ પણ ધરાવતા ન હતા. નબી સ.અ.વ.એ જેટલાં પણ નિકાહ કર્યાં તે તમામ દીની અને રાજનૈતિક બેહતરીના કારણે કર્યાં હતા.

ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે હબીબા રદિ. એક ખૂબ જ બાઅમલ, પાક અને ખુદાથી ડરનાર મહિલા હતા. દીનની બાબતમાં નાનામાં નાની વાત માટે પણ ખૂબ સંવેદનશીલ હતા, પોતે અમલ કરતાં અને બીજાંને પણ અમલ કરવાની તાકીદ કરતા હતા. એક વખત તેમના ભાણિયા અબૂ સુફ્યાન ઈબ્ને સઈદ આવ્યા તો તેમણે સત્તૂ (જવ) ખાઇને કોગળો કર્યો. તેમણે કહ્યું :

"તમારે વુઝૂ કરવો જોઈએ કેમ કે નબી સ.અ.વ.એ કહ્યું છે કે જે વસ્તુને આગ પકાવે તેનો ઉપયોગ કર્યા પછી વુઝૂ જરૂરી છે."(૧)

૧.આ ઈજતિમાઈ હુકમ હતો.

હઝરત ઉમ્મે હબીબા રદિ.એ નબી સ.અ.વ. પાસેથી સાંભળ્યું હતું કે જે માણસ ૧૨ (બાર) રકઅત નફલ દરરોજ પઢશે તેના માટે જન્નતમાં ઘર બનાવવામાં આવશે. ત્યારબાદ તેમણે મરતા દમ સુધી તેનું ચુસ્તપણે પાલન કર્યું. તે તેની એટલી હદે પાબંદ હતા કે પોતે કહે છે :

"આ સાંભળ્યા પછી હું આ રકઅતો હંમેશાં પઢું છું."

ઈસ્લામની ઇંકિલાબી રૂહથી એટલી હદે વાકેફ હતા કે મૃત્યુ વખતે માતમ અને રોકકળ કરવાને ખૂબ જ ખરાબ માનતા હતા. તેમના પિતા અબૂ સુફ્યાનનું અવસાન થયું ત્યારે ખુશ્બૂ મગાવીને હાથ અને ગાલ ઉપર લગાવી અને આ અમલ દ્વારા આ સાબિત કર્યું કે મૃત્યુ વખતે જાહિલોની જેમ માતમ અને શોક કરવો ઈસ્લામની રૂહની વિરુદ્ધ છે. અને જ્યારે કે આપણે સૌને ખુદાની જ તરફ પાછા જવાનું છે, થોડા સમય પહેલાં કે પછી, તો પછી આ રોકકળ કેવી, માતમ શા માટે? તેમણે પિતાના અવસાન વખતે ખુશ્બૂ લગાવી પછી કહ્યું :

"મને આની ખબર પણ ન હોત જો મેં રસૂલુલ્લાહ સ.અ.વ.ને આ કહેતાં ન સાંભળી લીધા હોત કે

"ઈમાનવાળી સ્ત્રી માટે ત્રણ દિવસ કરતાં વધારે કોઈનો શોક જાઇઝ નથી સિવાય કે પતિ જેના શોકની મુદત ચાર મહિના દસ દિવસ છે."

નબી સ.અ.વ.ના અવસાન પછી આપ સળંગ મદીનામાં રહ્યા એટલે સુધી કે હિ.સ.૪૪માં ૭૪ વરસની ઉંમરે પોતાના ભાઈ હઝરત અમીર મુઆવિયા રદિ.ના ખિલાફત કાળમાં અવસાન પામ્યાં અને મદીનામાં દફન થયા. અવસાન પહેલાં હઝરત ઉમ્મે હબીબા રદિ.એ હઝરત આઈશા રદિ. અને હઝરત ઉમ્મે સલમા રદિ. (જે ઉમ્મહાતે મુસ્લિમીનમાંથી હજુ સુધી હયાત હતા) ને કહ્યું :

"શોક્યો વચ્ચે આપસમાં કડવી વાતો પણ થઈ જતી હોય છે, મારું કહ્યું-સાંભળ્યું માફ કરી દેજો અને મારા માટે મગફિરતની દુઆ કરજો."

બન્નેએ ખુશીથી માફ કરી દીધાં. હઝરત આઈશા રદિ.એ મગફિરતની દુઆ કરતી વખતે કહ્યું :

"આપે મને ખુશ કરી, અલ્લાહ આપને ખુશ કરે."

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે હબીબા રદિ. ખૂબ જ વિદ્વાન અને

ગુણસંપન્ન હતા. ઈસ્લામ સાથે બેહદ લગાવ હતો. હદીસશાસ્ત્રમાં તેમના અનેક વિદ્યાર્થીઓ હતા. તેમણે ૬૫ હદીસો રિવાયત કરી. ઈતિહાસમાં એક જગ્યાએ તેમની કબર વિષે એક અજબ રિવાયત જોવા મળે છે કે ઈમામ ઝૈનુલઆબિદીન રદિ.એ પોતાના મકાનનો ખૂણો ખોદાવડાવ્યો તો એક શિલાલેખ મળી આવ્યું જેની ઉપર લખ્યું હતું કે આ રમ્લા બિન્ને ઝઅરની કબર છે. આ જોઈને તેમણે શિલાલેખ ત્યાં જ મૂકી દીધો. આના ઉપરથી આ પણ સાબિત થઈ શકે છે કે તેમની કબર હઝરત અલી રદિ.ના ઘરમાં હતી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે હબીબા રદિ.નું સમગ્ર જીવન આ વાતની ગવાહી આપે છે કે તે એક ખૂબ જ મહાન અને પ્રતિષ્ઠાવાન મહિલા સહાબી હતા.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત સફિય્યા બિન્તે હય્ય

(રદિયલ્લાહુતઆલા અન્હા)

અરબસ્તાનમાં ગનીમતના માલનો એક ભાગ જે સૌથી મોટા સરદાર અથવા રાજા માટે અલગ કરી દેવામાં આવતો હતો તેને .... "સફિય્યા" કહેવામાં આવે છે. કેમ કે ખૈબરની લડાઈમાં રસૂલુલ્લાહ સ.અ.વ.ના આ પત્ની આવી જ રીતે આપના નિકાહમાં આવ્યા હતા એટલા માટે સફિય્યા તરીકે મશહૂર થઈ ગયાં. જોકે તેમનું નામ ઝૈનબ હતું. હઝરત સફિય્યા રદિ. ઈસ્લામ કબૂલ કરતા પહેલાં યહૂદી હતા અને તેમનો વંશવેલો યહૂદીઓના વિખ્યાત ખાનદાન બનૂ કુરૈઝાને મળીને હઝરત હારૂન અ.સ. સુધી જઈ મળે છે અને કેમ કે આ પયગમ્બરના વંશમાંથી હતા તેથી તેમના ખાનદાનને તમામ યહૂદીઓ ખાસ કરીને આરબ યહૂદીઓ સામાન્ય રીતે માન અને આદરની નજરથી જોતા હતા. હઝરત સફિય્યા રદિ.નો દાદાપક્ષ બની નઝીર અને માતૃપક્ષ બની કુરૈઝ હતો. અને બન્નેઉ બની ઈસ્રાઈલના તમામ આરબ કબીલાઓમાં ખૂબ જ પ્રતિષ્ઠિત માનવામાં આવતા હતા. તેમનો પહેલો નિકાહ વિખ્યાત કવિ સલામ બિન મુશ્કમ સાથે થયો પરંતુ પતિ પત્ની વચ્ચે મેળ ન પડ્યો અને તલાક થઈ ગઈ. પછી તેમના બીજા નિકાહ એક બીજા વિખ્યાત કવિ અને સરદાર કિનાના સાથે થયો. આ કિનાના ખૈબરના પ્રખ્યાત કિલ્લા અલકમૂસનો સરદાર હતો અને ત્યાં જ રહેતો હતો. જ્યારે ખૈબરની લડાઈમાં મુસલમાનોને વિજય મળ્યો અને અલકમૂસ જેવું મજબૂત ગઢ મુસલમાનોના હાથમાં આવી ગયું ત્યારે કિનાના કિલ્લામાં જ માર્યો ગયો અને તેના તમામ કુટુંબીજનો, જેમાં હઝરત સફિય્યા પણ હતા, કેદ પકડાયાં.

આ લડાઈ યહૂદીઓ માટે એટલી વિનાશક હતી કે તેના પછી યહૂદી મુસલમાનો

વિરુદ્ધ કોઈ નાની કે મોટી ચાલમાં સફળ ન થઈ શક્યાં કેમ કે આ લડાઈમાં તેમના પ્રતિષ્ઠિત સરદારો માર્યા ગયાં અને યહૂદીઓની આર્થિક, રાજકીય, લશ્કરી અને સંખ્યાની દૃષ્ટિએ હેસિયત ન હોવાને બરાબર રહી ગઈ.

આ જ માર્યા ગયેલાં સરદારોમાં હઝરત સફિય્યા રદિ.ના ભાઈ, પિતા અને પતિ પણ હતા એટલા જ માટે યુદ્ધ કેદીઓમાંથી ઉમ્મુલ મુ'મિનીન હઝરત સફિય્યા રદિ.ની હાલત સૌના કરતાં વધારે દયાપાત્ર હતી. લડાઈ સમાપ્ત થયે એ જમાનાના નિયમ મુજબ ગનીમતના માલ અને યુદ્ધકેદીઓને હઝરત મુહમ્મદ સ.અ.વ. સમક્ષ રજુ કરવામાં આવ્યા. હઝરત બિલાલ રદિ. હઝરત સફિય્યા રદિ. અને તેમની સંબંધીની એક બહેનને એ તરફ લઈ આવ્યા જ્યાં તેમના કબીલાના માર્યા ગયેલાં લોકો લોહીમાં લથબથ માટીમાં પડયા હતા. તેમના સ્થિર શરીરો અને ડરામણાં ચહેરા મનુષ્યના નશ્વર હોવાનો સબૂત આપી રહ્યા હતા. તેમાં એ પણ હતા જેમનાં ખોળામાં હઝરત સફિય્યા બિન્તે હય્ય રદિ. રમ્યા હતા. તેમાં એ પણ હતા કે જેમની નસોમાં એમના જ ખાનદાનનું લોહી દોડી રહયું હતું. ઉમ્મુલ મુ'મિનીન હઝરત સફિય્યા રદિ.એ પોતાના વડીલો અને સગાંનાં શબો જોતાં અને સિસકારા ભરતાં આવી ગયાં પરંતુ બીજી મહિલાઓ આ ભયાનક અને વિનાશક દૃશ્યને સહન ન કરી શકી અને બેકાબૂ થઈને ચીસાચીસ કરવા માંડી. હઝરત બિલાલ રદિ. જ્યારે આ બન્નેને લઈને નબી સ.અ.વ.પાસે પહોંચ્યાં ત્યારે હઝરત સફિય્યા રદિ. એક તરફ ગુમસુમ થઈને બેસી ગયાં પરંતુ બીજી મહિલાઓ રોક્કળ અને માતમ કરતી રહી અને છાતીઓ કૂટતી રહી. આ જોઇ નબી સ.અ.વ.એ કહ્યું :

"આને બીજી તરફ લઈ જાઓ. બિલાલ તમારા દિલમાં જરાય દયા નથી. આ મહિલાઓને એ તરફથી લાવ્યાં છો જ્યાં તેમના બાપ-ભાઈ ધૂળ અને લોહીમાં લથબથ પડ્યાં છે."

જ્યારે ગનીમતનો માલ અને યુદ્ધ કેદીઓની વહેંચણીનો સમય આવ્યો ત્યારે વહ્યા કલબી રદિ.એ નબી સ.અ.વ.ને વિનંતી કરી કે "મને એક મહિલા ગુલામની જરૂર છે." નબી સ.અ.વ.એ પસંદગી કરવાની પરવાનગી આપી દીધી. વહ્યા કલબી રદિ.એ હઝરત સફિય્યા રદિ.ને પસંદ કરી લીધાં. પરંતુ કેમ કે પ્રતિષ્ઠા અને માનની હેસિયતથી હઝરત વહ્યા રદિ. કરતાં તે વધારે સારા હતા એટલા માટે સહાબાએકિરામ રિઝ.એ આપ સ.અ.વ. સમક્ષ અરજ કરી કે,

"બનૂ નઝીર અને બનૂ કુરૈઝા જ કેમ કે સમસ્ત અરબસ્તાનમાં યહૂદીઓના

સૌથી મોટાં અને પ્રતિષ્ઠિત કબીલા હતા અને હઝરત સફિય્યા રદિ. બનૂ નઝીરના પ્રતિષ્ઠિત સરદાર અને એક મોટા બાપની દીકરી તથા બનૂ કુરૈઝાના સરદારની પત્ની છે." પછી વધુમાં કહ્યું : "ખાનદાની પ્રતિષ્ઠા અને આબરૂ તેમના ચહેરા ઉપરથી વ્યક્ત થાય છે એટલા માટે તે આપના સિવાય કોઈ બીજા માટે યોગ્ય નથી."

આ અભિપ્રાય ઉપર નબી સ.અ.વ.એ વહ્યા કલબીને એક બીજી ગુલામ મહિલા આપીને હઝરત સફિય્યા રદિ.ને આઝાદ કરી દીધાં અને પાછા લઈ લીધાં. તેમને આઝાદ કરીને આપ સ.અ.વ.એ તેમને આ અખત્યાર આપ્યો કે "ઈચ્છે તો પોતાના ઘરે ચાલ્યાં જાય અથવા પસંદ કરે તો આપ સ.અ.વ.ના નિકાહમાં આવી જાય."

ઉમ્મુલ મુ'મિનીન હઝરત જુવૈરિયા રદિ.ની સાથે નબી સ.અ.વ.નો નિકાહ કબીલા બનૂ મુસ્તલિકની સાથે બહેતર સંબંધો, મિત્રતા અને ઇસ્લામના વિસ્તાર અને વિકાસનું કારણ બન્યો હતો. એવી જ રીતે હઝરત ઉમ્મે હબીબા રદિ. જ્યારે નબી સ.અ.વ.ના નિકાહમાં આવ્યા ત્યારે તેમનો પિતા અને ઇસ્લામનો બહુ મોટો દુશ્મન અબૂ સુફ્યાનના વિરોધનું જોર તૂટી ગયું હતું. એટલા જ માટે આપનો અને સહાબીઓનો એવો ખ્યાલ થયો કે હઝરત સફિય્યા રદિ. જો પયગમ્બરે ઇસ્લામના નિકાહમાં આવી જાય તો યહૂદીઓના ઇસ્લામના વિરોધમાં ચોક્કસપણે કમી આવી શકે છે. પરંતુ નબી સ.અ.વ.એ ખૂબ બુદ્ધિ અને સમજદારીથી કામ લીધું અને તેમણે નિકાહના પ્રસ્તાવ પહેલાં હઝરત સફિય્યા રદિ.ને આઝાદ કરી દીધાં અને તેની સાથે જ તેમને પોતાના ઘરે જવાનો અખત્યાર પણ આપી દીધો. જો કે હઝરત સફિય્યા રદિ. એ વખતે યુદ્ધના કેદીઓમાંથી હતા અને તેમને કનીઝ-નોકરાણી તરીકે પણ રાખી શકાયા હોત.

પિતા અને પત્નીના માર્યા જવાથી અને કુટુંબની તબાહી અને બરબાદી પછી હઝરત સફિય્યા રદિ. બિલકુલ લાચારીની હાલતમાં મૂકાઈ ગયા હતા. તેમણે તબાહ થઈને ઘરે જવાની સરખામણીમાં નબી સ.અ.વ. સાથે નિકાહને વધારે પસંદ કર્યો. એમની મરજી જણાઈ ગયા પછી નબી સ.અ.વ.એ તેમની સાથે નિકાહ કરી લીધો. આ કિસ્સો હિ.સ.૭નો છે. નિકાહ પછી જ્યારે ખૈબરથી રવાનગી થઈ ત્યારે સુહબા મુકામે ઉરૂસીની રસમ અદા કરવામાં આવી અને ત્યાં જ વલીમાની દાવત પણ યોજવામાં આવી. સુહબાથી નીકળીને જવા માંડ્યા તો નબી સ.અ.વ.એ પોતાના ઊંટ ઉપર હઝરત સફિય્યા રદિ.ને બેસાડ્યાં અને પોતાના અબા વડે તેમની ઉપર

પડદો કર્યો કે જેથી લોકોને ખબર પડી જાય કે હઝરત સફિય્યા રદિ. પુનિત પત્નીઓમાં સામેલ થઈ ગયાં છે.

આ નિકાહનું પરિણામ એ આવ્યું કે યહૂદીઓ ફરી ક્યારેય કોઈ લડાઈમાં મુસલમાનો વિરુદ્ધ સામેલ ન થયા.

જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ. મદીના પહોંચ્યાં ત્યારે હઝરત સફિય્યા રદિ.ને હારિસ બિન નુઅ્માન રદિ.ના મકાનમાં ઊતારો આપ્યો જે આપ સ.અ.વ.ના વફાદાર સહાબી હતા. અલ્લાહતઆલાએ તેમને દોલત પણ આપી હતી અને તેને ખર્ચ કરવામાં તે પોતે બીજાંથી આગળ રહેતા હતા અને નબી સ.અ.વ.નું ધ્યાન રાખતા હતા. આમ આ જ મકાનમાં હઝરત ઝૈનબ બિન્તે હજશ રદિ., હઝરત હફ્સા રદિ., હઝરત આઇશા સિદ્દીકા રદિ. અને હઝરત જુવૈરિયા રદિ. બુરખો પહેરીને અન્સારની મહિલાઓની સાથે સફિય્યા રદિ.ની સુંદરતાની ખ્યાતિ સાંભળીને તેમને જોવા આવ્યા. જ્યારે જોઇને જવા માંડ્યા ત્યારે નબી સ.અ.વ. પણ પાછળ પાછળ આવ્યા અને હઝરત આઇશા રદિ. ને કહ્યું :

"આઇશા તમને કેવું લાગ્યું ?"

બોલ્યાં : "યહૂદણ છે."

આની ઉપર નબી સ.અ.વ.એ કહ્યું : "આવું ન કહો. તે તો મુસલમાન થઈ ગઈ છે અને તેનો ઇસ્લામ બહેતર છે."

આવનાર ઘટનાઓ હંમેશાં પોતાના આગમન પહેલાં પોતાના અસ્તિત્વના પડછાયા સમય ઉપર ફેલાવી દે છે અને ઘણી વખત એવું થયું છે કે કોઇએ એક વાત કહી અને પછી તે સાચી સાબિત થઈ ગઈ. આ કેફિયત જ્યારે ખુદાના પસંદ કરેલા બંદાઓ સામે આવે તો તેને ખુશખબર-બશારત પણ કહી શકાય છે. હઝરત સફિય્યા રદિ.ના ચહેરા ઉપર કેટલીક ઉપસેલી નિશાઓની હતી. એક વખત નબી સ.અ.વ.એ તેમને જોઈને પૂછયું કે "આ શાની નિશાનીઓ છે" તેમણે કહ્યું,

"મેં નાનપણમાં એક સ્વપ્ન જોયું હતું કે આકાશનો ચંદ્રમા તૂટીને મારા ખોળામાં આવી પડ્યો છે. આ સ્વપ્ન જ્યારે મેં મારા પિતાને સંભળાવ્યું તો મારા પિતાને સખત ગુસ્સો આવ્યો અને તેણે મારા મોં ઉપર જોરથી થપ્પડ મારી કે જેનાથી આંગળાંની નિશાનીઓ પડી ગઈ અને તેણે કહ્યું : શું તું પોતાની ડોક એટલે સુધી ઊંચી કરીશ કે અરબસ્તાનની રાણી બનીને દુનિયામાં મશહૂર થશે."

અને આ વાત પાછળથી સાચી પણ પડી. તે ઉમ્મુલ મુ'મિનીન બન્યાં અને

ખુદાએ તેમનો દરજ્જો બુલંદ કર્યો. તેમને ઇસ્લામ અને નબી સ.અ.વ.ની નિકટતા મળી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સફિય્યા રદિ. સ્વભાવે ખૂબ નરમ અને અત્યંત ધીરજવાન હતા. આ વાતનો અંદાજ ખૈબરની લડાઈ પછી હઝરત સફિય્યા રદિ. દ્વારા પોતાના ભાઈ અને પિતાનાં શબો પાસેથી પસાર થતી વખતે કરી શકાય છે. તે ઘણાં ગુણવાન, સાચાબોલા, ઉદાર દિલ અને ન્યાયપ્રિય હતા. કેટલીક પુનિત પત્નીઓએ જ્યારે પણ.તેમને કોઇ સખત વાત કહી ત્યારે તેમણે જવાબમાં ક્યારેય કોઈ એવી વાત ન કહી જેનાથી કોઈનું દિલ દુભાય.

હઝરત સફિય્યા રદિ. સત્યવાન હતા. એટલે જ્યારે તેમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો ત્યારે ખૂબ જ હૃદયપૂર્વક કર્યો અને ઇસ્લામ કબૂલી લીધા પછી યહૂદીપણાનું મહેણું તેમના માટે ખૂબ દુઃખ પહોંચાડનાર અને હતાશ કરનાર બનતું હતું. એક વખત હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઇશા સિદ્દીકા રદિ. અને હઝરત હફ્સા રદિ.એ તેમને યહૂદણ હોવાનું મહેણું માર્યું ત્યારે તેમણે એ બન્નેને સામો કોઈ જવાબ ન આપ્યો. નબી સ.અ.વ. જ્યારે આવ્યા ત્યારે તેમણે આપને કિસ્સો સંભળાવ્યો. નબી સ.અ.વ.એ કહ્યું :

"જો તેઓ કહે છે કે તે નબુવ્વતના ખાનદાનમાંથી છે તો તમે આ કેમ ન કહ્યું કે તમે મારાથી કેવી રીતે વધુ ઉચ્ચ હોઈ શકો છો કે મારો બાપ હારૂન અ.સ., મારા કાકા મૂસા અ.સ. અને મારા પતિ મુહમ્મદ છે."

આવી જ રીતે રસૂલુલ્લાહ સ.અ.વ.ના અવસાન પછી હઝરત ઉમર રદિ.ના ખિલાફતકાળમાં હઝરત સફિય્યા રદિ.ની દાસીએ હઝરત ઉમર રદિ.ને ફરિયાદ કરી અને કહ્યું કે,

"તેમની અંદર તો હજી પણ યહૂદીપણાની ગંધ જોવા મળે છે કેમ કે શનિવારને સારો માને છે. (હફતા એટલે કે શનિવારનો દિવસ યહૂદીઓને ત્યાં પવિત્ર માનવામાં આવે છે) અને યહૂદીઓ સાથે તેમના સંબંધો કાયમ છે."

હઝરત ઉમર રદિ.એ સચ્ચાઈ જાણવા માટે ઉમ્મુલ મુ'મિનીન સફિય્યા રદિ.ને પૂછયું તો તેમણે તેમને જવાબ આપ્યો:

"જ્યારથી અલ્લાહે મને શનિવારને બદલે શુક્રવાર અનાયત કર્યો તો મને શનિવારને ચાહવાની જરૂરત રહી નહીં. રહ્યા યહૂદીઓ સાથેનાં સંબંધો તો તેમની સાથે મારે સગપણના સંબંધો અને સિલારહમીનો ખ્યાલ રાખવો જ પડે છે."

આ જવાબ પછી હઝરત સફિય્યા રદિ.એ દાસીને બોલાવીને પૂછયું કે તમને આ વાત માટે કોણે તૈયાર કર્યા હતા, તો દાસીએ જવાબ આપ્યો "શેતાને." તો ઉમ્મુલ મુ'મિનીને કહ્યું: "જા મેં તને રાહેહકમાં આઝાદ કરી."

ઉમ્મુલ મુ'મિનીન નબી સ.અ.વ.ને બહુ જ ચાહતા હતા. જ્યારે આપ સ.અ.વ. ઉપર મરઝુલમૌત (મૃત્યુ વખતની બેહોશી)નો હુમલો થયો ત્યારે તમામ પત્નીઓ ખબર કાઢવા આવ્યા ત્યારે હઝરત સફિય્યા રદિ. અફસોસ સાથે કહેવા લાગ્યાં,

"હે અલ્લાહના નબી ! કદાચ આપની તમામ તકલીફો મને મળી જાય."

આ સાંભળીને તમામ પત્નીઓ એક બીજાની સામે જોવા માંડી. નબી સ.અ.વ.એ કહ્યું "વલ્લાહ (અલ્લાહની સોગંદ) ! તે સાચી છે."

રસૂલુલ્લાહ સ.અ.વ.ને પણ ઉમ્મુલ મુ'મિનીન હઝરત સફિય્યા રદિ. સાથે બેહદ પ્રેમ હતો કેમ કે તેઓ દરેક માણસ સાથે નરમી અને અખ્લાક સાથે વ્યવહાર કરતા હતા અને રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે સંબંધ ધરાવતા લોકો સાથે તો વિશેષરૂપે હંમેશાં પ્રેમપૂર્વક વર્તતા હતા. આપ સ.અ.વ. પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનો ઘણો જ ખ્યાલ રાખતા હતા. નબી સ.અ.વ. એક વખત પ્રવાસમાં હતા. પુનિત પત્નીઓ આપની સાથે હતા. સંજોગોવશાત હઝરત સફિય્યા રદિ.નો ઊંટ માંદો પડી ગયો. તે બહુ ગભરાઈ ગયાં. અને બેકાબૂ થઈને રડવા માંડ્યા. નબી સ.અ.વ.ને ખબર પડી તો જાતે ત્યાં ગયાં અને પોતાના મુબારક હાથથી તેમના આંસુ લૂછવા માંડયાં પરંતુ આવી રીતે તેમના રડવામાં ઓર વધારો થઈ ગયો. છેવટે નબી સ.અ.વ. સૌની સાથે ત્યાં જ રોકાઈ ગયાં. જ્યારે સાંજ પડી ત્યારે હઝરત ઝૈનબ બિન્તે હજશ રદિ.ને કહ્યું :

"ઝૈનબ, તમે સફિય્યાને એક ઊંટ આપી દો."

"શું હું આ યહૂદણને પોતાનો ઊંટ આપી દઉં ?"

હઝરત ઝૈનબ રદિ. ખૂબ સખી અને આબરૂદાર હતા પરંતુ કદાચ આ શોકયની ઈર્ષ્યા હતી અથવા સમયની વાત. આ વાત નબી સ.અ.વ.ને ઘણી નાપસંદ લાગી અને આપ એટલા નારાજ થયા કે બે ત્રણ મહિના સુધી હઝરત ઝૈનબ રદિ. સાથે વાત ન કરી. હઝરત ઝૈનબ રદિ.નું એ દિવસો વિષેનું વર્ણન છે:

"રસૂલુલ્લાહ સ.અ.વ.ની નારાજગીથી મને નાઉમ્મીદી જેવી થઈ ગઈ અને મેં પ્રતિજ્ઞા લીધી કે ભવિષ્યમાં ક્યારેય આવી વાત નહીં કહું."

પછી હઝરત આઇશા રદિ.એ માંડમાંડ હઝરત ઝૈનબ રદિ.ને માફી અપાવડાવી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સફિય્યા રદિ. અનહદ ઉદાર પણ હતા. આપનું માત્ર એક પોતાનું મકાન હતું અને તે પણ પોતાની હયાતીમાં સદકો કરી દીધું જ્યારે ઉમ્મુલ મુ'મિનીનની હેસિયતથી મદીના આવ્યા હતા. નબી સ.અ.વ.ના દીકરી સય્યદતુન્નિસા હઝરત ફાતિમતુઝ્ઝુહરા જ્યારે તેમને મળવા આવ્યા ત્યારે પોતાના કાનના ઝૂમખાં જે ઘણાં કીંમતી હતા ઊતારીને આપી દીધાં અને આવી જ રીતે બીજી પુનિત પત્નીઓને પણ કોઈને કોઈ ઘરેણું આપ્યું.

હઝરત સફિય્યા રદિ. રસૂલુલ્લાહ સ.અ.વ.ની નાની નાની વાતોનો કેટલો ખ્યાલ રાખતા હતા તેનો અંદાજ આ કિસ્સા ઉપરથી થઈ શકે છે. હઝરત આઇશા રદિ. કહે છેઃ "રસૂલેખુદા સ.અ.વ. કોઈ વાત ઉપર એક દિવસ હઝરત સફિય્યા રદિ.થી નારાજ થઈ ગયાં તો તે એટલાં પરેશાન થઈ ગયાં કે તેમણે મને કહ્યું કે રસૂલુલ્લાહ સ.અ.વ.ને ખુશ કરી દો તો હું તમને મારા વારાનો દિવસ આપી દઈશ."

તેમણે હા પાડી દીધી અને એક દુપટ્ટો જે કેસરમાં રંગેલો હતો તેની ઉપર પાણી છાંટ્યું કે જેથી તેની સુગંધ પ્રસરી જાય અને પછી આ દુપટ્ટો ઓઢીને નબી સ.અ.વ. પાસે જઈ બેઠાં. આપ સ.અ.વ.એ કહ્યું, "આઇશા, આ દિવસ તમારો નથી."

તો આઇશા રદિ.એ કહ્યું : "આ અલ્લાહની કૃપા છે જેને ચાહે એનાયત કરે."

પછી તમામ કિસ્સો સંભળાવ્યો અને આવી રીતે આપ સ.અ.વ.ની નારાજગી હઝરત સફિય્યા રદિ.થી દૂર થઈ ગઈ.

હઝરત સફિય્યા રદિ. ખૂબ જ બુદ્ધિશાળી અને સહનશીલ હતા. તે બીજી પત્નીઓની જેમ ઇલ્મી ગુણોના ભંડાર પણ હતા. ઘણાં લોકો એમને મસાઈલ અંગે પૂછતાં અને સંતોષ પામતાં. સહીરા બિન્તે જૈફર જ્યારે હજ્જ કરીને હઝરત સફિય્યા રદિ.ને મળવા મદીના આવ્યા ત્યારે જોયું કે કૂફાની મહિલાઓ મસાઇલ પૂછવા માટે તેમની પાસે બેઠેલી હતી અને તે બધાંનાં સવાલોનો જવાબ ઘણી ખૂબીપૂર્વક આપી રહ્યા હતા.

જેવી રીતે બીજી પત્નીઓ સાથે કોઈને કોઈ કિસ્સો જોડાયેલો છે, જેનાથી તેમનું મહત્ત્વ અને તેમના દ્વારા આવનારી પેઢીઓની તાલીમના કામનો અંદાજ

આવી શકે છે, એવી જ રીતે હઝરત સફિય્યા રદિ. વિષે પણ બે કિસ્સા રસૂલુલ્લાહ સ.અ.વ.નાં ખૂબ પ્રખ્યાત છે. પહેલો કિસ્સો હઝરત સફિય્યા રદિ.એ પોતે વર્ણવ્યો છે કે એક દિવસ તે નબી સ.અ.વ. પાસે આવ્યા ત્યારે રમઝાનના છેલ્લા દસકામાં એ'તિકાફમાં બેઠેલા હતા. જયારે તે જવા માંડ્યા ત્યારે નબી સ.અ.વ. પોતે ઊઠીને તેમને મૂકવા માટે આવ્યા એટલે સુધી કે જયારે આપ મસ્જિદના દરવાજાની નજીક પહોંચ્યાં ત્યારે એ તરફથી બે અનસારી પસાર થઈ રહ્યા હતા. તેમણે આપ સ.અ.વ.ને સલામ કર્યો અને ચાલવા માંડ્યા. તેમને આપ સ.અ.વ. કહ્યું : "થોભો, આ મારી પત્ની છે." (એટલે કે કોઈ બીજી સ્ત્રી નથી.)

તેમણે જવાબમાં કહ્યું : "સુબ્હાનલ્લાહ ! હે અલ્લાહના રસૂલ સ.અ.વ., શું અમે આપના તરફથી કોઈ ગુમાન પણ કરી શકીએ છીએ." તો આપ સ.અ.વ.કહ્યું:

"શેતાન માણસના શરીરમાં લોહીની જેમ દોડતો ફરે છે અને મેં એ જ કારણે કહ્યું કે તે તમારા દિલમાં કોઈ શંકા ન નાખી દે."

આ એક કિસ્સામાં જ કેટલાય સામાજિક મસાઈલ તરફ ઇશારો મોજૂદ છે. બીજો કિસ્સો એવો છે કે નબી સ.અ.વ. એક વખત હઝરત સફિય્યા રદિ.ની સાથે ઊંટ ઉપર જઈ રહ્યા હતા કે ઊંટનો પગ લપસ્યો અને નબી સ.અ.વ. અને હઝરત સફિય્યા રદિ. પડી ગયાં. હઝરત અબૂ તલ્હા રદિ. આપ સ.અ.વ.ને ઊઠાવવા માટે દોડ્યાં ત્યારે આપ સ.અ.વ.એ કહ્યું : પહેલાં મહિલાની ખબર લો."

આ કિસ્સા ઉપરથી સ્પષ્ટ થાય છે કે નબી સ.અ.વ.ની નજરમાં મહિલાઓની કેટલી કદર હતી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સફિય્યા રદિ. ખૂબ જ હમદર્દ મહિલા હતા. હિ.સ.૩૫માં જ્યારે ત્રીજા ખલીફા હઝરત ઉસ્માનગની રદિ.ના મકાનને બાગીઓએ ઘેરી લીધો અને તેમના મકાન ઉપર પહેરો બેસાડી દીધો ત્યારે હઝરત સફિય્યા રદિ. રહી ન શક્યાં અને હઝરત ઉસ્માન રદિ.ની મદદ કરવા માટે એક ગુલામને સાથે લઈ ખચ્ચર ઉપર બેસીને તેમના મકાન તરફ ચાલ્યાં. અશ્તર જે એક બાગી હતો તેણે ગુલામને જોઇને ઓળખી લીધાં અને આવીને ખચ્ચરને મારવા માંડ્યો. હઝરત સફિય્યા રદિ.એ કહ્યું કે "મને અપમાનિત ન કરો, હું પાછી જતી રહું છું." પછી પાછા આવીને હઝરત હસન બિન અલી રદિ.ના હાથે જમવાનું ત્રીજા ખલીફાને મોકલ્યું.

હઝરત સફિય્યા રદિ. ઘણાં સુંદર અને સફળ મહિલા હતા. હઝરત આઇશા

રદિ. કહે છે કે "મેં કોઈ સ્ત્રી સફિય્યા રદિ. જેટલી સારી રસોઈ બનાવનાર નથી જોઈ."

હઝરત સફિય્યા રદિ.એ કેટલીક હદીસો પણ રિવાયત કરી છે.

હિ.સ.૫૦માં જ્યારે તેમની ઉંમર ૬૦ વરસ હતી ત્યારે અવસાન પામ્યાં. જન્નતુલ બકીઅમાં દફન થયા. વારસામાં એક લાખ દિર્હમ છોડી ગયાં. અવસાન પહેલાં તેમણે વસિય્યત કરી હતીઃ "વારસાનો ત્રીજો હિસ્સો મારા ભાઈના દીકરાને આપવામાં આવે."

કેમ કે તેમનો ભત્રીજો યહૂદી હતો. આની ઉપર જ્યારે લોકોએ વસિય્યત ઉપર આનાકાની કરી ત્યારે હઝરત આઈશા રદિ.એ કહેવડાવ્યું કે : "લોકો, અલ્લાહથી ડરો અને સફિય્યા રદિ.ની વસિય્યત પૂરી કરી દો."

ત્યારે એ વસિય્યત ઉપર અમલ થયો. પરંતુ આ ટૂંકી મુદતમાં તેમણે પોતાને ઈસ્લામ અને સુન્નતે નબવીના સાંચામાં એવી રીતે ઢાળી લીધા હતા કે નબી સ.અ.વ.ના અવસાનના ૪૦ વરસ સુધી તેમનું ચારિત્ર્ય આદર્શ, ઈર્ષ્યાને લાયક અને બીજાંના માટે હંમેશાં નમૂનો બનેલું રહયું.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત મૈમૂના બિન્તે હારિસ

(રદિયલ્લાહુતઆલા અન્હા)

હઝરત મૈમૂના રદિ. નબી સ.અ.વ.ના આખરી પત્ની હતા. આ કબીલા બનૂ હિલાલિયામાંથી હતા. આ જ કબીલામાંથી આપ સ.અ.વ.ની એક બીજી પત્ની હઝરત ઝૈનબ (ઉમ્મે મસાકિન) રદિ. પણ હતા. હઝરત મૈમૂના રદિ.નું પહેલું નામ "બર્રહ" હતું જેને નબી સ.અ.વ.એ બદલીને મૈમૂના કરી નાખ્યું. તેમના પિતા હારિસ બિન હઝન બનૂ હિલાલના એક પ્રતિષ્ઠિત સરદાર હતા અને તેમની કુલ મળીને ૧૬ પુત્રીઓ હતી. હઝરત મૈમૂના રદિ.ની બહેનોમાંથી એક રસૂલુલ્લાહ સ.અ.વ.ના કાકા હઝરત અબ્બાસ રદિ.ના પત્ની હતા જેમનું નામ "ઉમ્મુલફઝલ" હતું. બીજી બહેન ઉમ્મે સલમા હઝરત હમ્ઝા રદિ.ના પત્ની હતા. લુબાબા હઝરત ખાલિદ બિન વલીદની માતા હતા અને એક બીજી બહેન અસ્મા હઝરત જાફર રદિ., હઝરત ઉમર ફારૂક રદિ. અને તેમના પછી હઝરત અલી રદિ.ના નિકાહમાં આવ્યા. આવી રીતે તેમાંથી મોટા ભાગની બહેનો ઈસ્લામના મુખ્ય ક્રાંતિકારી લોકોના નિકાહમાં હતી.

હઝરત મૈમૂના રદિ. રસૂલેખુદા સ.અ.વ.ના આખરી પત્ની હતા. આના પછી આપ સ.અ.વ.એ કોઈ નિકાહ ન કર્યો. હઝરત મૈમૂના રદિ.ની સાથે નબી સ.અ.વ.નો સંગાથ લગભગ ત્રણ વરસ રહ્યો. હઝરત મૈમૂના રદિ.નો સૌથી પહેલો નિકાહ મસૂઊદ બિન અમ્ર સાથે થયો, તેમનાથી તલાક થઈ ગયા પછી અબૂ રહમ બિન અબ્દુલ ઉઝ્ઝા સાથે નિકાહ થયો. જ્યારે અબૂ રહમનું હિ.સ.૭માં અવસાન થયું ત્યારે હઝરત અબ્બાસ રદિ.એ પોતે નબી સ.અ.વ.ને એમની સાથે નિકાહ કરવા માટે તૈયાર કર્યા. આમ નબી સ.અ.વ. જ્યારે ઝિલકઅદના મહિનામાં ઉમરહ કરવાના ઈરાદાથી મક્કા રવાના થયા ત્યારે જાફર બિન અબી તાલિબ રદિ.ને હઝરત મૈમૂના રદિ. પાસે નિકાહનો પયગામ

આપીને મોકલ્યાં. હઝરત મૈમૂના રદિ.એ પોતાના બનેવીની વાત ખૂબ શાંતિથી સાંભળી અને પોતાના એક બીજા બનેવી હઝરત અબ્બાસ રદિ. બિન અબ્દુલ મુત્તલિબને વકીલ બનાવ્યા અને આ બહુમાનને પ્રાપ્ત કરવા ઉપર તૈયારી દર્શાવી. આમ, નબી સ.અ.વ.એ ઉમરહ માટે જે એહરામ બાંધેલો હતો, એ જ હાલતમાં હિ.સ.૭ ના શવ્વાલ મહિનામાં પાંચસો દિર્હમના અવેજમાં હઝરત મૈમૂના રદિ. સાથે નિકાહ કર્યો. જ્યારે નબી સ.અ.વ. ઉમરહની વિધિ પતાવીને મદીના આવવા માંડ્યા ત્યારે સરફ મુકામે જે મદીનાના રસ્તામાં મક્કાથી ૧૦ માઇલના અંતરે આવેલું છે રોકાણ કર્યું. ત્યાં જ રસ્મે ઉરૂસી કરી અને નબી સ.અ.વ.એ વલીમા કર્યો.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત મૈમૂના રદિ.ના નિકાહ પછી તરત જ જે સૌથી મહત્ત્વની ઘટના ઘટી તે આ હતી કે તેમના ભત્રીજા હઝરત ખાલિદ બિન વલીદ રદિ. જે કુરૈશ કબીલાના એક પ્રતિષ્ઠિત માણસ હતા અને ભારે શૂરવીર, લડવૈયા અને નીડર સેનાપતિ હતા તેમણે ઇસ્લામ કબૂલ કરી લીધો. નિકાહ પછી જ્યારે હઝરત મૈમૂના રદિ. મદીના રવાના થયા ત્યારે તેના તરત પછી હઝરત ખાલિદ બિન વલીદ રદિ.એ કુરૈશને સંબોધન કરીને કહ્યું :

"હવે હું કુફ્રમાં વધુ રહી શકતો નથી." આમ, હઝરત મૈમૂના રદિ.ના લગ્નના પરિણામ સ્વરૂપે હઝરત ખાલિદ બિન વલીદ રદિ. જેવી શક્તિ ઇસ્લામના પક્ષમાં આવી ગઈ.

નિકાહ પછી હઝરત મૈમૂના રદિ.એ પોતાના જીવનને સતત રીતે ઇસ્લામના માળખામાં ઢાળવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. ઇસ્લામ વિષે તેમની સમજ સ્પષ્ટ અને સાચી હતી. સ્ત્રીઓમાં કેમ કે ઈમાનની કમજોરીના કારણે ઘણી અંધશ્રદ્ધાઓ પેદા થઈ જાય છે, જેમાંથી સૌથી મોટી કમજોરી, દરગાહ-મઝાર, પીરોના સ્થાનકો વિગેરે ઉપર માનતાઓ માગવાનું કામ છે અને બધી વાતો ઇસ્લામના નકારાત્મક શિર્કના દાયરામાં આવી જાય છે જે ઘણું મોટું કુફ્ર છે. એટલે ઉમ્મુલ મુ'મિનીને પોતાની સરખી ઉંમરની મહિલાઓને તાલીમ આપતી વખતે માનતાઓ વિગેરે માનવાની મનાઈ કરી. આ અંગેનો એક કિસ્સો ખૂબ પ્રખ્યાત છે કે એક વખત એક મહિલાએ પોતાની બીમારીમાં એવી માનતા માની કે જો તે સાજી થઈ ગઈ તો બયતલ મકદિસ જઈને નમાઝ અદા કરીશ. પછી જ્યારે ખુદાએ તંદુરસ્તી આપી દીધી ત્યારે તેણે માનતા પૂરી કરવાનો ઇરાદો કર્યો અને આ સિલસિલામાં હઝરત મૈમૂના રદિ.ની પાસે આવ્યા કે તેમને મળીને બયતલ મકદિસ રવાના થઈ શકે. આની ઉપર હઝરત મૈમૂના રદિ. ખૂબ જ નારાજ થયા અને એ મહિલાને કહ્યું કે માનતા

વિગેરેમાં કંઈ નથી. આનાથી સારૂં છે કે તે મસ્જિદે નબવીમાં જઈને નમાઝ પઢે જ્યાં નમાઝ પઢવાનો સવાબ સૌથી વધારે છે. આ કિસ્સા ઉપરથી અંદાજ આવે છે કે હઝરત મૈમૂના રદિ. ઇસ્લામના હાર્દથી કેટલી હદે વાકેફ હતા.

ઇસ્લામી હુકમોનું તે ખૂબ ધ્યાન રાખતાં હતા. એક વખત એક સગાવાળો તેમને ત્યાં આવ્યો જેના મોઢામાંથી શરાબની દુર્ગંધ આવી રહી હતી. તેમણે તેને સખતાઈથી ઠપકો આપ્યો અને તેની સાથે જીવનભર માટે સંબંધ કાપીને આ કહી દીધું કે હવે ક્યારેય મારા ઘરે ન આવતો. કદાચ આ જ ગુણોને જોઈને હઝરત આઇશા રદિ.એ તેમના વિષે કહ્યું હતું:

"મૈમૂના આપણાં બધામાં સૌથી વધારે ખુદાથી ડરનાર અને સગાંનો ખ્યાલ રાખનાર હતા."

હઝરત મૈમૂના રદિ. કોઈ વખત કરજ પણ લઈ લેતા હતા. એવું લાગે છે કે જાણે તે પોતાને વધારે તંગીમાં રાખતા ન હતા. એક વખત તેમણે વધારે કરજ લીધું તો કોઈએ પૂછયું કે આની ચૂકવણી કઈ રીતે થશે ત્યારે કહેવા માંડ્યાઃ

"નબી સ.અ.વ.એ કહ્યું છે કે જે માણસ કરજ ચૂકવવાની દાનત રાખે છે ખુદા તેનો કરજ પોતે ચૂકવી આપે છે."

આના ઉપરથી જાહેર થાય છે કે તે કરજ લેવામાં કોઈ બૂરાઈ માનતા ન હતા પરંતુ તેની ચૂકવણીને એક જરૂરી વાત માનતા હતા.

હઝરત મૈમૂના રદિ.ને ઇસ્લામના પ્રચાર અને પ્રસારનું કામ ખૂબ પ્રિય હતું. તેમણે ૪૬ અને કેટલાકના કથન પ્રમાણે ૭૬ હદીસો રિવાયત કરી છે. નાના-નાના મસાઇલ પૂછવા માટે લોકો તેમની પાસે આવતા હતા અને તે તેમના જવાબ આપતા હતા. ઉપખંડમાં સ્ત્રીઓને તેમના માસિક ધર્મના દિવસોમાં ભારે નાપાક અથવા મનહૂસ માનવામાં આવતી હતી. જો કે ખાસ શારીરિક ફેરફાર માનવીની કોઈ પ્રકૃતિને બદલી શકતા નથી. કેટલીક મહિલાઓ આ ખાસ દિવસોમાં ધાર્મિક પ્રવૃત્તિઓથી અલગ થઈ જાય છે અને દલીલ એવી આપે છે કે તે નાપાક હોવાથી કંઈ પણ કરવું યોગ્ય નથી. આ વહેમ કેમ કે એ દિવસોમાં પણ હતું એટલા માટે ઉમ્મુલ મુ'મિનીનનો એક મશહૂર કિસ્સો છે કે એક વખત હઝરત ઇબ્ને અબ્બાસ રદિ. વાળ ઓળ્યા વિના તેમના ઘરે આવ્યા તો તેમણે પૂછયું કે : "બેટા, તમારા વાળ વેરવિખેર કેમ છે?" તેમણે જવાબ આપ્યો : "મારી પત્ની સ્ત્રીઓની બીમારીમાં છે અને તે જ મારા વાળ ઓળતી હતી એટલા માટે મારા વાળ વિખરાયેલા છે."

આની સામે જવાબમાં ઉમ્મુલ મુ'મિનીન રદિ.એ કહ્યું :

"ઘણું સરસ ! નબી સ.અ.વ. તો અમારા માસિકના દિવસોમાં અમારા ખોળામાં માથું રાખીને સૂઈ જતા હતા અને કુર્આન પઢતા હતા અને અમે દિવસમાં ઘણી વખત નમાઝની ચટાઈઓ ઉપાડીને મસ્જિદમાં રાખતા હતા. બેટા, હાથમાં પણ ક્યાંક નાપાકી હોય છે ?"

આ નાનકડી ઘટનાને જો બોધ તરીકે લેવામાં આવે તો આપણા ઘરોમાં પેદા થનારાં નાના નાના વહેમોને એક ઝાટકે ખતમ કરી શકાય.

હઝરત મૈમૂના રદિ. નબી સ.અ.વ.ના અવસાન પછી ૪૧ વરસ જીવતા રહ્યા. હિ.સ.૫૧ માં તેમનું અવસાન થયું અને આ અજબ જોગાનુજોગ છે કે તેમનું અવસાન એ જ જગ્યાએ થયું જ્યાં તેમની નબી સ.અ.વ. સાથે પહેલી મુલાકાત થઈ હતી. એટલે કે સરફ મુકામે. હઝરત ઇબ્ને અબ્બાસ રદિ.એ તેમની જનાઝાની નમાઝ પઢાવી. જ્યારે તેમનો જનાઝો ઉઠાવવા માંડ્યા ત્યારે હઝરત ઇબ્ને અબ્બાસ રદિ.એ કહ્યું :

"જનાઝાને બહુ હલાવો નહીં. અદબ સાથે ધીમે ધીમે લઈ જાવ. આ રસૂલુલ્લાહ સ.અ.વ.ના પત્ની છે."

જેવી રીતે સૌની આખરમાં તેમનો નિકાહ થયો હતો એવી જ રીતે તેમનું અવસાન તમામ પુનિત પત્નીઓ પછી થયું. તે ખૂબ જ નેક અને હમદર્દ મહિલા હતા. ગુલામ પુરુષો અને સ્ત્રીઓને ઘણી વખત આઝાદ કરતા હતાં જેના માટે નબી સ.અ.વ.એ એક ગુલામ સ્ત્રીને આઝાદ કરવા બદલ તેમના વખાણ આ શબ્દોમાં કર્યા : "મૈમૂના ખુદા તમને આનો બદલો આપે."

હઝરત મૈમૂના રદિ.ના ઇલ્મ અને વિદ્વત્તાનો અંદાજ આના ઉપરથી લગાવી શકાય છે કે કુર્આનના તફસીરકર્તા હઝરત ઇબ્ને અબ્બાસ રદિ., જે તેમના ભાણિયા પણ હતા, તેમના દીની ઉલૂમમાં શિષ્ય હતા.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત રૈહાના બિન્તે શમૂઊન

(રદિયલ્લાહુતઆલા અન્હા)

હઝરત રૈહાના બિન્તે શમૂઊન રદિ.નો દરજ્જો ઉમ્મુલ મુ'મિનીન જેવો નથી કેમ કે તે ઇતિહાસકારોની નજીક હઝરત મારિયા કિબ્તિયા રદિ.ની જેમ નબી સ.અ.વ.ની કનીઝો-સેવિકાઓમાંથી હતા. કેટલાક ઇતિહાસકારો કે જેમાં ઇબ્ને સઅદ અને હાફિઝ ઇબ્ને હજર સામેલ છે, તેમણે આ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે હઝરત રૈહાના રદિ. પણ નબી સ.અ.વ.ના નિકાહમાં હતા. પરંતુ આ બધી રિવાયતો ઝઈફ છે. મોટાભાગના ઇતિહાસકારોની આ બાબતમાં સહમતી છે કે તેમને કનીઝની હેસિયતથી નબી સ.અ.વ.ની સેવા કરવાનું બહુમાન પ્રાપ્ત થયું.

નિઃશંકપણે ગુલામ અને કનીઝના ખાસ શબ્દ આપણા સમાજમાં રૂઢિચુસ્તતાની નિશાની છે અને રસૂલુલ્લાહ સ.અ.વ.એ વાણી અને વર્તન દ્વારા ગુલામ બનાવવા તેમજ કનીઝો રાખવાના કૃત્યને સખત નાપસંદ કર્યો છે અને તેમને આઝાદ કરવાનો વિશેષ આગ્રહ કર્યો છે પરંતુ કેમ કે સમાજમાં પરિવર્તન લાવવું વીજળીની સ્વીચ પાડવા જેવું નથી કે અહીં સ્વીચ પાડી અને ત્યાં ઓરડો પ્રકાશિત થઈ ગયો બલકે સમાજમાં મૂલ્યોનું પ્રરિવર્તન ધીમેધીમે અને તબક્કાવાર લાવવામાં આવે છે. અલ્લાહતઆલાએ નબી સ.અ.વ.ની નબુવ્વત પછી એક એલાનની સાથે જ આપ સ.અ.વ.ને આ હુકમ આપ્યો ન હતો કે તે લોકોને શરાબબંધી વિષે ખબર આપી દે બલકે પહેલાં સમાજના લોકોને તાલીમ આપવામાં આવી અને તે પછી શરાબબંધીના હુકમને લાગુ કરવામાં આવ્યો. આ જ સ્વાભાવિક અને ટકાઉ રીત છે. બળપૂર્વક લાગુ કરેલી વસ્તુઓ દબાણ દૂર થતા ખતમ થઈ જાય છે. ગુલામો અને કનીઝોની બાબતમાં નબી સ.અ.વ.ની સુન્નત-રીતનો અંદાજ આ વાત ઉપરથી લગાવી શકાય

છે કે આપ સ.અ.વ.એ પોતાના ગુલામ ઝૈદ બિન હારિસા રદિ.ને પોતાનો દત્તક પુત્ર બનાવેલો હતો અને આપ સ.અ.વ.નો પ્રેમ તેમની સાથે એટલી હદે વધારે હતો કે લોકો તેમને ઝૈદ બિન મુહમ્મદ કહેવા માંડ્યા હતા. એટલા માટે હઝરત રૈહાના બિન્તે શમ્ઊન રદિ.ના કનીઝ હોવા ઉપર આજના લોકોને આશ્ચર્ય જરૂર થશે પરંતુ એ જમાનાની પરિસ્થિતિને જોતા આ કોઈ નવાઈની વાત નથી અને આમેય એક રિવાયત મુજબ હઝરત રૈહાના રદિ.એ પોતે નબી સ.અ.વ.ના નિકાહમાં આવવાનું પસંદ ન કર્યું બલકે કહ્યું :

"મને કનીઝોમાં રહેવા દો, હું એ લાયક નથી કે મને પત્નીઓમાં સામેલ કરી શકાય."

હઝરત રૈહાના રદિ.નું નબી સ.અ.વ.ની સેવાની પાછળની વાત પણ હઝરત સફિય્યા રદિ. અને હઝરત જુવૈરિયા રદિ.ની વાત સાથે મળતી આવે છે. તેઓ બનૂ કુરૈઝાના સરદાર શમ્ઊન બિન ઝૈદની પુત્રી હતા. આ કબીલો બનૂ કુરૈઝા એ જ છે જેમનો મદીનાના મુસલમાનોના રાજ્ય સાથે આ સંધિ હતી કે બન્ને પક્ષો લડાઈ નહીં કરે અને હુમલો કરનારનો ભેગા મળીને મુકાબલો કરશે. પરંતુ સંધિ હોવા છતાં બનૂ કુરૈઝા કે જે યહૂદી હતા, મુસલમાનોની વિરુદ્ધ કાવતરાથી બાજ ન આવ્યા. તે અંદરખાને મક્કાના કાફિરો અને ઇસ્લામના વિરોધીઓની સાથે મળી ગયા અને તેમને મદીના ઉપર હુમલો કરવા માટે ઉશ્કેરવા માંડ્યા. આ વાત ઉપર મુસલમાનો અને બની કુરૈઝા વચ્ચે લડાઈ થઈ જેના પરિણામે બનૂ કુરૈઝાનો પરાજય થયો અને તેમની માલ-મિલ્કતો ઉપર મુસલમાનોનો કબજો થઈ ગયો. ગનીમતના માલ સાથે હઝરત રૈહાના રદિ. પણ સામેલ હતા. જયારે તેમને રસૂલુલ્લાહ સ.અ.વ. સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે આપને બતાવવામાં આવ્યું કે તેઓ એક સરદારની પુત્રી છે તો નબી સ.અ.વ.એ તેમની સામે ઇસ્લામ પ્રસ્તુત કર્યો અને તેમણે જવાબ આપ્યો કે: "મને મારી હાલત ઉપર છોડી દો."

નબી સ.અ.વ.ને આ જવાબ સારો ન લાગ્યો અને આપ ઊભા થઈ ગયાં. પછી એક દિવસ નબી સ.અ.વ. એક બેઠકમાં બેઠા હતા ત્યાં એક માણસના પગલાનો અવાજ સંભળાયો. આપ સ.અ.વ.એ કહ્યું : "આ સુઅ્લબા છે જે મને રૈહાનાના ઇસ્લામ સ્વીકારની ખબર આપવા આવી રહ્યો છે. પછી થયું પણ એમ જ. એટલે નબી સ.અ.વ.એ ફરમાવ્યું કે:

"જો તમે પસંદ કરો તો હું તમારી સાથે નિકાહ કરી લઉં અને જેવી રીતે બીજી

પત્નીઓ પરદામાં રહે છે તમે પણ પરદામાં રહો."

આના જવાબમાં હઝરત રૈહાના રદિ.એ કહ્યું : "મને કનીઝોમાં રહેવા દો, હું એ લાયક નથી કે પત્નીઓમાં સામેલ થઈ શકું."

આમ, તેમની આ જ હેસિયત પછી પણ રહી. એક રિવાયત આ પણ છે કે તેમને આઝાદ કરી દેવામાં આવ્યા હતા. તેમનું અવસાન રસૂલુલ્લાહ સ.અ.વ.ની હયાતીમાં જ હિ.સ.૧૦ માં એ વખતે થયું જ્યારે આપ હજ્જતુલ વિદાઅના સફરમાંથી મદીના પાછા આવ્યા.

ઉમ્મુલ મુ'મિનીન

હઝરત મારિયા કિબ્તિયા

(રદિયલ્લાહુતઆલા અન્હા)

મક્કાના કાફિરો સાથે હુદૈબિયાની સંધિ થઈ ગયા પછી કેટલાક સમય માટે કુરૈશનો મોરચો શાંત થઈ ગયો. જેની ઉપર નબી સ.અ.વ.ને સતત ધ્યાન આપવું પડ્યું અને લડાઈ કરવી પડતી હતી તેથી દસ દેશોના શાસકોને ઇસ્લામ કબૂલ કરવાના નિમંત્રણ પત્રો મોકલવામાં આવ્યા. આ જાણે કે ઇસ્લામના આંતરર્રાષ્ટ્રીય હોવાના અમલની શરૂઆત હતી. અરબસ્તાનની પાડોશમાં ચાર સામ્રાજ્યો ખૂબ જ મહત્ત્વના અને શક્તિશાળી હતાઃ

(૧) ફારસ (ઈરાન)	જ્યાં ખુસરૌ પરવેઝ શહેનશાહ હતો.
(૨) રોમ	જ્યાં હરિકૂલની હકૂમત હતી.
(૩) મિસ્ર	જ્યાં મકૂકસ બાદશાહ હતો.
(૪) હબ્શ	જેનો શહેનશાહ નજ્જાશી હતો.

મિસ્રના શહેનશાહ મકૂકસની પાસે હઝરત હાતિબ રદિ.ને પત્ર આપીને મોકલવામાં આવ્યા હતા (આ પત્ર સદીઓ પછી હવે શોધાયો છે અને સુરક્ષિત કરી લેવામાં આવ્યો છે). મકૂકસે આપ સ.અ.વ.ના પત્રના જવાબમાં પોતાના પત્રની સાથે સોનું, કપડા, મધ અને બે છોકરીઓ, મારિયા અને સીરીન, મોકલ્યા, જે આપસમાં સગી બહેનો હતી. મિસ્રના શહેનશાહે પોતાના પત્રમાં બીજી વાતો ઉપરાંત આ પણ લખ્યું હતું કે મિસ્રમાં આ છોકરીઓને ઘણી ઇજ્જતની નજરથી જોવામાં આવે છે. આમ, આના ઉપરથી આ જણાય છે કે આ સામાન્ય કનીઝો ન હતી બલકે શાહી કનીઝો હતી. તેમના પત્ર ઉપરથી આ પણ અંદાજ કરી શકાય છે કે તે એમ ઇચ્છતા હતા કે આ કનીઝો આમ લોકોને આપવામાં ન આવે. અને ઇસ્લામી કાનૂન

મુજબ બે સગી બહેનો એક વ્યક્તિના નિકાહમાં રહી શકતી ન હતી, તેથી આમાંથી સીરીનને નબી સ.અ.વ.એ અરબસ્તાનના વિખ્યાત જાણીતા કવિ હઝરત હિસ્સાન બિન સાબિત રદિ.ને આપી દીધા અને મારિયા કિબ્તિયા રદિ.ને પોતાની પાસે રહેવા દીધાં. તેમના નામની સાથે કિબ્તિયા એટલા માટે લગાડવામાં આવે છે કે મિસ્રના રહેવાસીઓને એ જમાનામાં કિબ્તી કહેતા હતા.

કેટલાંક ઈતિહાસકારોનું માનવું છે કે મારિયા રદિ. નબી સ.અ.વ.ની સેવામાં આવતા પહેલાં જ ઈસ્લામ કબૂલ કરી ચૂક્યા હતા અને કેટલાક એમ માને છે કે તેમણે મદીના પહોંચીને ઈસ્લામ કબૂલ કર્યો પરંતુ કેટલાંક ઈતિહાસકારોનો આ ખ્યાલ પણ છે કે મારિયા રદિ. દ્વારા ઈસ્લામ કબૂલ કરવાના કારણે જ નબી સ.અ.વ.એ તેમની સાથે નિકાહ કરી લીધો હતો. આમ છતાં મોટા ભાગના ઈતિહાસકારોએ એમની ગણના કનીઝોમાં જ કરી છે. આના ઉપરથી આ જ સાબિત થાય છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ મારિયા રદિ. સાથે નિકાહ કર્યો ન હતો.

હિ.સ.૮માં નબી સ.અ.વ.નો એક પુત્ર મારિયા રદિ.ના પેટે પેદા થયો જેનું નામ ઈબ્રાહીમ રાખવામાં આવ્યું. આ નબી સ.અ.વ.નું ત્રીજું નર સંતાન હતું. આની પહેલાં બે પુત્રો હઝરત ખદીજા રદિ.ના પેટે જન્મીને નાની ઉંમરમાં જ અવસાન પામી ગયા હતા. ઈબ્રાહીમના જન્મવાથી નબી સ.અ.વ.ને ઘણી ખુશી થઈ.

નબી સ.અ.વ.ને આ બાળક સાથે ખૂબ પ્રેમ હતો અને તેને ખોળામાં લઈને આપ ઘણાં ખુશ થતા હતા.

આ એક સ્વાભાવિક વાત હતી કેમ કે નબી સ.અ.વ. નબી હોવાની સાથોસાથ એક મનુષ્ય પણ હતા. એટલે મનુષ્ય હોવાનો તકાદો આપને બાળકને જોવા માટે દરરોજ મારિયા કિબ્તિયા રદિ.ના ઘરે લઈ જતો હતો જેમને મસ્જિદે નબવીથી દૂર એક મકાન આપી દેવામાં આવ્યું હતું. બીજી પુનિત પત્નીઓ જે પોતાની જાતને નબી સ.અ.વ.ની નિકાહવાળી હોવાના કારણે હઝરત મારિયા રદિ. કરતાં બહેતર માનતી હતી, આની ઉપર નારાજગી અનુભવતી હતી અને મારિયા કિબ્તિયા રદિ. પ્રત્યેની તેમની ઈર્ષ્યા સ્ત્રી સ્વભાવ મુજબની હતી. પરંતુ રસૂલુલ્લાહ સ.અ.વ.નું વર્તન, કાર્યશૈલી અને વ્યવહાર પોતાની પત્નીઓ સાથે સમાન હતો. અને કનીઝો પણ માનવતાના દરજ્જાથી નીચે ન હતી. કેમ કે નબી સ.અ.વ. આ દાખલો બેસાડી રહ્યા હતા કે ઈસ્લામી સમાજમાં કનીઝોની સાથે કેવો અને શું વ્યવહાર થશે.

હઝરત ઈબ્રાહીમ ૧૬ માસની ઉંમર પામીને અવસાન પામી ગયા. આપ

સ.અ.વ.ને આ ઘટનાનું ખૂબ દુઃખ થયું. આપ સ.અ.વ. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિ.ના ખભાને ટેકો દઈ પોતાના પુત્રને જોવા માટે ગયા ત્યારે બેકાબૂ આંખોમાંથી અશ્રુ ટપકવા માંડ્યા. કેટલાંક સહાબીઓ રદિ.ને આશ્ચર્ય થયું તો આપ સ.અ.વ. કહ્યું :

"આ માનવ સ્વભાવ છે. હું ચીસાચીસ કરવાની મનાઈ કરૂં છું, દુઃખની મનાઈ નથી કરતો."

નબી સ.અ.વ.ના આ એક વાક્યમાં આજના મુસલમાનો માટે મોટું માર્ગદર્શન છે. આપણે ત્યાં રિવાજ મુજબ મૃત્યુ વખતે ભેટી ભેટીને રડવું, માથું દીવાલો ઉપર પછાડવું, કપડા ફાડવા. બલકે ખુદાને ફરિયાદ સુદ્ધાં કરવી એક સામાન્ય વાત્ માનવામાં આવે છે, જો કે આમાં મોટો ગુનો છે. બીજી તરફ જરા પણ દુઃખ ન લગાડવું એ પણ અકુદરતી છે. બલકે આપણા સમાજમાં તો એટલી હદ સુધી દંભ ચાલ્યું આવે છે કે જો કોઈ પ્રિયજનના મૃત્યુ ઉપર સબ્ર રાખવાનો પ્રયત્ન કરે તો તેની ઉપર મહેણાં મારવામાં આવે છે કે (ફલાણાને તો દુઃખ જ નથી થયું. બસ મરનારની મોતની રાહ જોઈ રહ્યા હતા. અથવા બિચારાની મોત ઉપર કેવા અંદરથી ખુશ છે !) જાણે કે જો સમાજનાં રીતિ-રિવાજો ઉપર ચાલીએ તો દુઃખ પણ એક દેખાડાની વસ્તુ બનીને રહી ગઈ છે.

જે દિવસે હઝરત ઈબ્રાહીમ રદિ.નું અવસાન થયું હતું તે દિવસે સૂર્યગ્રહણ હતું. કમજોર ઈમાનના લોકોએ માન્યું કે ધરતી-આકાશ પયગમ્બરના પુત્રના અવસાન ઉપર રડી રહ્યા છે. નબી સ.અ.વ.એ તરત જ આ વાતનું ખંડન કર્યું અને કહ્યું કે :

"આવી વાત મોંમાંથી ન કાઢો. સૂર્ય, ચંદ્ર, કોઈના મરવા ઉપર ગ્રહણ પામતાં નથી."

પછી કહ્યું : "ખુદાને યાદ કરો અને નમાઝ પઢો."

આ વાતમાં પણ મોટું ડહાપણ (હિકમત), માર્ગદર્શન અને હિદાયત છૂપાયેલા છે. આપણા ઈમાન અને અકીદાઓ અત્યારે એટલી હદે બગડી ગયા છે કે મુસલમાનોમાં એવી હજારો પરંપરાઓ અને કહાનીઓ ફેલાઈ ગઈ છે કે ફલાણા પીર સાહેબના મરણ વખતે ફલાણો કિસ્સો બન્યો અથવા ફલાણા બુઝુર્ગની મોત વખતે અચાનક જોરદાર વાવાઝોડું આવ્યું. આવી તમામ વાતો ફાલતુ છે અને કમજોર ઈમાનની તરફ આંગળી ચીંધે છે. જે કોમની પાસે ઈમાનનું હથિયાર નથી હોતું તે હંમેશાં અંધશ્રદ્ધાઓનું બખ્તર પહેરી લે છે. આજકાલ મુસલમાન કોમ આવી

જ સ્થિતિમાં ફંસાયેલી છે.

હિ.સ.૧૦માં હઝરત ઇબ્રાહીમ રદિ.નું અવસાન થયું અને તેના થોડા મહિના પછી નબી સ.અ.વ.નું પણ અવસાન થઈ ગયું. નબી સ.અ.વ.ના અવસાનના ૫ વરસ પછી હઝરત મારિયા કિબ્તિયા રદિ.નું અવસાન થઈ ગયું અને એ સમયે અમીરૂલમુ'મિનીન હઝરત ઉમર ફારૂક રદિ.એ તેમના જનાઝાની નમાઝ પઢાવી.